શ્રી

વીઠ્ઠલનાથજીનો પરમ ભક્ત

દામાજી નૉવેલ.

[illegible]નાર.

માસ્તર પ્રભુલાલ મણીશંકર વ્યાસ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

વૈદ્ય વીઠ્ઠલદાસ નાહાનાભાઇ

માસ્તર પ્રભુલાલ મણીશંકર વ્યાસ.



પ્રત. ૫૦૦૦ આવૃત્તી ૧ લી.

શ્રી "પદ્મવિલાસ" પ્રી. પ્રેસ—ભરૂચ.

મુલ્ય ફક્ત બાર આના.

શ્રી.

વીઠ્ઠલનાથજીનો પરમ ભક્ત

દામાજી નૉવેલ.

બનાવનાર.

માસ્તર પ્રભુલાલ મણીશંકર વ્યાસ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

વૈદ વીઠ્ઠળદાસ નાહાનાભાઇ વડાપાડા-ભરૂચ.

માસ્તર પ્રભુલાલ મણિશંકર વ્યાસ. વેજલપોર

મહાલક્ષ્મીમાતા આગળ ભરૂચ

ભરૂચ.

શ્રી "પદ્મવિલાસ" પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી.

સંવત ૧૯૬૩   સને ૧૯૦૭

મુલ્ય ફક્ત બાર આના.

પ્રસ્તાવના.

૧૭૩૬૫

સુજ્ઞ પુરૂષો આ દામાજી નોવેલ નામનુ પુસ્તક દુઃખ રૂપી સંસારમાંથીતારનારૂછે શાથી કે દામાજીએ વીઠ્ઠલનાથજીની ભક્તી પોતાના સ્નેહ ભાવથી એક ચીતે એના ઉપર આસ્થા રાખી તેથી વીઠુબાનામોક્ષપદનેપામ્યાતો તેવીજ રીતેમનુષ્યો માત્ર પ્રભુ ભક્તી કરશે તો અવસ્ય સદ્ગતી પામશે એમાં સંદેહ નહી જેથી પરલોકમાં સુખનુ સાધન કેમ મળે તાદ્રસતે દેખાડી આપનાર થઇ શકે તેવું હોવાથી તેમજ હમણાના સુધરેલા જમાનાના સમયને અનુસરી દરેકને પુરૂષ અથવા બાનુઓ વાંચંશેકે તેનાં અંતઃકરણમાં શુદ્ધ બુધ્ધીનો પ્રકાશ થઇ શકે આ દુનીયામાં અતી ઉત્તમ સુખની વૃતી આપનાર થઈ પડશે.
વીઠુબાએ ભક્તીને વશ થઇ દામાજીના કેવાકેવા કામો કર્યાછે આસ્તીક અને આસ્તા ન રાખનારા મનુષ્યોને પણ ભક્તીપર આસ્તા ચોટી જ્ઞાન પ્રાપ્ત થયા શીવાય રહેશેજ નહી આવા પરમાત્માના લાડીલા ભકતોનું મને ચરીત્ર લખવાને પ્રભુએ મને સારી બુધ્ધી આપી મારો શ્રમ સફળ કર્યો તેથી પરમાત્માનો હું પાડ માનુછું અને એવા ભકતોનો મારા સાચા અંતઃકરણથી વારેઘડીએ નમસ્કાર કરૂંછું

આ ગ્રંથમાં તેમ લખાણમાં લખાણની તથા પ્રુફ સુધારવાની ખામી હોય તો મને માફી આપશો.

માસ્તર પ્રભુલાલ મણીશંકર વ્યાસ.



નામદાર માહારાણા શ્રી ૭ ભાવસિંહજી બાહાદુર
સ્વસ્થાન પોરબંદર

"Deshi Mitra" Press, Surat.

સવૈયા.

બર્ડાની શોભાછે ભારી પોરબંદરની પારી જ્યાંય
ખર્ડામાં બીલેશ્વર ઝંકા કરે બધાની એતો સાય
સ્ટેશનથી થોડું જાતાં આવે સુદામાનુ મંદીર
ઝાડ પાન ફુલનીરે શોભા લાગે આધેથી સુંદીર
થોડેક ત્યાંથી દુર જાતાંહજુર કોર્ટ આવેછે ત્યાં
ભુપ ભાવસિંહજી બીરાજો ન્યાંય આપવા તમેરે જ્યાં
અદલ ન્યાય આપો રૈયતને કરો હોંશથી એતો કામ
રાજકાજનુ કામ ચલાવી કીર્તી વધારી ગામો ગામ
રાજમહેલની શોભા ભારી નથી કેવાતી મુજથી
સીંહ વાઘને અનેક જાનવર કરે કીલકારી ત્યાંથીરે
તોપ પડે જયારે બાર વાગ્યાની ખબર પડે લોકોને ત્યાં
ઘડીઆળ વગરના માણસો બહુ ખુશી થાયછેરે જ્યાં
હુન્નરી જનના હુન્નર જોઇને આશરો આપોછોરે આપ
ગરીબ જનની દાદ સાંભળી કાપોછો એના સંતાપ
આપનુ હું તો પ્રભુ સમ ધ્યાન નીશદિન હું તો ધરૂ
દામાજી નાવેલ આપને ખુશીથી અર્પણ કરૂ

લી. સેવક.

માસ્તર પ્રભુલાલ મણીશંકર વ્યાસ-ભરૂચ.

શ્રી.

અર્પણ પત્રીકા.

નેકનામદાર પોરબંદરના મહારાણા.

ભાવસિંહજી બહાદુર

મુ. પોરબંદર.

પોરબંદરનીગાદી પરબિરાજ્યા પછી. ધર્મશાસ્ત્રનાં ધોરણપ રથી આપ જેજે નીયમો સરૂ કર્યા તે દરેક ગામોગામમાં અતી ઉત્તમ ગવાયછે. વળી આપ રાજકારભારમાં બહુ હોંશથી અને ખંતથી મહેનત લઇ રાજ્યને જેમ બને તેમ સારા પાયા ઉપર લાવવા આપનુ મન હરહમેશ દોરાયછે તે જોઇ હમારૂ મન બહુ ખુશી થાયછે હુ આપને આ દામાજી નોવેલ મારી અલ્પ બુધ્ધીથી બનાવેલ ગ્રન્થ અર્પણ કરી અતી ઊત્તમ આનંદ પામુંછું તો મુજ રંકની આ અલ્પભેટ સ્વિકારી કૃતાર્થ કરશોજી.

લી. સે. પ્રભુલાલ મણીશંકર.

શ્રી વીઠ્ઠલનાથજી.



  

વીઠુલ નાથજીનો પુર્ણ ભક્ત શિરોમણી.

દામાજી નામનો એક દક્ષિણી ભક્ત.

મંગળા ચરણ.

ચતુર્વિધા ભજંતે માંજના સુકૃતિ અર્જુન
આર્તો જજ્ઞાસુ સારથી જ્ઞાનિ ચ ભર્તષમ

શ્રી. ગી. ૧૬. શ્લોક.

હે અર્જુન હે ભરતર્ષભ એક કોઇ પ્રકારે સંસારથી દુઃખી બીજો જાણુવા ઇચ્છાવાળો ત્રીજો ધન ચ્હાનારો અને ચોથો જ્ઞાનિજન એવા ચાર પ્રકારના પુન્યવાન મુને ભજેછે.

વીઠલ નાથજીની પ્રાર્થના.

પંઢરપુર વીઠલ નાથજીનું ધામ
રૂક્ષમા ઇમા વરનું શરીર સામ

કંઠે કૌસ્તુભ મણીનોછે હાર
હસ્તે ચક્ર ધરે એતો વીશ્વાધાર
કેડે હાથ, મુગટમાથ, વીઠલનાથ,
ઘનસામ સામ સામ. પંઢર
બ્હેતીચંદ્ર ભાગા નીર્મળનીર
જે જન નહાય તેનું કરે પાવન શરીર
વીઠલ નાથના દર્શન કરવા જાય
પાપ જન્મો જન્મના દુર થાય
કરે સ્હાય, શંકટ જાય, મુક્તિ થાય,
એવુ નામ નામ નામ પંઢર

દામાજી ભક્ત શિરોમણીનો જન્મ પંઢરપુરમાં થયો હતો અને પુર્ણ વીઠલનાથજીનો ભક્ત હતો અને તે નાની વયમાં લક્ષમણરાવને ત્યાં મોટો થયો અને તેના કાકાએ એને પરણાવ્યો હતો.

દામાજી ભણવા ગણવામાં ઘણો હોંશીઆરને પ્રમાણીક માણશને એની બોલવાની લાવણ્યતા પણ સારી હતી ને તેમની પાડોસમાં એક વૃદ્ધ બ્રાહ્મણ રહેતા તેઓ શાસ્ત્રી તરીકે ઓળખાતા હતા અને તે શાસ્ત્રીની પ્રીતિ દામાજીની ઉપર સારી હતી અને તે શાસ્ત્રી પાઠ સાળામાં વીદ્યાર્થીઓને સં-

સફૂત અભ્યાસ કરાવતા હતા અને વીધ્યાર્થીઓને ભણુવામાં સારૂ લક્ષ આપતા હતાં,

સાધ્વી હર હમેશ દામાજીને સર્વ હકીકત પુછે. ત્યારે એક સમયને વખતે દમાજીએ કહ્યું કે મહારાજ અમારા દીવસ આમને આમ જવાના કે કાંઇ સારી સ્થીતિમાં આવવાના.

દામાજી—

પીતાશ્રી મહારાજ જુઓ એક પ્રશ્નજ મ્હારૂ
ધીકધીક આ સંસાર લાગે મુને બહુ અકારૂ.
ક્યા જન્મના પાપ મુનેરે આવા નડયાં
વર્ષ એકની માંય માબાપના દેહજ પડયા
કાકી મુજને બોલ ઘણેરા મારે ભારી
નીશદીન સહન કરી કોને જઇ કહું વીસ્તારી
કોઇ કોઇ વખતે દીન ભયંકર લાગે મુજને
અરે ઇશ ઓ હાય હવે હું કહું સુ તુજને
આવીજે માથે પડે તે સહન કરી લેવો વખ્ત
રંકને કોઇ વખ્તે પ્રભુ આપેછેરે તખ્ત

સાધ્વી મહારાજ હું માંહારા દીવસો જેમતેમ નિરગમન કરી મારા અભ્યાસમાં હું લક્ષ આપી બધી વાતો વીસારી દઉંછું ને હું વાંચવાના ગ્રંથો વાંચુછું પણ મારૂ મન પ્રેમ લક્ષણા ભક્તિ ઉંપર બહુ જાયછે, પ્રેમ ભક્તિવાળા ભક્ત

પ્રહલાદ થયા ને મીરાંબાઈ થયા ને વળી ધ્રુને શાક્ષાત પરમાત્મા તેને અવીચલ પદવી આપી તથા સુદામાજી એવા ભક્તના ભજનો ત્થા આખ્યાનો સાંભળી મારૂં મન પ્રેમલક્ષણા ભક્તિમાં લીન થઇ રહેછે, આખા વેદોના સારમાં પણ રામનામ એ સબ્દ ઉત્તમ છે અને પ્રેમ ભક્તિ એ શ્રેષ્ટછે આ પંઢરપુરમાં વીઠલનાથજીના દરશન કરવાને યાત્રા કરવા ઘણા માણસો આવેછે પણ હાલનાં વખ્ત નામદેવ જેવો ભકત આપણા પંઢરપુરમાં જોવામાં આવતો નથી.

શાસ્ત્રી—નામદેવ આજકાલ ભકતમાં શીરોમણી છે એટલા નામદેવજી ચાર પાંચ જણ લઇ વીઠલનાથજીનુ ભજન કરતા જાયછે.

નામદેવજી—

આ ખેલ જગતકા ખોટા
ગુરૂજી આ ખેલ જગતકા ખોટા
બડા વીઠલ નામકા સોટા
ગુરૂજીઆ ખેલ જગતમાં ખોટા

દામાજી—મહારાજ મ્હારી વીનંતી સાંભળો તો સારૂ.

નામદેવજી—કહો કેમ શું કહોછો?

દામાજી—આપ શીદ પધારોછો મહારાજ તેનો આપ પતિ ઉત્તર આપશો એવી મુને આશા છે.

નામદેવજી—ભાઇ ચંદ્રભાગા નદીના કીનારાપર યાત્રાળુમાં આજે પાંચ છ ભક્ત આવ્યા છે, તેના દરશન કરવા મ્હારો વીચાર થયોછે માટે હું જાઉછું.

દામાજી—મહારાજ મારી આવવાની ઇચ્છા થઇછે.

નામદેવજી—મારે કાંઇ ભાર ઉચકવો પડતો નથી માટે ચાલ અમે જે જોઇશું તે તું જોઇશ.

દામાજી—મહારાજ પેલા ભક્તરાજ કેવુ ઉત્તમ ભજન કરવા મંડી ગયાછે; અને ભક્તરાજનો ઝુંડો કેવો સોભા સમાન લાગેછે, આગલ પછવાડી હજારો માણસ ઊભા રહયા છે.

નામદેવજી—ભાઇ દામાજી, ભક્તિ એ બડી ચીજ ઇસકા ધન નહી બેસ્તા હે, ઇસકી મારામારી નથી કરવી પડતી જેની મરજીમાં આવે જે માણુસ કરે.

દામાજી—આપે કહયા તે વચન સત્યછે મહારાજ.

જે જે વીઠુબા રૂખમાઈ

મહારાજ વીઠુબા રૂખમાઇ

ચંદ્રભાગા નદી તીરે આવ્યા

દામાજી—વીઠુબા નામના શબ્દ સુણાવ્યા

નામદેવજી—મારા વહાલા ભકતો જે જે વીઠલ.

સુંદર ભક્ત—મહારાજ, જે જે વીઠલ નામદેવજી મહારાજ

પધારીએ અમને આપનાં દરશનનોં લાભ ઉત્તમ મળ્યો છે.

નામદેવજી—એતો મહાજ અરસ પરસ.

સુંદર ભક્ત—મહારાજ. આપ જ્યારે વીઠલ નાથનું ભજન કરોછો તે વખ્તે વીઠુબા મહારાજા આપની પછ વાડેને પછવાડે રહેછે, એવું મહારા સાંભળવામાં આવેછે.

નામદેવજી—એતો વીઠુબા જગતનું ભલુ ઇચ્છનારછે ને વળી જે જેના કૃત્ય પ્રમાણે સાક્ષાત વીઠુબા મન કામના પુર્ણ કરેછે.

સુંદર ભકત—ત્યારે આપ અમને યાત્રાળુને વીઠુબાના દરશન કરાવો.

નામદેવજી—જગતનુ પાલણ કર્તા વીઠુબા દીનદયાલછે સદા આપણે એને ભજીએ છીએ, એટલે આપણુને દરશન આપે કારણકે આપણે કોઇ શેઠને ત્યાં નોકરી કરતા હોઇએ તો તે પગાર આપેછે, માટે આપણે એના નામની નોકરી કરીએતો આપણી ધારેલી મુરાદ વીઠુબા પાર પાડે તેમા શી નવાઇ કારણકે ભકત આધીન ભગવાન માટે સૌ ભાઇઓએ તાલી પાડીને મોટેથી બોલો.

વીઠલ વીઠલ વીઠલ વીઠલ
તાલ ફીતાલમાં વીઠુલ
રૂખમાઇ ચા. વર એ વીઠલ
લજા રાખો ઇટવર વીઠલ

ભજન કરવા લાગ્યા કે સાક્ષાત વીઠુબા પુંડરીનાથ દોડતા દોડતા આવેછે, ને પગમા પીતાંબર અથડાયછે ચત્રુભુજ ને વળી મોર મુંગટ કંઠમાં કૌસ્તુભમણીના હાર ને હસ્તમાં ચક્ર ધર્યુંછે એવા વીઠુબાના ભક્તને ભક્તિના પ્રભાવે કરીને દરશન આપેછે ને પછી અન્તર ધ્યાન વીઠલનાથ થઇ જાયછે.

સુંદર ભક્ત—વાહ ભક્તરાજ તમારી નૌધા ભક્તિ જોઇ માફ મન ઘણું પ્રફુલીત થાયછે.

નામદેવજી—એતો સૌ સૌના પુર્વના સંસ્કાર પ્રમાણે બધું મળી આવેછે માટે મુને મેળાપ આપનો થયો તે માં આજ મારા રૂદયમાં હર્ષનો પાર રહ્યો નથી, હવે ભક્તરાજ રજા માગીએ છીએ (એટલે રજા લઇ તે વખતે સૌ અરસપરસ ભેટી કરીને રજા માગેછે ને સઉ સઉના આશ્રમમા જાયછે.)

દામાજી—મહારાજ, હું રજા માગુછું

નામદેવજી—ભાઇ દામાજી, આપણા પંઢરપુર પાસે ગામ બેદરપુરાછે ત્યાંનુ મોટો અધીકારી થઇશ ને તુ

સુખ રૂપે અધીકારીની આદી ભોગવીશ. ને તુને અંતે વીઠલનાથજી દરશન આપશે. અને ત્હારી મોક્ષ ગતી થશે.

દામાજી—આપ જેવા ભક્તરાજનો આર્શીવાદ! હવે હું જાઉં છું. (એમ કરીને જાયછે.)

શાસ્ત્રી—આટલી બધી તુને વાર કયા લાગી ને અત્યાર સુધી આપ કયાં હતા.

દામાજી—હું ચંદ્રભાગા નદી કીનારાપર ભકતરાજ બેઠેલા હતાં ત્યાં મુને ભકતરાજના દરશન થયાં.

શાસ્ત્રી—ભાઇ તુ ભગતીમાં દીન પ્રતીદીને ભગતીમાં બહુ લીન થઇ ગયોછે.

દામાજી—મહારાજ, જેણે આ દુનીયામાં પરમાત્માના નામની ભક્તિ કરી નથી ને મોજમાં રાગ રંગમાં દીવસો ગુમાવ્યાછે તે કેવળ મુર્ખ મનુષ્ય કહેવાય કારણકે આ સૃષ્ટીમાં આપણી સારી કે માઠી વાસ રૂપી કીર્તી રહેછે. એમ આપણે જાણીએ છીએ. માટે મહારાજ આપણે સારો રસ્તો સામાટે ન લઇએ માટે આપણે આપ વીઠ્ઠલ નાથજીની પાર્થના કરવી તે સારો રસ્તો કારણકે આપણા દેશના લોકો પણ જાણેકે ભાઇ આનો જીવ ભક્તિ ભાવ

માં સારો ને પરમાત્માંપર પ્રીતી આપણી સારી રહે.

શાસ્ત્રી—દામજી તુને બહાર કોઇ બોલાવેછે તેને પ્રતિ ઉત્તર આપશો, હું સંધ્યા સ્નાંન કરીને એ ઘડી હવેથી વીઠ્ઠલ નાથજીની માળા જપીશ.

દામાજી—મહારાજ. એતો મારો પ્રીય મીત્ર લાલદાસ એ મુને હર હમેશ પૈસા ટકામાં સારી મદદ કરે છે, ને માણસ ઉદાર ને ચાલાક માણસ એના ગુણ ઘણા ગંભીરછે, એ ખાનદાનના કુટુંબના માણસો છે. હું આટલી ગરીબ સ્થીતીમાં છુ પરંતુ મારી સાથે સારી રીતે વર્તેછે, ને કાંઇ કામ હોયતો મારી. સલા હ પૂછે પછી અગાડી એ પગલું ભરે પણ એને એક પુત્રછે તે અણસમજુ અને જરા કમન ૫રે-લછે એને દવા કરી પણ કાંઇ સારી સ્થીતિમાં આવતો નથી. ભાઇ લાલદાસ ઉપર પધારો આપે મારા ઘર સુધી આવી મુને ઘણો આભારી કર્યો માટે આપનો હું ઉપકાર માનુછું.

લાલદાસ—ભાઈ તું દીન પ્રતિ દીને વીધ્યા અભ્યાસમાં ખુબ મચી રહયો પણ અમારે ત્યાંતુ કાંઈ આવતો નથી માટે કાંઈ રીસાયોછે માટે હું તારી પાશે આવ્યો છું ને આજકાલ ભાઇના લગ્નની વાતો ચાલેછે, ને તે ઘણુ કરીને અમારી જ્ઞાતિમાં ધનપાળશા નામના શેઠ છે તેની છોકરી ચંદનગૌરી અગીઆરવર્ષની છે અને ભણવા ગણવામાં ઘણી હોશીયારછે, માટે હુ-

મારો વીચાર ભાઇ સહદાસનો લગ્ન કરવાનો ત્યાં છે ને ઘણુ કરીને તે થોડી મુદતમાં કંકોત્રી આવશે માટે ભાઇ તારે મારે ત્યાં નિત્ય આવવું તેને માટે તને જાણું કરવા આવ્યોછું માટે આપને જે બાત કરી તે વાતને લક્ષમાં લઇ આપ મારે ત્યાં પધારવા કૃપા કરશો એવી આશા છે.

દામાજી—ભાઇ તુ આવા શબ્દ બોલી મને સરમાવ નહી તમે મારાપર પ્રીતી બહુ રાખોછો તે હું સારૂ સમજુ છું માટે હું વીઠલનાથજી પાસે એવુ માગુછુ જે આપની કીર્તી છે તેના કરતા હમેશાં વધે એમ કરજો.

લાલદાસ—ભાઇ હું હવે જાઉછું ને કરેલી બાબતને ભુલસો નહી

દામાજી—ભાઈ આવજો હું રોજ ખબર આપની કાઢતો રહીશ ભુલીશ નહી.

સાસ્ત્રી—ભાઇ તારા દોસ્તદારને બેશાડવા હતા ને મને સંધ્યા સ્નાનમાં વાર લાગી નથી. ફકત બે કલાક જોઇએ છીએ, એવી વાતો કરેછે ને શાસ્ત્રી મહારાજને કોઇ બોલાવે છે.

દામાજી—શાસ્ત્રી મહારાજ આપને કોઇ બોલાવે છેમાટે બહાર જુઓ, ને આ કોણ બુમો પાડેછે [પોતાની બારીપરથી શાસ્ત્રી મહારાજ બહાર જુએછે.

શાસ્ત્રી—કોણ ભાઇ અમદ મીઆં આપ કેમ આવ્યા છો તે

મને કહો.

અમદ મીયાં—આપણાં શેઠ ધનપાળશાની છોકરી ચંદનગવ રી છે તેના લગ્ન જોવડાવવાનાછે માટે હુ આપ ને તેડવા આવ્યો છુ.

શાસ્ત્રી—ભાઇ તુ જરાક સબુર કર હુ લુગડા પહેરી લઉ.

અમદ મીયાં—ત્યારે હુ ઓટલા ઉપર બેઠા છુ ને આપ લુગડા પહેરી લો.

શાસ્ત્રી—વિદ્યાર્થીઓ બેસજો ને કોઈ મસ્તી તોફાન કરતા નહી.

વીદ્યાર્થીઓ—શાસ્ત્રી મહારાજ વહેલા પધારજો.

અમદ મીયાં—ચાલો શાસ્ત્રી મહારાજ આપને વાર તો ખુબ લાગી છે.

શાસ્ત્રી—આ સામુ મંડપ રચના દેખાય છે તે ધનપાળશા શેઠનું મકાન કે ઓહો શુ મંડપની રચના. આતો જાણે કૈલાસપુરી જાત જાતના તકતા તથા હાંડી ઓ અને ઝુમરો, વાહ ધનપાળશા શેઠ તારી શા મગ્રી અને પઇશાની ખુબી.

અમદ મીયાં—કયુ શાસ્ત્રી મહારાજ તુમેરી ડાગરી ચસક ગઈ કે શુ મંડપ રચના જોઈને બાવરા બની ગયા વાહ વાહ શાસ્ત્રી તુમેરેકુ ખબર હે, મેરા બાવા કા બાવા પરણ્યા હતા તે વખતે આખે શહેરમે માંડવે ડાલેતે ને આખા શહેર રોજ જમતા ને તમે આટલો માંડવો જોઇને ગેલાં થઇ ગયાછો.

શાસ્ત્રી-તુ જે કહે તે સચ જુઠ કુછ નહી કારણ કે આ

સૃષ્ટીનુ સામુ જોઇશુ તો વાદળ રૂપે માંડવો ને શહેરમાં રોજ લોક જમેછે કોઈ ભુખ્યા રહેતા નથી

અમદમીયાં--ચલો બાપુ ચલો નહી તો શેઠ બહાર આવશે તો મેરેકુ ખીજાયગા કે તુ તો તેડવા ગયો હતો ને આટલી દેર લગી. વાહ તુમતો બોત ઝડપથી કામ કરતા હો ને વલી હમેરા પગાર વધારો એ સા કેયગા માટે ચલો એમ કહી શેઠના દીવાન ખાનામાં જાયછે.

ધનપાળશા—પધારીએ મહારાજ આ આશનપર બીરાજમાન થાવ.

શાસ્ત્રી--મને આપે શા માટે બોલાવ્યો. માટે જે કહેવુ હોય તે કહો.

ધનપાળશા—શાસ્ત્રી મહારાજ આપણી પૂત્રી ચંદન ગવરી ના લગન જોવડાવવા છે માટે તેના શુભ મુહુર્ત કોઈ સારા જોવા એવી મારી વિનંતી છે.

શાસ્ત્રી—આપણી ચંદન ગવરી બહેનના શુભ મહુર્ત માહા સુદ પાંચમના છે મારા જોવામાં એમ આવેછે ને સારૂ મુરત છે.

ધનપાલશા--બેટા ચંદનગવરી તમારી માતુશ્રીને દીવાનખાનામાંથી બોલાવી લાવો.

ચંદનગવરી– વારૂ પિતાશ્રી હું હમણાં બોલાઉ છું એમ કહી ચંદનગવરી ઓરડામાં જાયછે અને બોલાવે છે લલીતાબા લલીલાબા બહાર મહારા બાપા દીવાન

ખાનામાં તમને બોલાવે છે કારણ કે મારા પીતા શ્રી એ શાસ્ત્રી મહારાજને બોલાવ્યા છે ને તે આવ્યા છે.

લલીતા—ચાલો બહેન, એતો તારા લગનના મુહૂર્ત જોવાને શાસ્ત્રી મહારાજને બોલાવ્યા છે એમ વાતો કરતાં કરતાં દીવાનખાનામાં બને જણ આવેછે.

શાસ્ત્રી- બહેન લલીતાબા આવો અને સાંભલો હું કહું તે આપણી ચંદનગવરી બહેનના લગનનુ શુભ મહુરત માહા સુદ પાંચમ ને ગુરૂએ આવેછે.

શાસ્ત્રી-શેઠ ધનપાળશા આપના ઘરની પાસે જે મંડપ આપે બંધાવ્યો તે મંડપની રચના મારાં જોવામાં આજ પર્યંત આવ્યો નથી. માટે તમને ધન્ય છે કે ઘણાં માણસોને પૈસો હોય ને વાપરે અને ચીંગુસાઈ કરે પરમાત્માએ બે પઇશા આપણને આપ્યા હોય તો બે પઇશા વાપરવાં નહી તો બધુ અહીનુ અહી પડી રહેવાનુ છે.

ધનપાલશા- આપણો ઠાકોરજી કરનાર છે આપણે એમાં કાંઇ લેવા દેવા નથી. આપણે તો એક મજુર તરીકે છીએ કારણ કે એક જંગલમાં એક રાફડો હતો ત્યાં એક બ્રાહ્મણ રોજ કથા વાંચે ત્યારે ત્યાં એક નાગ આવે અને કથા સાંભળી પછી એક સોના મહોર મુકી જાય. એવી રીતે દરરોજ થયાં કરે એક સમયને વખતે એના છોકરાને કથા વાં-

ચવા મોકલેલ તે છોકરો પણ એક સોના મહોર લઇ આવે પછી છોકરાનાં મનમાં વીચાર થયો કે આ નાગને હું જો મારી નાંખુ તો એના માથા માંથી સોના મહોર નીકળે એમ જાણી એક લાકડી ફ્રસ્ટ કલાસ સારી લીસી અને જાડી લઇને કથા વાંચવા આવ્યો, તે વાંચવા માંડેછે એટલે પેલો નાગ રાફડામાંથી નીકળી પેલાની પાસે કથા સાંભલવા આવ્યો કે પેલા નાગને પેલે છોકરે લાકડી ખેંચીને મારવા જાયછે એટલે પેલા નાગને ઝપાટ લાગી કે નલાગી ને છટકી ગઇ. પેલો નાગ કાણો થયો પણ શોના મોહોર એક મુકનો ગયો નાગ મનમાં વીચાર કરેછે કે એ છોકરો અજ્ઞાન છે માટે એને જવા દેવો ને એનો બાપ આવશે એટલે હું તેને કહીશ. કે ભાઇ તારા છોકરાને કથા વાંચવા મોકલતો નહી ને મોકલીશ તો એને ડંસ મારીશ માટે વીચારીને મોકલજે નહી તો હર હમેશાં તુ આવજે પેલો શાસ્ત્રી કથા વાંચનારો કહે છે કે હું આવીશ એક દહાડો ખરેખર શાસ્ત્રી મહારાજને કામ આવી પડયું ને પેલી વાત યાદ ન આવી ને એના છોકરાને મોકલ્યો એટલે પેલા છોકરાએ જઇ કથા શરૂ કરી એટલે પેલો નાગ ફુંફારા મારતો મારતો ને ઉછળતો આવી એકદમ ડંસ્યો એટલે છોકરાને ઝેર ચડવા

લાગ્યું એટલે બોલેછે.

દોહરો

નોકરી કરે જે માનવી ધન સંચરવા જેહ,
ગફલત ખાઇને તે પડે તજીદે મનસા દેહ.

છોકરો કહે આ પણ કથા રૂપી મારી નોકરી હતી માટે મે આ કૃત્ય કરયું ને મારા બાપે મને ગફલતમાં મોકલ્યો ત્યારે આ પરીણામ આવ્યું એમ કહી પોતે મરણ તુલ્ય થાય છે.

શાસ્ત્રી—મહારાજ સત્યછે એતો કીશમત પ્રમાણે

લલીતા—બહેન તારી સખીઓને બોલાવ કારણ કે આજ ખુશાલીનો દીવસ છે માટે તુ આજ વીઠલનાથજી દરશન કરવા તારી સખીઓ સાથે જજે.

ચંદન ગવરી—લલીતાબા આપણા શીપાઇ અમદ મીઆંને બોલાવી કહો કે લલીતાની સખીઓને બોલાવી લાવ.

લલીતા—બ્હેન બહારથી બોલાવ અમદમીયાંને

ચંદનગવરી—અમદમીયા મારી બા તમને બોલાવે છે માટે ઇધર આવ,

અમદમીયાં—કેમ બા શું કામછે તે કહો મહારે મંડપની અંદર કામછે માટે જે કહેવુ હોય તે કહો.

લલીતા—આપણી બેન ચદનગવરીની સખીઓ આપણે ત્યાં

આવેછે તેને તુ તેડી લાવ કારણુ કે આપણી ચંદનગવરીને વીઠલનાથજીના દરશન કરવા જવુછે માટે જલદી તેડી લાવ.

અમદમીયાં—હું એની સખીઓને ઓળખુ છું પરંતુ મને નામ આવડતુ નથી.

ચંદનગવરી—મારી સખીઓનું નામ એકનું કીશોર કમલા ને બીજીનું નામ યોવંતીકળા ને ચોથીનુ નામ કમળ કીશોરી તેઓને ભાઇ અમદમીયાં જલદી બોલાવી લાવ.

અમદમીયાં—હું હમણા જાઉંછું એમ કહીને જાયછે ને બધાને તેડીને આવે છે.

ચંદનગવરી—બહેનો આવી કે મહારે આજ ખુશાલી છે માટે વીઠલનાથજીના દરશન કરવા જઇએ કારણુ કે આજ શુભ કાર્યમાં પરમાત્માનું શમરણ કરવુ તેથી સદાકાળ સુખ રહેછે.

સખીઓ—ચાલ ચાલ બહેન શુભ કાર્ય તે શું તમારા લગ્નના મુહુર્ત આજે શાસ્ત્રી પાસે જોવડાવ્યું હશે. ચાલો દરશન કરવાં જઇએ.

ચંદનગવરી—સૌ સખીઓ ચાલો મારી શાથ
દરશન કરવાને વીઠલનાથ. સૌ.
એની અજબ મુર્તી લાગે શામ
નટવર વીઠલ જેનું નામ. સૈ.
માથે મોર મુગટ બીરાજે ધરી

દરશન કરે જે ભવજ તરી સે.
જેને પુર્વે જન્મ કીધા પુન્ય
તે બધી બાંબત રહે ન શુન્ય સૌ.
એવી પ્રભુના લાલની વાણીછે
રૂખમાઇચાં વરે જાણી તે. સૈ.

કીશોર કમળા—બહેન આટલુ બધુ ડહાપણ ને તારી ખુબી દીન પ્રતિદીને બહુ ખીલી રહીછે.

કમળ કીશોરી—બહેન હવે આપણી ચંદનગવરીના લગ્ન થશે એટલે તે પોતાના પતી શાથે વાતો કરશે ને તે પ્રેમ ગુંથણીમાં પડવાની પછી આ બહેનોને શાને યાદ કરશે.

પાર્વતી કલા— હા બેન ખરી વાતછે પતી શાથે જ્યારે પ્રેમ ગુંથણીમાં પડશે ત્યારે તેતો બોલશે નહી કારણ કે એકતો પઇશાદારની છોકરી કહેવાય અને બીજુ તો પાછો પતીનો પ્યાર અને ત્રીજો જુવાનીનો તોડ પછીતો આપણને શાનેજ યાદ કરે કારણ કે આપણે જ્યારે આપણી માતાના ઉદરમાં રહીએ છીએ ત્યારે નવ માસ સુધી આપણે તે વખતે પરમાત્માની ભક્તી કરીએ છીએ ને ઊંધે મસ્તકે લટકીએ છીએ તે વખતે આપણી પાછળ મળ તથા મુત્ર વીગેરે જઠરા અગ્નીની આપણાપર સ્વારી રહેછે ને જ્યારે આ દુનીયાની હવા આપણને

લાગેછે તે વખતે પરમાત્માને કહીએ છીએ કે હુ અહી ને તુ તહી એવી રીતે રડીએ છીએ બહેન એવી રીતે તુ કરતી નહી. બહેન તુ વિધ્યા કળા માં ઘણી પ્રવીણ છે માટે તમારા પીતાશ્રી આપ ના ઘરને ને તમને વીદ્યા કળામાં હોંશીઆર અને બંધુ ભણેલો હોય તે તેની શાથે પરણાવે તો ઘણુ સારૂ ત્હારી આટલી નાની વયમાં ચાલાકી અને તારી પ્રેમ લક્ષણા ભકતી ઉપર પ્રેમ છે તે જોઇ અમે સહુ સખીઓ ખુશ થઇએ છીએ. આતો તને શીખામણની વાત કરીએ છીએ તુ દુ;ખ લગાડતી નહી ને ચાલો દરશન કરવા જઇએ. એમ કહીને જાયછે અને અમદમીયાંને બજારમાં શ્રીફળ લેવા મોકલેછે ને કહેછે ભાઇ તુ વીઠલના મજીના રસ્તે આવજે અમે ધીમે ધીમે જઇએ છીએ માટે તુ ફીકર કરતો નહી. ને વહેલો આ વજે એમ કહી પોતે રસ્તે ચાલતાં ચાલતાં જાય છે ત્યાં પોતાની જ્ઞાતિનો એક જુગારીનો સરદાર તે આખા ગામનો પ્રખ્યાત માણસ તે રસ્તામાં મલે છે.

કાન્તીલાલ—વાહ ચંદનગવરી તારી ખુબ સુરતી આખા જ ગતમાં મે દીઠી નથી. ને પાછી તુ ભણેલી ગણેલી ને તુ ખાનદાન કુટુંબની છોકરી માટે તુ આ કાન્તીલાલ શાથે પ્યાર બાંધ એટલી જરાક વાત

ધ્યાનપર લાવી તુ મારી શાથે પ્યાર જોડ તહારો
વીવાહ પેલા લાલદાશના છોકરા શાથે થયો છે તે
મને ખબર છે તે લાલદાશનો પુત્ર ઘણો અણુ સ
મજુ ને અકલ વગરનો છે એટલે ગાંડો માટે
તારા પીતાશ્રીને કહે કે આપણી ગ્નાતીમાં કાન્તી
લાલ શાથે મારૂ લગ્ન કરાવો તો ઘણુ સારૂ.

ચંદનગવરી—ભાઈ મહારો જે વીવાહ થયો છે તે બરાબર
છે ને તુ તો મારો ભાઈને બાપછે અમારી ગ્નાતી
માં લુચ્ચો અને જુગારી અને તારા જેવો છાટકો
મેં દીઠો નથી. તું તો મારે એક કોડીનો માણુસ છે

કાન્તીલાલ—એકવાર આ કાન્તીલાલને તો ચુંબન કરવા દે.

ચંદનગવરી—મુરખ વીચાર વગરના ફાંફાં શાને મારી રહયો
છે મારો તે પ્રાણપતી છે ને તું તો મારો ભાઈછે.

કાન્તીલાલ—ચંદનગવરી ચંચળ ચપળ ચાલનારી

ચંદનગવરી—મુર્ખ શાને કરેછે વાતો તુ હમારી

કાન્તીલાલ—શબ્દ શ્રવણ અમૃત જેવા લાગે ભારી
દીઠીછે આ કટારી નાખુ તને હમણાં મારી

સખીઓ— હાં, હાં, હાં. ચંદન ૧.

કાન્તીલાલ—પ્રીતી પ્રથમ થતી સાથે જલદી કરીને

ચંદનગવરી—સૃષ્ટી સકળ માંહી વર શઠદાસ છે ને

કાન્તીલાલ—કંઠ કદમ કોમળ ગાલ ઉપર ચુંબન દેને

ચંદનગવરી—દરશન કરવા જાઉ પુરીથી પાછી આવું

સખીઓ— હાં, હાં, હાં. ચંદન ૨

કાન્તીલાલ—દીલી કમાલ ઉપર શાનુ માફક ખીલી રહી
કોઇની રૂમક ઝુમક ઠુમક ખાસ દીઠી નહી.
ચંદનગવરી—સ્વાન માફક પંઝાં શાને મારે અહી.
સીપાઇઓ બાંધો એને પકડી ઝાલો તેને
સખીઓ- વાહ વાહ વાહ ચંદન ૩
કાન્તીલાલ-હું જુગારીનો સરદાર મને કોણ પકડનાર
નાજુક નખરા કરતી નાર કરને મારી સાથે પ્યાર
કાન્તીલાલ—ઓ શુંદરવરણી
ચંદનગવરી- શીત, શીત, શીત.
કાન્તીલાલ-જાણે મને પરણી.
શીત, શીત, શીત.
ચંદનગવરી-સીપાઇ આવેછે મારો સખી પેલો જોને
કાન્તીલાલ-પ્રિતી પલટાવી સાને મુંને જાવા દોને
દીઠી બહાદુરી તારી માવડી હુતો મારી. ચંદન.
ચંદનગવરી-જો સખી પેલો આપણો શીપાઇ અમદ મીયાં
આવે છે.
કાન્તીલાલ-ઓ મારા બાપ પેલો એતો શીપાઇ આવે છે
માટે આપણે છ પાંચ ગણવા જોઇએ નહી તો
પછી આપણા બુરા હાલ સમજવા. બંદા હવે વી
ચાર ન કર ચાલ હવે હું પેલે રસ્તે સટકી જાઉં.
ચંદનગવરી-કેમ મુઓ છાટકો જતો રહયો, અલ્યા અમદ
મીઆં તુ અત્યાર સુધી ક્યાં હતો ને આટલી બધી

વાર લગાડી તુ શ્રીફળ લઇને વહેલો આવજે એ
મ તને મે કહયુ હતુ. કારણ કે અહીઆ પેલો
અમારી ગ્નાતીનો કાન્તીલાલ જુગારી આવ્યો હતો,
તેને અમને બહુ સતાવ્યા ને તને દીઠો એટલે તે
જતો રહયો. માણુસ નોકર શા માટે રાખેછે પો
તાના રક્ષણ માટે રાખેછે કારણ કે આપત વખતે
કામ કરે આતો એક ચીજ લેવા ગયા કે ત્યાં ને
ત્યાં બેશી રહેવાનો આજ મહારી લલીતાબાને
કહેવા દેજે.

અમદમીયાં—બહેન રસ્તામાં મારો ભાઇબંધ મલ્યો હતો તેથી
હું વાતો કરવા બેશી રહયો ને વાતો કરતો હતો
મારા મનમાં બહેન વીઠલનાથજીના મંદીર આગ
ળ પહોંચશે એટલે એકદમ હું જઇ પહોંચીશ.
માટે બહેન મારા ગરીબની સામુ જોઇ આ જે
વાત કહો છો તે તમારા લલીતાબાને કહેતા નહી
હું આવુ જાણત તો એકદમ આવત એ કાન્તી
લાલ જુગારી મને દેખત કે તુરત નાસે કારણ કે
મારાથી તે બહુ બીએછે પણ હરકત નહી મારા
હાથમાં આવશે એટલે હુ એને મારીશ માટે ઉપ
રની વાત કરી તે પર ધ્યાન રાખી તમારી માતુ
શ્રીને કહેતા નહી.

ચંદનગવરિ—અમદમીયા હું મારી લલીતા બાને નહી કહુ
પણ ચાલ જલદીથી નીકલ વાર લાગશે તો મારા

પીતાજી તથા મારી માતુશ્રી ખીજાશે.

હીરાર કમલા— જો સખી આ વીઠલનાથજીનુ મંદીર કેવુ શોભાયમાન લાગે છે.

ચંદનગવરી—બહેન જગકર્તા ને વળી સરવેનુ પોષણ કરનાર વીઠુબાનુ મંદીર સુશોભીત હોય તેમાં શી નવાઇ! ને વળી હજારો માણસોનુ ટોળુ કેવુ આગળ પછાડી ભજન કીરતન કરેછે અને મેળાની માફક હર હમેશ રહેછે, સખી એના મંદીરનો આસપાસ ઘાટ કેવો ચીત્રવાલો અને એની અંદર કેવી કારીગીરી વાપરી છે એના બારણાં આગળ ચીત્રામણ કેવા સારા પાડ્યા છે જાણે એક એકથી ચડીઆંતા છે ને એમનુ બેસવાનુ શીહાશન અલોકીક જેવુ લાગેછે ને એની મુર્તી શાક્ષાત વીઠુબા હમણાં આપણી સાથે વાતો કરશે ને જોડે રૂખમાઈ જગત જનુની માતાની મુર્તી પણ જાણે હમણાં આપણને કાંઇ આશીરવાદ આપશે એમ લાગેછે. વીઠુબાના મંદીરમાં દીન પ્રતી દીને દેશો દેશમા પ્રખ્યાતી સારી ચડતી જાયછે કારણ કે જે ભકત એનુ ખરા ટેકથી ભજન કરે તેનુ તુરત સંકટ મટાડી દે છે ને એમ જો ન હોયતો હજારો લોકો હજારો ગાઉથી અહીં સુધી શા માટે આવે કારણ કે એની કીર્તીને ને એના નામને ને વળી એના પડજાને આવે માટે તમે પણ કરોછો. આ

જ ખુશાલીનો દીવસ છે માટે વીઠુબાના દરશન કરવા જઇએ. નહીતો એમ કેમ ન કહયુ કે આ જે આપણે ઉજાણી અથવા બગીચામાં ફરવા જ ઇએ, નહીતો આજે ગરબા ગવરાવી લાણી વેચી એ એવુ કેમ ન બોલ્યા ને વીઠુબાના દરશન કર વા જઇએ માટે સૃષ્ટીનુ સારૂ કરનારનુ પહેલા ભજન કરવુ જોઇએ વળી એના નામની માળા જપીએ તો આપણું સારૂ થાય.

ચંદનગવરી—એતો ચાલો આપણે વીઠુબાના નામનો એક ગ રબો ગાઇએ.

(ગરબો.)

ઇટવર વીઠલવર કરૂં પ્રેમથી તમુને પ્રણામ
કરો ભકતોનુ સુકીત તમે નીશદીન કરોછો કામ
સુંદરવર શુશોભીતવર આપજો અમને શામ ઇટ.
આટલી વીનતી આજ આ છે બાલાની
એવી જપુ તમારી જાપ નીરચે માલાથી ઇટ,
ચંદન અર્ચા કરૂ તમ પ્રિતે
અખંડ સોભાગ્ય આપજો ચીતે
દીન દયાળ કૃપાળ તમેછો રૂખમાઇના વર ઇટ.
પંઢરપુર વીષે શોભા તમારી
દેશો દેશમાં ચાલે નામના ભારી

વીઠલ વીઠલ બોલારે ઉપકારી રૂખમાઇચાંવર ઇટ
ફીશાર કમળા લાવો પુસ્પ હાર
ભકતીના મહીમાંનો મોટો સાર
કરે તે ઉતરે વીઠલ પાર રૂખમાઇચા ઇટ.

એનો આજનો દીવસ મને બહુ રળીઆમણો લાગે છે એનો આનો ભકત એક નીચ જાતીમાં ઢેડ થઇ ગયોછે તે આખો દીવસ વીઠલ વીઠલ એવુ શમરણ કર્યા કરે ને આપણા પંઢરપુરથી તે છેટે રહેતો હતો અને તે વીઠુબા મહારાજનુ ભજન કરીને પોતાનુ પોષણ કરતો હતો એક દીવશને સમયે પોતાના ઘરમાં સુવાવડ આવી એટલે એને પોતાની બેનને ત્યાં એક પોતાના જાત ભાઇને ત્યાં મોકલ્યો ને તે મોકલેલો માણુસ એની બેનને ત્યાં પહોંચ્યો ને કહયું જે બેન તારા ભાઇ ને ત્યાં તારી ભાભીની સુવાવડ છે માટે તને તેડીછે તે બહેન પેલા આવનારને કહેછે કે ભાઇ મારા ભાઇએ આજદીન સુધી મને કાપડુ અથવા એક સાલ્લોએ નથી આપ્યો ત્યારે મહારે એના ઘેર આવવાની શી જરૂર. એના કરતા ભાઇ ન હોયતો સારો, હુંતો આવવાની નથી. માટે તારે રોટલો ખાવો હોય તો ખા નહીતો જા ને એમ કહેજે કે એ તો નહી આવે પછી પેલો બીચારો નીશાશા નાંખીને ચાલતો ચાલતો વીઠલનાથજીના ભકત તે ઢેડ પાસે આવ્યો ને કહયું જે ભાઇ તારી બેને તો ના કહયું છે માટે તું ગંમે તેમ કરજે પેલાએ વીચાર કરયો કે ચાલ હું તેને ઘેર જઇને તેડી આવું નહીતો મારી ભુરી વલે, વળી અહીથી જાઉં ને સાંપડે તો એનો કોણુ બેલી માટે

મારી નજર તો કહયુ નથી કરતી પણ મન એમ વીચાર કર કે આમને આમ બેશી નકામો શું કરૂ પણ જે વીઠુબા કરશે તે ખરૂ હવે તો જીવ બેશી ન રહું એમ ધારી ભગતે ચાલવા માંડયું ને બેનના ઘેર આવી પહોંચ્યો અને કહયું કે બહેન ચાલો મારી આવી ગરીબ સ્થીતી છે માટે હું તને લુગડાં નથી લેતો હું મારૂ પોષણ વીઠુબાના ભજનના પ્રતાપથી હુ મોઝ મજા કરૂછુ નહીતો મારી માઠી વળે એવી રીતે કહે છે પણ પેલી બહેન તો માનતી નથી, ને સાફ ના કહી કે હુ તો આવવાની નથી, માટે તારૂ સુજતુ કરી લે. તારી મને કાંઇ આશા છે ! તુતો આખો દહાડો ભગતડો થઇને બેઠો છે ને મોળા કોટમાં દોઢ મણ ને ટીલા તાણીને લોકોને ઠગવાનો ઇ રાદો કરેછે તને તો કોઇ ભગત કહે ! ઠીક એતો પેટના પાં પણા માટે ચાલતા થઈએ, વેલુ આવે ઘરં. ત્યાં તેઓની રકઝક થયા કરેછે અને ત્યાં પેલા ભગતની બાયડીને છોકરો સાંપડવાની વખત થઇ કે તુરત વીઠુબા તેની નણંદનુ રૂપ લઇ કેમ ભાભી બેઠાછો એમ કરીને આવ્યા પેલીએ કહ્યું કે તમારા ભાઇ તમને મલ્યા કે નહી હા. એ મલ્યા પણ એ તો વીઠુબાના દરશન કરવા ગયાછે એવો જવાબ આપ્યો અહીતો ભગતને ઘેર છોકરો સાંપડયો પણ સુવાવડ માટે ઘરમાં કાંઇ ન મળે વીઠુબાએ કહયું કે આને ખાવાનું તો કાંઈ સારૂ કરી આપુ- પછી સુવાવડમાં જે ચીજો ખાય તે ચીજો ડાવીને ઘરમાં અન્નની ભુખ મટાડી દીધી ને એની સુવાવડ એક માસ સુધી કરી પેલો ભગત તો નીશાશા નાંખતો ચાલ

ઘેર જાઉ. પણ મારી દરશન કરવાની પુનમ ત્રણ ચાર દીવશ માં આવી માટે જીવડા ચાલ. વીઠુબા વીઠુબા એમ કરીને તે ભગત ઢેડો પંઢરપુર આવી વીઠુબાના દરશન કરીને આવતાં ત્યાં એક માસ થયો ને ઘેર આવી પહોંચ્યો કે તુરત વીઠુબા એકદમ ઘરમાં છોકરાને ઘોડીઆમાં શુવાડી એકદમ અંતરધ્યાન થઇ ગયા ને પેલો ઢેડ ઘરમાં આવ્યો ત્યારે એની બાયડીને પુછવા લાગ્યો કે આ તારી સુવાવડ કોણે કરી ત્યારે જવાબ આપ્યો કે તમારી બેને કરી ત્યારે પેલો ઢેડો વીચાર કરવા મંડયો કે આતો ઘણી અચરજ જેવી વાત છે મારી બેન મારે ત્યાં ન આવે માટે ચાલ એની તપાસ કરી આવું એમ કહી પોતાની બાયડીને કહયું જે હું બે ત્રણ દીવશમાં આવીશ એમ કહી ચાલતો થયો અને એની બેન પાસે આવ્યો ને કહયું જે બેન તું તારી ભાભીની સુવાવડ કરવા ગઇ હતી પણ મને દેખીને કેમ આવતી રહી. મે તને લુગડુ નથી લીધું તેથી. બહેને કહયું કે બલ્યુ તારૂં લુગડુ અને હુ તો તારાથી થાકી ગામમાં સુવાવડ આવેછે કે તારી બાયડીને નવાય આ વીઇ તુતો ભગતડો ને વળી બાયડી બાયડી કર્યા કરે છે હવે પરમેસ્વર વાસ્તે જા તારી ખુબી મે જાણી પેલો ઢેડો એકદમ વીઠુબાની ભકતીમાં ગાંડો ઘેલો તે પંઢરપુરમાં આવતો રહયો.

એવી ભકતી થઇ કે એના મરણ વખતે વીઠુબાએ દરશન દીધા છે અને એના હાડકા પણ વીઠલ વીઠલ કરવા મંડી ગયા અને એના હાડકાં એના છોકરાએ આવીને એના હાડકાની એક વીઠલનાથજીના મંદીર સામે મુર્તી કરાવી છે માટે

ત્રેમ લક્ષણા ભકતી એ સહુથી શ્રેષ્ટ છે માટે એને ભકતીના મહીમાં એવો છે.

કીશોર કમળા—ચાલો બહેનો એતો ભકતીમાં બહુ ગાંડો થઈ ગઇ છે માટે બેન ચંદનગવરી તુ કેવા પ્રકારની ભકતી કરે છે તે તુ રસ્તામાં ચાલતાં ચાલતાં મને કહે.

ચંદનગવરી—કોઈ પતી સારો માંગે, કોઇ મોક્ષની ગતી માંગે, કોઇ પરમાત્માના દરશનની આશા રાખે કોઇ ગ્નાન માટે પણ ભજે છે પણ સ્વાર્થ વિના કોઇ ભજે નહી.

કીશોર કમળા—બહેન જ્યારે ધરૂએ પાંચ વરસની ઉમરે પરમાત્માનુ ભજન કરવા માંડયું ત્યારે શું કારણ હતું તે કહુછું તે સાંભળ કારણ કે મારા સાંભળવામાં ધરૂના ભજન આવ્યાં છે તેથી કહુ છુ તે તું શાંભળ ધરૂએ પોતાની શાવકી માતાના અપમાન શબ્દ શાંળળી પોતે પોતાની માની પાસે રજા લઇ વનમાં ઇશ્વરનુ એક ચીતે ભજન કરવા નીકળી પડયો ને પરમાત્માનુ ભજન કરવા માંડયુ ત્યારે ત્યાં પહેલ વહેલા નારદજી મલ્યા ને કહ્યું જે ભાઇ તુ આટલી નાની વયમાં આ વનમાં આવવાનું શું કારણ ત્યારે એને કહયું જે મારા કીશમતમાં ભાવુંજ લખ્યું છે એમાં મારે કોઇને

દોષ દેવાનો નથી કારણ કે પુરવે શંસ્કાર ઓછા કર્યા છે માટે અહી આવવું પડ્યું વળી આમાજ મજા છે ત્યારે નારદજીએ કહ્યું કે ભાઇ હું તને મંત્ર રામનો આપુંછુ, તેથી તુ બધી વાતે સુખી થઇશ ને તારા મનની મુરાદ પાર પડશે ને આ ખરે તુને અવીચલ પદવી મળશે. શા કારણથી કે ફકત રામ નામના શબ્દ ને તારી ભકતી વડે. એમ કહીને નારદજી તો ભજન કરતાં કરતાં થો ડીક વારમાં અંતરધ્યાન થઇ ગયા માટે બહેનો ભજનનો પ્રતાપ એવો છે ને સદાંચરણથી ચાલવું ને સરવે બેનોએ દેવ સેવા તથા રામ નામનું ભ જન કરવું કારણ કે આ સંસાર દુઃખદાઇ છે ને એમાં તરવાનો ઉંપાય એજ છે બીજો કશોએ ન થી. હર્નીશ પોત પોતાએ સારી વર્તીથી ભજન કરવું.

લલીતા—બહેનો આટલી બધી વાર કેમ લાગી. તમે જાણ તા ન હતા કે ઘેર આપણને આપણા મા બાપ પૂછશે.

ચંદનગવરી—વાત કરીશુ તો ફજેત થઇશુ ને વલી અમદ મીયાનો રોટલો જનમારાનો નીકળી જશે એમ મન શાથે વીચાર કરીને કહેછે કે દેવ દરશન કર વા ઘણા દીવસે ગયા ને વીઠુબાનુ મંદીર ઘણું શોભાયમાન લાગ્યું અને હજારો માણશની મેદની

હતી ને મેળા જેવુ હતુ તેથી હમે રોકાયા ને પછી દરશન કરીને હરી ચરચા કરતા કરતા ધીમેધીમે આવતા હતા તેથીં અમને વાર લાગી.

લલીતા—મારી ચંદનગવરીની સખીઓ તમે કાલે વહેલા આ વજો કારણ કે આપણે કંકોત્રી શુભ મહુરતની આપણી ચંદ ન ગવરીને સાસરે મોકલવાની છે માટે વહેલા આવજો ને અમદમીઆંને તમને તમારે ઘેર મેલ વા મોકલું છુ માટે હવે સુખેથી જાવ એમ કહી ને નીચે દીવાનખાનાની બારીએથી બુમ પાડે છે ભાઇ અમદમીઆં નીચે કીશોર કમળા વીગેરે આ વેછે તેમને ઘેર જઈ ને મેંલી આંવ.

અમદમીયાં—નીચે મોકલો બા, હમણાં મુકીને આવીશ.

ચોવંતીકલા—બહેનો ચાલો નીચે અમદમીઆ વાર જોઇને ઉભો છે એમ કહી નીચે ઉતરે છે ને અમદમીયા ની સાથે જાયછે ને અમદમીઆ પોત પોતાને ઘેર મુકી આવેછે,

લલીતા—કેમ ભાઇ અમદમીયાં આવ્યો હા લલીતા બા હું હવે મંડપમાં બેઠો છું, બેન ચંદન ગવરી કાલે તારા લગ્નની કંકોત્રી લખાવવાની છે ને હજુ સુધી તારા પીતાશ્રી બહાર ફરવા ગયા છે પરંતુ આવ્યા કેમ નથી આજે કાઇ વાર લાગી.

(જો પેલા આવેછે.)

ધનપાલશા—પ્રાણ પ્રીયા આપણી ચંદનગોરીના લગ્નનું શુભ

મુહુંત નજદીક આવ્યું છે માટે બેટા ચંદનગૌરી આપણા દીવાનખાનાની બારીએથી અમદમીયાને બુમે પાડ કે તેડી લાવે શાસ્ત્રી મહારાજને કંકો તરી લખી આપુ તે લઇ જાય તે સાંભળી ચંદનગૌરી

ચંદનગૌરી— અમદમીયા ઉપર આવજે બા બોલાવેછે.

અમદમીયા—કેમ શેઠજી શું કામ પડયુછે જે હોયતે ફરમાવો

ધનપાલશા—આપણા શાસ્ત્રી મહારાજને હમણા બોલાવી લાવ અમારે કામ છે ને વાર લગાડતો નહી ને રસ્તામાં વાતો કરતો ચાર કલાકે આવતો નહી.

અમદમીઆ—બાપુ શાસ્ત્રીને હમણાં તમારી પાસે બોલાવુ.

વીદ્યાર્થીઓ— શાસ્ત્રી મહારાજ તમને બહાર બોલાવે છે માટે બહાર જવાબ દો.

શાસ્ત્રી—એ કોણછે ભાઇ એમ કહીને બહાર આવેછે તો એ તો ધનપાળશાનો શીપાઇ અમદમીઆને દીઠો કેમ ભાઇ તારે ઓચીંતુ આવવુ પડયુ એવુ કાંઈ જરૂરનુ કામ છે ને જો જરૂરનું ન હોય તો તારી પાછળ આવુછુ અને હમણાં કામ હોયતો ઓટલા ઉપર બેસ

અમદમીઆં શેઠ અબી ને અબી બોલાતે હે ઉનકી લડકી કી શાદી હોતી હે ઇસ લીએ તુમેરેકુ બોલાતે હૈ

શાસ્ત્રી—અબી આતા હું નીચે ઠેર.

વીદ્યાર્થી—કેમ શાસ્ત્રી બાવા આજકાંઈ લાડુનું ઠરે એમછે.

શાસ્ત્રી— ભાઇઓ એતો શેઠની છોકરીના લગ્ન ઠરાવા છે તેની

કંકોતરી લઈ જવાનાછે તેથી મુને બોલાવે છે ને લાગ આવશે તો લાડુનુ ઠેરવી આવીશ તેના બાબત થી અમદમીઆં મુને બોલાવા આવ્યો છે કેમ અમદમીઆં ખરી વાત છે ને.

અમદમીયાં—શાસ્ત્રી મહારાજ ચલો જલદી દેર મત લગાડો નહી તો શેઠ હમેરેકુ ચીડાઈગે

શાસ્ત્રી—ચાલો જલદી એમ કરીને ચાલતા થયા ને શેઠના ઘર પાસે આવ્યા.

ધનપાલશા—આવો શાસ્ત્રી મહારાજ બીરાજો તમે થોડા દિવસપર આપની ચંદનગવરીના લગનનું મુહુરત જોયું હતું તેની કંકોત્રી આપી આવો.

શાસ્ત્રી—હમણા આપીને આવીશ એમ કહી શાસ્ત્રી મહારાજ ચાલતાં થાયછે ને લાલદાશના ઘર આગળ આવી પહોંચે છે.

લાલદાશ—કોણ છે એમ કહીને જુવેછે એટલામાં શાસ્ત્રી મહારાજને દીઠા પછી કહે છે કે પધારો શાસ્ત્રી મહારાજ આપ કાંઈ મારે ઘેર ઘણે દિવસે પધાર્યા માંટે તેમાં તમારો ઘણો ઉપકાર કારણ કે મારા દોસતદાર દામાજીના ગુરૂ તરીકે કહેવાવછો

શાસ્ત્રી—દામાજી સમજુ છે ને આપણે પણ સમજુ છીએ સારા છોકરાના લક્ષણ કે કોઈ આપણે ત્યાં આવ્યું ને તેના શાથે સારી રીતે વરતે તો ગામમાં તથા જ્ઞાતિમાં અમતા પર જ્ઞાતીમાં એમ કહે

વાય કે સારો. અને વીવેક વગરનો માણુસ ખરાબ કહેવાય તેમાં સાર નહી આબ્બી આબરૂને ખામી પહોંચે. લોકોની શાથે સારી રીતે વર્તવું એમાં આપણુ સારૂ લક્ષણુ છે ને મને ધનપાળશા શેઠે આ કંકોત્રી લઇને મોકલ્યો છે તે આ કંકોત્રી લ્યો.

લાલદાસ—ધનપાળશાના અક્ષર તો સારાછે ને આબરૂ પણ સારીછે આપણુને જેવો જોઇએ તેવો વેવાઈ મલ્યો એમ કહી કંકોત્રી હાથમાં લઈ બાંચેછે.

લાલદાશ વહેલા આવંજો કંકોત્રી તમે વાંચીને
અવસર આવો આવશે નહી વાત કહુછું સાચી
ગુણવંતને ગંભીર છો શાણાં અને સમજુ છો
વીદ્યામાં છો વીદ્વાન ને વલી કામના ગરજુ છો લાલ
પ્રિતીમાં પૂરણ પ્યાર રાખી કીર્તી તમે વખણાવો છો
સજ્જનના સદ લક્ષણો સારી રીતે જણાવો છો.
મહા શુદ પાંચમને વલી• ગુરૂવાર છે ઉત્તમ દીવસ
પ્રિતે કરી પધારજો મંગાવજો જોઈતી જણસ. લાલ
આ શુભ કાર્યમાં મને ઉમંગ થાએ બહુ અતી
ભુલ ચુક કરજો માફ ને કરજો તમે સુકૃત મતી.
પ્રભુ પાસે માગીને કરૂછુ નીશદીન તમ વીનતી.
જોઇતી જણશ હુ મોકલીશ મંગાવજો તમે કીમતી
લાલ.

ને તમે ધનપાળશા ક્હને મારા જેશી કૃષ્ણ કહેજો.

કારણ કે એને મારે ત્યાં કંકોત્રી જમવામાં બાકી રાખી નથી ને એક મહીનાંમાં નાત જમેછે ને વલી જાત જાતના શાક ને વલી પકવાન રોજ હા નવી નવી મીઠાઇની નાતો જમાડે છે ધન્ય છે તમોને વલી જ્ઞાતીના માણસો જગી જમીને થાકી ગયા છે, તે તારી આખી ઉમરમાં આજે પઇસો ખરચે તેમાં શી નવાઇ અને નાતની અંદર પણ સારી કીર્તી મેળવી. ને જોશી મહારાજ તમે પણ એના સલાહકારક સારા ને વળી દામજીના ગુરૂ, પછી તમો એને સલાહ સારી આપો તેમાં શી નવાઇ ! માટે બેટા શઠદાસ તારી માતુશ્રીને ઓરડામાંથી બોલાવ કારણ કે આજે ઘણા દીવસે આપણે શાસ્ત્રી મહારાજ પધાર્યા છે માટે તારી માને પણ કહે કે કબાટની અંદર એક રૂપીઆની થેલી પડી છે તે લેતી આવજે કારણ કે મારે ત્યાં શાસ્ત્રી મહારાજ ક્યાંથી !

સઠદાસ—બાપુ મારી બા આવેછે ને કબાટમાંથી એક થેલી રૂપીઆની લાવેછે.

લાલદાસ—આપણા શાસ્ત્રી મહારાજને આપો કારણ કે મારા મીત્ર દામાજી તેમના સલાહકારક ગુરૂ કહેવાય માટે આપણે એને આવકાર સત્કાર કરવો ને સારી રીતે વરતવું જોઇએ એ આપણે બારણે ક્યાંથી.

શાસ્ત્રી-શેઠજી હું રજા લઊંછું ને તમે વેલા પધારજો ને અમારા જેવું કામ કાજ હોય તે ફરમાવજો એમ કહીને

રજા લે છે તે જાયછે.

અમદમીઆ– શેઠજી શાસ્ત્રી મહારાજ આવ્યા જાણે ઈદ્ર રાણીની લીઠે સોનાં મોહોર જેવી

ધનપાલસા– પધારો શાસ્ત્રી મહારાજ કેમ કંકોતરી આવી નેશેઠ ખુશી માંછે ને તમને કંકોતરી ની દક્ષણા શારી આપી તેથી હું બહું ખુસીથાઉછું આપેં એમા શીનવાઇ એ દામાજીનો દોસ્તદાર ને તમે દામાજીના સલાહ કારક ગુરૂ માટે તમોને ઈનામ સારી રીતે આપે તેમા શીન વાઇ

શાસ્ત્રી—એતો સૃધા પરમાણે આપે આપણે કાંઈ જોર જુલ મથી લઇ એ છીએ આપે તેની વડાઇ નીકર અમે કીયાં કમાવા જવા નાહતા અમારા બાપ દાદા આ જ કરતા આવ્યાછે, ને તેમા ગુજરાન ચલાવી એ છી ને શેઠ અમારા સીધાની જોગવઇ કરી આપો કારણ કે તમારી પાશે અમે માગી એ ને અમારા વીદીયા રથી ઓ એ કહયુ છે કે શાસ્ત્રી મહારાજ લાડુ નુ કરતા આવજો ભુલતા નહી અમને સીધા અપાવો

ધનશાલશા—તમારે સીધા જેટલા જોઇએ તેટલા લઇ જાવ તેમાં સરમાતા નહી ને સરમાસો તો કરમાશો સીધા ખુશીથી લઇ જાવ.

લલીતા—ચાના સીધા જોઇએ છે કહો.

દુધપાક લાડુ ને શાક ધરે જઇને કરીએ પાક
આશીશ દઇએ અપાર ખુશી રહો અમ સરદાર

લાડુ ઉતરે ગટાગટ દુધપાક ખાઊ સટાસટ. ૧ દુધ
નવ જાતના કરૂં શાક પતવાલીને પહેરાવું વાંક;
વેદની ચાલે ત્યાં ધુંન શેદને ખોએ ખોએ પુન
જમીએ અમે જુવો ત્યાં કણી આપુ હું નહી કયાં ૨ દુધ
એવો અમારો છે ચાલ ખઇને થઇએ બેહાલ
સંકલ્પ મુંકાવુ ત્યાં પહોંચે વૈકુંઠમાં જ્યાં
પઇસો લઇએ અમે એક એવો બ્રાહ્મણનોછે ટેક ૩ દુધ
પેલા વીદ્યાર્થીઓ હવે મો મકલાવે હાથ હલાવે

વીધ્યાર્થી—વાહ ગુરૂજી વાહ, વાહ ગુરૂજી વાહ.
નોંતરૂ આવે હમારે ઘેર ઘરમાં થાએ લીલાલહેર ૪ દુધ
ભટાણી આપે આશીશ ચુલાને નમાવે હરઘડી શીશ
સેઠે આપ્યા શીધા સોળ તમારા પુરા, થાઓ કોડ.

લલીતા—વાહ શાસ્ત્રી મહારાજ તમારા લાડુ ખાવામાં કાંઇ ખામી નહી. આ તમારો લાડુનો મહીમા સાંભલી મારૂ મન બહુ ખુશ થાયછે તમારે જ્યારે લાડુ ખાવાનુ મન થાય કે મારે ત્યાં આવીને સીધા લઇ જવાં પછી શું. તમારે લાડુ ખાવા ને અમારે ખવડાવવા માટે સીધા લઇ જઇ ખુશીથી રસોઇ બનાવો ને ઘટે તે સામાન લઇ જજો.

શા. વી.— જય થાવ બા જય થાંવ એવી હમારી બ્રાહ્મણો ની આશીસ છે.

વનપાલકા— મહારાજ જમીને વહેલા પધારજો કારણ કે આ

જે બેનના લગ્ન છે માટે તમારૂં સાહીત્ય તમારી પાસે રાખજો ને, પછી ઉતાઉક ન થાય માટે ભુલસો નહી, આપણે જે કામ કરવાનુ હો તે સંભાળી લેવું.

શાસ્ત્રી—હુ જમી કરીને આવીશ. માટે હમારા તરફની ફીકર છોડી દો.

દામાજી—આજે મારા દોસ્તદારને ત્યાં ઘણે દીવસે પુત્રના લગ્ન છે ને હજી સુધી હુ ગયો નથી માટે મારા જેવો મુરખ કોણ જે માણસ આપનુ સારૂ કરેલો હોય ને તેના સારા અથવા માઠાં પ્રસંગે હાજર ન રહીએ તો ઠીક નહી ને આપણા જેવો નીમક હરામ નહી ને દોસ્તદાર તથા બીજાનુ પણ એવું ઇચ્છવુ જોઇએ કે એનુ હમેશાં સારૂ થાવ એવુ આપણે માગવુ જોઇએ, તો આપણો પંઢરપુર વાલો વીઠ્ઠલનાથજી સારૂ કરે. માટે મન ખોટા ખોટા વીચાર ન કર, ચાલ હવે લુગડાં પહેરી લઉ ને પરમાત્માં પાસે એવુ માંગુ કે દરરોજ એને ઘેર એવા પ્રસંગ આવે એવુ ચહાવુ જોઇએ.

લાલદાસ-મારો મીત્ર દામાજી હજી સુધી આવ્યો કેમ નહી એ કેમ આપણી શાથે આવી રીતે વર્તે છે એના મનની ખબર મને કાંઇ પડતી નથી. એવો વીચાર કરેછે ને બહાર દીવાનખાનાની બારી આગળ જુવેછે, ના જીવ પેલો આવેછે. બસ એની મને ફી

કર થયા કરતી હતી. એટલામાં દામાજી ઉપર આવેછે. કેમ ભાઇ દામાજી તું આટલો બધો મોડો આવ્યો. તુ જાણતો હતો કે આજે લગન છે ને વળી વરઘોડો નીકળવાનો છે માટે તુ આવ્યો હવે મારી ફીકર જતી રહી કારણ કે વીધ્યા અભ્યાસ ઘણો વધી ગયો ને તેને આજકાલ સારી નોકરી મળશે એમ ધારીને આવતો નથી વાહ ! તારી આ સારી રીત કહેવાય.

દામાજી-તમે જે શબ્દ કહયાં તેને હું લાયક નથી કારણ કે જે જે તમે મને ઉપકારો કરેલા છે તેનો બદલો મારાથી વલી શકે એમ નથી.

લાલદાસ—બેસો ત્યારે ભાઇ શઠદાસને લુગડાં ને દાગીના પહેરાવો ને હું નીચે ગાડી ઘોડાઓ આવેલા છે તે બરાબર ગોઠવું છું કારણ કે ભાઇનો વરઘોડો સારો કાઢવો છે માટે તમે જલદી પહેરાવજો ને ભાઇને નીચે સાચવીને લાવજો કારણ કે ભાઇનુ ઠેકાણું નહી. તમે એની તબીએત જાણોછો માટે ભુલતા નહી.

દામાજી- ભાઇ શઠદાસ આજ તારા લગન છે માટે તુ ડાયો થઇને આડા અવળા ચાલા કરતો નહી ને આ દાગીના પહેરાવુ છું તે સાચવીને રાખવાનાછે કારણ કે આ દાગીના હજારો રૂપીઆના કહેવાય અને લુગડાંને ડાગા લગાડતો નથી.

શઠદાસ— આટલો બધો ભાર મારાથી ઉચકાશે નહી કારણ
કે માથા ઊપર પાવડી ને ઝભો ને વલી દાગીના
ડોકમાં પહેરવાના ને વળી કપાળમાં ગાજરીઓ
ને વલી વરરાજા થઇને બેસવુ એ મને ગમતુ નથી

દામાજી—ભાઇ તું જોયા કર હું લુગડા ને દાગીના પહેરાવુ
પછી અરીશામાં જોજે કેવો રૂપાલો લાગીશ ને
પાછો ઘોડા ઉપર બેશીશ તારે તને બધા શાબાશ
શાબાશ કરશે ને બધા પછવાડી બધા શેઠીઆઓ
આવશે ને તે તારી પછવાડી ચાલશે માટે એતો
સારૂ લાગે ને હું તારી સાથે રહીશ ને હુ કહુ
તે પ્રમાણે કરજે ને અમે તારી પાસે નોકર તરી
કે રહીશું.

શઠદાસ— લો તારે લુગડા ને દાગીના પહેરાવો પણ મને પર
સેવો થશે તો લુગડાં કાઢી નાંખીશ.

દામાજી— લુગડા કાઢી ન નંખાય એક પંખાવાલો તારી પાસે
રાખશુ પછી કેમ તારે કાંઇ બાબતની હરકત
રાખવી નહી.

લાલદાસ—લુગડાં પહેરાવ્યા હોયતો નીચે લાવો ને જલદી ઘોડા
ઉપર બેસાડીએ ને અગાડી ઘોડાઓ તથા વાજા
વીગેરે ચાલતાં થયાછે. માટે જલદી લાવો.

દામાજી—ભાઇ ચાલો ને હું જેમ કહું તે પ્રમાણે ઘોડા ઉપર
બેસજે એમ કહીને નીચે જાયછે લાલદાસને દા
માજી બે થઇને ઘોડા ઉપર બેસાડે છે ને વરઘોડો

નીકલે છે.

ધનપાલશા—આતો વરઘોડો આવેછે માટે અમદમીયા કશુ નાઇ હજામ પાસે સળગાવી ને પછી ઓળાય નહી એવો બંદોબસ્ત રખાવજે.

અમદમીઆ—તમારે કાંઇ ફીકર કરવી નહી.

ધનપાલશા—સેઠ લાલદાસ સરવે સદગ્રહસ્થો આ વરઘોડા શાથે આવેલા છે તેઓને જેમ બેસાડવા ઘટે તેમ બેસાડજો કારણ કે કોઇનું અપમાન થાય તો પછી તમારૂ અપમાન કહેવાય માટે એ કામ તમને સોંપુંછું કારણ કે હું બ્રાહ્મણ પાસે બેશું છું કે શાસ્ત્રી મહારાજ હવે મારૂ કામ છે.

શાસ્ત્રી- હવે તમે મારી પાસે બેશો કારણકે હવે તમારે બેશવાનુછે ને હવે વહુનો સામો કન્યાં પધરાવશે અને પછી બ્રાહ્મણ વેદ બોલેછે અને હસ્ત મેલાપ કરાવેછે

સઠદાસ- ઓ મારી માવડી આટલો બધો મારો હાથ શાંમાટે ડાબેછે નાં મારેતો પરણવુ નથી કારણકે આતાં હાથ ડાબેછે ને ચુંટી દેછે ખબરદાર જો ચુંટી દીધીતો મારા બાપને કહી દઇશ અરર આ ચુંટી દેછે જાણે આતો વીંછી કરડો ભુલ્યો મારી માવડી માગ જે ગુનો થયો હોયતે માફ કર હું તમારા ગુનામાં કાંઇ નથી આવ્યો નેતું મુંને સાને આટલી બધી સાને પજવેછે હું જાણુતો હોતતો તારી સામુ બેશત નહી

લાલદાસ—આંખના ડોળા કાડી કહેછે કે ગડબડ ના કર કંઈ સમજતો નથી હમણા તુને અમારી જોડે બેસાડીશ નકામો બુમો પડતો નહી તારી પાશે અમે કેવા બેઠા છીએ કેમ શાસ્ત્રી મહારાજ હવે કાંઇ વાર લાગવાની નથી

દામાજી—વાહ લાલદાસ તુતો ઘણો હોંશીઆર થઇ ગયો શાબા શછે અમે જાણતા હતા કે ભાઇ ઠીક બેસશે કે એ અમને ઘણી ચીંતા હતી ને આતે વખત થઇ ગયોછે શાસ્ત્રી મહારાજ કેમ કેટલી વારછે.

શાસ્ત્રી—વાર નથી હમણાં તમારી પાશે બેશાડીએ છીએ.

ધનપાલશા—આજે હવે લગનનો દીવસ વીતી ગયો ને કાલે રાતના બેઠક કાવી છે માટે મારે નાચ ને ત્યાર પછી હરી કીરતન કરાવુછે તેને માટે મે હરદાસ સાથે બંદોબસ્ત કરી લીધો તે પણ આવશે ને આ ખીરાત બેઠક સારી લાગસે ને આપણા શહેરના પંઢરપુરમાં બાદશાહછે તેમને પણ પધરાવશુ તો આખી સભા સારી દેખાસે.

ચંદનગવરી—માતાજી મુને આવા પતી સાથે લગ્ન કરાવ્યું મારો જન્મારો રદ ગયો કારણકે મુરખ પતી સાથે પરમાત્માએ સાને પાનું પાડયુ આતો જાણે કે દુધ ની અંદર ઝેર ન રેડયુ હોય હુ જેવી ભણેલીછું તેવો પતી ભણેલો જોઇએ ને મુને આવા સાથે પ રણાવી સંસાર રૂપી સમુદ્રમાં મારેતો અવતાર

કુબાડી મુને જન્મ આપ્યો તે વખતે ગેરથુથીને બદલે મારી કેમ ન નાંખી મુને પેલા કાન્તીલાલ ના શબ્દ આવે યાદ આવ્યા કેતો હતો કે તુને પર ણાવવાના છે.

લલીતા– બેન તારા કીસ્મતમ. જેવુ લખેલું તે પ્રમાણે તારૂ થયુછે માટે અમારો વાંક જરાએ નથી ને વીધાત્રા નો નથી આતો પુર્વના સંસ્કાર પ્રમાણે થાયછે જો તેં પુરવે સારૂ કરયુ હોયતો આ ભવ સારૂ થાય ને પુર્વે સારૂ ન કરયુ હોયતો આ ભવમાં તારૂ સારૂ કયાંથી થાય આપણે માથે ગમે તેવો પંતી હોય તેની શેવા પુંજા કરવી એ આપણો ધર્મછે શોભાય સ્ત્રીને ને જે રાંદેલી સ્ત્રીછે તેને કોઇ પણ પર પુરૂષની સેવા ચાકરી કરવી નહી એ સાક્ષાત પર માત્માના નામની માળા જપવી ને પોંતાના ઘરમાં મંડીર સેવા હોય ત્યાં પુજા કરવી ને ઇશ્વર ભક્તી કરવી એવો આપણો સ્ત્રીનો ધર્મછે જો એક વાત કહુ તે સાંભળ.

નર્મદા નદીના કીનારા ઉપર ઘણા રૂષીઓ અગાઉ તપ અને હજારો સાધનાના ઝંડાઓ પડી રહેતા હતા ત્યાં તેઓના આસપાસ એક ગામડુ હતુ. ત્યાં તે ગામડામાંના રાજાને બે છોકરી હતી તેઓને એક સમયે એ રાજા ખુશીમાં હતો તેવા

માં તેને કહયું કે મારી વહાલી છોકરીઓ તમે આપ કર્મી કે બાપ કર્મી તેમાં એક કહે કે હું આપ કર્મી ને બીજી કહે કે બાપ કર્મી ત્યારે પહેલીને તેના પીતાશ્રીએ કહયું કે તુ આપકર્મી છુ. તો હું તને એક વર પરણાવુ અને ત્યાર પછી આપ કર્મીને એક રગતીઆ અને કોડવાલો પતી પરણાવ્યો ને બીજી બાપ કર્મી કહેતી હતી તેને સારો પતી રોગ વગર નો પરણાવ્યો ત્યારે પેલી આપ કર્મી કહે કે મારા પિતાશ્રી એ મારી ઉપર જુલમ બહુ ગુજારયો ને મારી બેનને સારો ભણેલો ગણેલો પતી પરણાવ્યો ને એમાં મારા પીતાશ્રીનો વાંક નહી. પણ મારા કરમનો વાંક એમાં કોઇને દોષ દેવાનો નથી, કીશમત પ્રમાણે સરવે જણશ મળી આવેછે પછી એમ વીચાર કરી પોતાના મનમાં એવુ ઉઠયુ કે મારો પતી રગત પીત ને કોઢવાલો છે તો તેને આવા નર્મદા નદીના કીનારે આવેલા સ્થળો યાત્રા જેવા કહેવાય છે તે જગ્યાએ મારા પતી ને નવડાવીશ ને એવા પતીની સેવા ચાકરી કરીશ બીજુ મારે કાંઇ ન કરવુ એમ ધારી પોતાના પિતાને કહે છે કે પિતાશ્રી જે આપે મને જે પતી પરણાવ્યો છે તે રગતપીતવાલો કોડી ઓ છે તેને માટે મારે કાંઇ હરકત નથી પરંતુ મારે તમારી પાસે વીનતી કરવાની છે તે સાંભળો.— મારી ઇચ્છા એવીછે કે મારા પતીને એક સારો કંડીઓ લઇ તેના અંદર રુના ત કીઆ ભરીને અંદર રુ નાંખી પછી મારા પતીને અંદર બે સાડીને તે કરંડીઓ માથે લઇને નરમદાના કીનાંરાના દરેક યાત્રાઓ કરવા જેવા સ્થળમાં ત્યાં નવડાવીશ ને

એવી રીતે મારા પતી ની શેવા કરીશ માટે મુને યાત્રા કરવા
ની મુને રજા આપે તો હુ જાઉં ત્યારે તેનો પીતાશ્રી કહે ખુશી થી
જા અને યાત્રા કરવાની મારી કાંઇના નથી પછી પેલી આપ કર્મી
પોતાના બાપના કહેવા થી યાત્રા કરવા નીકલી પડી ને પછી પોતા
ના પતીને કડીઆ માથી કાડી રગ્તપીત વાળાને નવડાવી ને એવી
રીતે પોતાં ના પતીની સેવા ચાકરી કરતી હતી પછી એક દહાડો
એવુ બન્યુ કે પોતાના રગ્તપીત વાલા પતીને લઇ એક ગામમાં
થી જતી હતી તેમાં એક ગુનેગાર તપસ્વીને શુળી ઉપર ચ
ડાવ્યો હતો તે તપસ્વી પોતાના યોગને બળેથી શુળી ઉપર ચ
ડીને બેઠો હતો ને શુળાથી તેનો બીજો ભાઇ દુર બેશી રહયો
હતો. ત્યાં પેલી આપ કર્મી છોકરી પોતાના પતીનો માથે કંડી
આ લઇને જતી હતી તે જતાં જતાં પેલી શુળીને જરાક ક
ડીઆનો આચકો લાગ્યો એટલે પેલો આગે બેઠેલો ભાઇ કહે
કે જોતી નથી મારો ભાઇ શુળી ઉપર ચડેલો છે ને તુ એક
દમ પોતાંના ધ્યાનમાં ને ધ્યાનમાં ચાલી જાયછે ને જોતી નથી
માટે હું શ્રાપ દઉંછુ કે તારો પતી કાલે સુરજ ઉગશે કે ત
રત મરણુ પામસે પેલીએ એવુ સાંભલ્યુ કે તરત બોલી ઉઠી
કે જ્યારે મારો પતી સુર્યનારાએણ ઉગતા મરણ પામે. પછી
સ્ત્રીએ ત્રણ અંજલી પાણીની ભરીને છાંટીને કહયુ કે હે
સુર્ય નારાએણ જો મારા પતીની સેવામાં હું કાંઇ ભુલી હોય
તો ને મારાં પતીવ્રતમાં ભંગ હોયતો શુર્ય નારાએણ ઉગજે
નહીતો ઉગતો નહી એવી રીતે સંધ્યા વખતે સુર્ય નારાએણને
કહયું પેલી સતી સ્ત્રીના કહેવાથી સુર્યનારાએણ ઉદય થયા

નહી ત્યારે ત્યાં આગળ રૂશીઓ રહેતા હતા તે વીચારમાં પ
ડયાં ને બોલવા લાગ્યા કે આ તે અજબની વાત કારણ કે
જ્યારે જોઈએ ત્યારે રાત આનું શું કારણ કાંઇ કહેવાતુ
નથી પછી પેલા રૂશીએ ધ્યાન ધરીને જોયું કે આતો સતી
સ્ત્રી છે ને એને અંજની છાંટીછે તેથી કરીને સુર્ય નારાએણ
અસ્ત થયાછે માટે આપણે કાંઈ ઉપાય લેવો જોઇએ કારણ
કે આપનાથી સંધ્યા ને સુર્યનારાએણને અર્ઘ આપવાના તે
નથી અપાતા માટે આપણે અહીઆથી થોડેક અનસોયા મા
તાનુ સ્થાનક છે ત્યાં જઇ આપણે પ્રાર્થના કરીએ તો આપણુ
કામ થાય નહીતો આપણે બહુ પાપમાં પડીએ છીએ એમ
કરીને સરવે રૂશીઓ અનસોયા માતાના આશ્રમ આગળ આ
વીને પ્રાર્થના કરવા મંડી ગયા ત્યારે તેમને કહયું કે તમે ફી
કર ન કરો જેણે સુર્યનારાએણ ઉગતા બંધ કરયા છે તે હું
જાણુંછું માટે તમે તે રગતપીતવાલાની સતી સ્ત્રી નર્મદા ઉ
પર એના પતીને સ્નાન કરાવે છે ત્યાં તમો બધા જાવ ને હુ
ત્યાં આવુંછું ને પ્રભુ કરશે તો સરવેનુ સંકટ મટી જશે ને
વળી આખા જગતમાં લોકો બહુ પોકાર કરેછે કારણ કે આ
સ્રૃષ્ટીના કરનારે આવુ શું કરયું તે કોઇને ખબર પડતી નથી
એવી રીતે સરવ પ્રાર્થના કરી રહયા છે ને વલી એમ પણ
વીચાર કરેછે કે આપણુ શું થશે આતો દુનીઆમાં બહુજ
જુલમ થયો એમ કહેવાય માટે તમે જાવ ત્યાર પછી જગત
જનુની માતા અનસોયા ત્યાં આવેછે ને કહેછે કે હે સતી સ્ત્રી

તે આ શું કરયું ને તે બહુ જુલમ ગુજારયો માટે તારે જે કહેવુ હોય તે ખુશીથી કહે કારણ કે પ્રભુ સઉનું સારૂ કરેછે ને અદલ ઇનસાફ આપેછે કારણ કે પરમેસ્વરને આખા દુની આની ફીકર છે ને એતો હાથીને હારો ને કીડીને કણ આપે છે ને સરવે સુખી રાખેછેત્યારે પેલી કહે કે જગ્ત જનુંની મમાયા મને એક તપસ્વીએ મારા પતીને એક એવો શ્રાપ દીધો છે કે તારો પતી સુર્ય નારાએણ ઉગે કે તરત મરણ પામે માટે મે સુંર્ય નારાએણને કહયુ કે તુ ઉગતો નહી, ને જો મારા પતીવ્રતામાં ખામી હોય ને મારા પતીની સેવા બરા બર ન કરતી હોય તો તુ ઉગજે માટે મારે આ દુખ આવી પડયુ છે માટે આપ ન્યાય કરો ત્યારે અનસોયા માતા બોલ્યા કે તુ બધી ફીકર છોડી દે સરવે સારા વાના થશે માટે તુ સુર્ય નારાયણને ઉગવાની રજા આપ ત્યારે પેલી બોલી કે સુર્ય નારાએણ ઉગે ને મારો પતી મરણ ન પામે એવુ કરજો એ વી રીતે પોતે અનસોયા માતાને કહીને રજા આપે છે એટલે સુર્ય નારાએણ ઉગેછે ને પેલો રગતપીતવાલો મરણ પામે છે તે જોઇ પેલી સતી સ્ત્રી કહે કે આતો બહુ કેર વરતાવ્યો માટે અમને ન્યાય બરોબર મલ્યો નહી. તમે અમારૂ સારૂં ઇછ્યુ નહી. ત્યારે અનસોયા માતા કહે કે હું હમણાં તારો પતી સજીવન કરાવુ છુ પછી એમ કહી તમામ રૂષીઓને બેગા કરી તમામને કહ્યું કે તંમે તમારા અંગુઠા ધોઇને એક વાશણમાં પાણી લેવડાવી પછી તેને કહયું કે આ તારા પતી ને આચમન કરાવ કારણ કે પરમેસ્વર કરશે તો સારૂ થશે

પછી પેલી સ્ત્રી જરાક પાણી લઈ પોતાના પતીના મોમાં પાણી રેડયું કે તરત બેઠો થયો ત્યાર પછી પેલા રૂષીઓ પોત પોતાના આશ્રમમાં જતા રહયાં અને પેલા રગત પીત વાલાને જીવતો જોઇ બહુજ આનંદ પામીને અનસોયા માતા ને કહયું જે આ મારો પતી રગતપીતવાલો છે તે કયારે મટ શે, ત્યારે માતાએ કહયું કે અહીઆથી થોડેક દુર તળાવ છે તેમાં નવડાવજે એટલે તારો પતી રગતપીતવાલો છે તે મટીને સારી હાલતમાં આવશે એમ કહી અનસોયા માતા ચાલતા થયા ને પોતાના સ્થાનકપર આવ્યા ને પેલી સ્ત્રી પોતાના પતી ને લઈને જે તળાવ બતાવ્યુ હતુ તે તળાવપર લઇ ગઇ ને નવડાવ્યો કે તરંત રગતપીતવાલો મટી ગયો કે તરત તે પતી- ની શાથે લઇ પોતે પોતાના બાપ પાસે આવીને કહયું કે કેમ હું આપ કર્મી ખરી કે નહી. ત્યારે પેલો બોલ્યો કે સહુ સ હુના કીશમત પ્રમાણે થાય એમ જાણી પેલી આપ કર્મી વા લીને પોતાની રાજગાદી આપી ઈશ્વર સ્મરણ કરવા નીકળી પડયો તે વખતે છ મહીનાની રાત હતી ને સુરય ઊદય થયો નહોતો તે વખતે શ્રી કૃષ્ણ પરમાત્માએ વૈકુંઠમાં રાસ લીલા રમ્યા હતા માટે બહેન સતીના પ્રભાવથી બધુ સારૂ થાય છે માટે ધીરજના ફળ મીઠાંછે.

જનપાળશા—શેઠ લાલદાસ તમારો મીત્ર દામાજી ઘણોચાલાક ને વળી મારા સાંભલવામાં આવેછે કે એને અભ્યા

મ આરો કર્યો છે ને વીધ્વાન માણુશછે ને હુ ધારૂ છુ કે એ આગળ બહુ વધશે કારણ કે પુત્રના લક્ષણ પારણામાંથી માલમ પડે તેથી કરીને મને એનો સહવાસ થોડો થયોછે તમને તો ઘણા વખત નો ચાલ્યો આવેછે તેથી તમે પણ જાણતા હસો કે માણુસ લાયકછે.

લાલદાસ—સેઠ ધનપાલશા એતો ઘણો લાયકછે પરંતુ આજે વાડ વના વેલો ચડતો નથી માટે બાદશાહ સાહેબ ને આપ ભલામણ કરો તો આંવા માણુસનું કામ થાય એવી મારી આપને વીનંતી છે કોઇ આપણ ને ચાહતો હોય તો એનુ આપને સારૂ કરવુ માંટે મારી ભલામણ તમને એટલાછે કહેવતછે કે ભાઇ મરે તારે બેન કુટવામાં બાકી તો ન રાખે માટે એ કામ કરવાને ભુલસો નહી.

ધનપાળસા—આજે આપને ત્યાં બાદશાહ પધારસે તેની હુ નક્કી ભલમાણ કરીશ ને તે વખતે યાદ ન આવે તો તમે યાદ દેવરાવા રેજો. કારણ કે મારો ભુલકણો સ્વભાવ છે.

અમદમીઆ—શેઠજી પંઢરપૂરકા ધણી આતાહે માટે તુમેરેકુ જાના ચઇએ નહીતો આપકી મરજી.

ધનપાલશા—અબી જાતા હું એતો બાદશાહ સારી રીતે મેરેકુ પીછાનતે હે ધનપાળશા શેઠને ત્યાં લગ્નછે ને હુ સઘળી ભલામણ કરી આવ્યો છુ માટે કુછ

ફીકર નહી શાંભળો અમે વાણીઆ ભાઇ એક કામમાં એકામ કરીએ.

બાદશાહ—વાહ શેઠજી ધનપાળશા આપે મંડપની રચના અચ્છી તરેહસે બનાવી છે ને રોશની પણ બોત તારીફસે બનાઈ હે તુમને બોત હમારેપે તકલીફ લીઈ હે તુમ બોત જુના જમાનેકા માણસ હે ઈસ લીયે તુમેરે ઘર કોઇ ચીજ થોડી તીકુભી નહી.

લાલદાસ—આપણા દામાજીની ભલામણ કરવા મેં આપને કહ્યું છે માટે હવે વખત ઠીક આવ્યો છે ને ગયો વખત ફરી ફરીને નહી આવે વખતે બાદશાહને દામાજીની ભલામણ કરાવી આપોતો ઘણું સારૂ કેમકે એને રસ્તે ચડાવવો તેમાં આપણું સારૂ કહેવાય ને એનો અભ્યાસ પણ સારો છે વીદવાન માણસ છે મે આપણે જો ન કરીએ તો એને બીજો વશીલો નથી, માટે આપણે કહેવુ જોઇએ.

ધનપાળશા—તમે એની ફીકર કરો નહી મારો દાવ આવશે એટલે હું ભુલવાનો નથી તમારા કરતા મને બહુ ફીકર છે, અને એ લાયક માણસ છે ને તમારો પરમ સ્નેહી છે વાસ્તે મારી બનતી મહેનતથી આ દામાજીને નોકરી અપાવીશ ને મારૂ કહ્યુ માનશે કારણ કે આપણા ગામનો બાદશાહ ઘણોજ ઉદાર જીવનો છે ને પ્રજાને અદલ ઈનશાફ આપે

છે ને બહુ ભલો આપણા શહેરનો સરદાર છે. માટે લાલદાસ કાંઇ ફીકર કરો નહી એને હુ ભલામણ કરશું પણ મને તમે સંભાળી આપ્યું તે ઘણું સારૂ કરયું નહીતો હું ભુલી જાત તમે મને ઠીક યાદ દેવડાવ્યું ને તમને જે જે વખતો યાદ કર વાની તે બરોબર યાદ રહેછે.

લાલદાસ—તમે કહયું હતુ કે બાદશાહ સાહેબ એકક વખતે પધારે તે વખતે મને ઇશારેત કરજે ભુલતો નહી માટે હું કેમ ભુલી જાઉ એ કામની તો આપણને ઘણીજ કાળજી ને બીજી વાત ભુલી જવાય પણ દામાજી વાસ્તે હું કાંઇ પણ ભુલી ન જવાય કારણ કે એને નોકરી મળશે, કારણ કે વીદ વાંન માણસને આ ગામમાં નોકરી ન મલે તો તેને બીજા ગા મમાં મળે કારણ કે વીદવાન માણસ સરવે જગ્યાએ પોશાય છે ને દામાજીતો વીદ્યા અભ્યાસમા પુરો અને ચાલાક અનેઆ માણીકને ભકતીમાં પણ એની લાગણી બહુ માટે એમાણસને ઠેકાણે પાડીએતો આપણુ સારૂ થાય એમાણસને આપણને બ હું ચાહેછે માટે આપણે એનું કામ કરવુ જોઇએ એ સજ્જન પુરૂષનુ કામછે કારણક કોઇ માણસ આપણે વીશવાશે બેશી ર હ્યો હોયતો એનું કામ આપણે બજાવવું એ આપણો ધર્મ છે. ખરાબ આપણે ઇછવુ નહી કારણ કે તેમાં આપણું સારૂ ન થાય માટે આપણા સ્નેહીની સંકટ વખતે આપણે એને મદદ કરવી જોઇએ.

બાદશાહ તમે આટલી બધી ગરબડ કેમ કરી મુકી છે માટે જે વાત મને કહેવી હોય તે કહો તમારે કાંઇ બીકી

મુ નહી જે કહેવુ હોય તે ગફલત ખાતા નહી ને ફરી ફરીને આવો વખત નહી આવે માટે ખુશીથી કહો મારી ધ્યાનમા આવશે તો હું હા કહીશ.

ધનપાળશાહ—અમારા બેવાહીનો પરમ સ્નેહી દામાજી કરીને એનો દોસ્તદાર છે તેની મને ભલામણુ કરવાની કહીછે માટે વે વાત આપને મોઢે વીદીત કરણું, દામાજી ઘણો હોંશી આર માણુસ છે ને વીધ્યાભ્યાસમાં ઘણો ચાલાક છે ને વળી પ્રમાણીક માણુસ છે ને મારી ખાતરીનો માણુસ છે માટે એને આપ સાહેબ કોઈ નોકરી આપોતો ઘણુજ સારૂ

બાદશાહ—કોણુ દામાજી એ ઘણો .પ્રમાણીક માણુસ એ ભાણુવાં ગણુવામાં કેવો છે. તે બાબત હું વાકેફગાર છું ને દર વખતે પરિક્ષામાં પાસ થાય છે ને એ અભ્યાસ કરવામાં ઘણો ચાલાક છે. માટે હું એને બેદરપુરાની નોકરી આજથી આપુ છું ને એને મોટો કરભારી બેદરપુરાનો બનાવુછું ને એના પગાર બારમહીને ચોવીશે રૂપીઆ પગાર ને રાજ તરફથી એક દરવેશ સારો આપવામાં આવેછે તે હુ એને દરબાર માં બોલાવીશ તે વખતે તેને આપીશ

ધનપાલશા—વાહ સાહેબ વાહ અમારી ઉપર તમે બ હુ મેહેરબાની કરીછે આ તમારો ઉપકાર મારાથી કેમ ભુલાશે

બાદશાહ—જે આદમી પ્રમાણીકપણુાથી નોકરી ને રાજનુ તથા પોતાની રઈયતનું સારૂ ઇછીને કામ કરે તેનુ ઘણુ સારૂ થાયછે ને કામમા પણુ તે માણુસ વધેછે ને દેશો દેશમાં તેની કીર્તી સારી જણુાય માટે મે આ નોકરી આપી છે તે

તમારા ભલામણથી હું પણ ધારૂ છું કે એ માણસ સારૂ કામ બજાવશે તેમ ધારી એને નોકરી આપુછુ ને તમે આજ બેઠકની સારી યુકતી રાખીછે ને રાગ રંગ પણ સારા થાયછે તે જોઇ મારૂ દીલ બહું ખુસ થાયછે.

ધનપાલશા—દામાજી સરવેંને હવે પાન સેપારી આપવા મંડી જાવ કારણ કે બાદશાહ સાહેબને બહુ વાર લાગી માટે એ કામ જલદીથી કરો.

દામાજી–હમણાં આપુછુ એમ કરીને હાથમાં એક અતરદાની ને ફુલના હાર તથા કલગી આપવાં ગયા ને પછી પાનસેપારી આપી રહયા તે જોઈ ધનપાળશા પણ દામાજી ઊપર ખુશ થયા કે આવા માણસનુ કામ આપણે ઠીક કરયુ ને પછી બાદશાહ પોતાના દરબારમાં જાય છે ને ધનપાળશા બાદશાહને મુકવા જાયછે ને મુકીને આવેછે ત્યાર પછી હરી કીરતન થાયછે. તેમાં પરમાત્માનુ ભજન સાંભલા લોકો બહુ ખુશ થાયછે.

લાલદાશ—હવે અમને રૂજા આપો કારણકે હવે તમારે ત્યાં રોકાયા માટે હવે જે પ્રમાણે સર્વેને પેરામણી આવવા હોય તેપ્રમાણે આપો

ધનપાળશાહ—હમણા દઉછુ એમ કરી સરવેને પેરામણી આપેછે નેસરવે વીદાય કરેછે નેપોતાની છોકરીને મોકલેછે કહેછે કેબેટા કાંઇ ફીકર કરવી નહી નેહુ પાચ ૭ દીવસમા તેડુ કરાવી લઇશ

ચંદનગૌરી—પીતાશ્રી છોકરીછે તેપરણ્યા પછી પોતાને સાસરે રહે તેસારૂ કારણકે માબાપનુ હજારો પૈસાનું સુખ હોય અને પોતાને સાસરે ખાવાને ન હોયતો પોતાના સ્વામીની સેવા કરી જે ઘરમાં હોય તે ખાવું કારણકે એ સતી સ્ત્રીઓના લક્ષણછે માટે તમારે વાસ્તે કાંઇ ફીકર કરવી નહી મારા સાસુ સસરા છે તે પણ હું માં બાપ તરીકે માનુછું

લલીતા—બેટા ચંદન ગવરી મે તને આજે તારાથીહું વીખુટી પડીછું કારણ કે મારી પાશે તેઆજ સુધી દીવસો કાઢ્યા ને તને મોકલતા મારૂ મન થતુ નથી પણ સસાર ની રૂઢી પ્રમાણે મોકલ્યા વગર છુટકો નહી

ચંદનગવરી—માતાજી છોકરી એ પોતાના માતા તથા પીતા નુસુખ ખુબ દીઠુ હોય[redacted]પણ પોતાના સાસરી માં રહેવુ એ સારૂં કારણકે મારે મારા પતી એ પરમેશ્વર તુલ્ય અને એની સેવા કરીશ એમાંમુને ઘણુ પુન્યછે ને એ પ્રતી વ્રતા નો ધર્મછે મે ઘણાં પુસ્તકો આપણા ધર્મ ના વાંચ્યા પણ પતી ની સેવા કરવી અને સાસુ સસરા ના કીધા મુજબ કામ કરવુ ને સાસું સસરા ને મા બાપ તરીકે ગણવા ને એમને દુખી ન કરવા એ વહુ નો ધર્મછે તેથી કરીને આપણી જ્ઞાતી મા તથા પર જ્ઞાતીમાં સારા કેહેવાય અને આપણી સારી કીર્તી રહે ને સ્ત્રીપોતાના પતી ની સેવા કરીનથી ને સાસુ સસરાની સેવા કરી નથી ને ઘણી સ્ત્રી ઓ દુખી થાયછે નેઘરમાં કંકાસ રહેછે ને આખરે ઘરમાં તેઓને ખાવા નથી મલતુ માટે એમને દુભાવા નહી

જો અટલી શીખામણ પ્રમાણે હુ ચાલીશ તો મનેકોઇ બાબત માં દુખ નથી નોકર દુખના મોજા દેખુછું માટે મારી ફીકર કરતા નહી

ધનપાલશા—સરવે ભાઇઓ વેલા આવજો ને બોલ્યુ ચાલ્યુ માફ કરજો.

દામાજી—એમા બોલ્યુ ચાલ્યુ શું આપનો ઉપકાર તો હું અથવા મારો પરમ સ્નેહી ભુલનાર નથી એમ કરીને પોતા ના વેવાઇ ને અરસ પરસ ભેટેછે ને સામ સામી રજા લેછે.

લાલદાશ—ભાઇ દામાજી તું કાલે બાદશાહના દરબાર માં જજે, અને એમ કહેતા હતા કે એમને પોશાક આપી બેદરપુરામાં મોકલીશ.

દામાજી—હું સવારના પહોરમાં જે વખતે દરબાર ભરાશે તે વખતે જઇશ ને પછી દરબારમાં જઇને આવીશ તારી પાશે તે બાબતમાં તુ ફીકર કરતો નહી (એમ કરીને દામાજી પોતાના ઘેર જવા રજા લેછે ને જાયછે.)

કસ્તુર—બેટા ચંદનગવરી આ તમારા દીવાનખાનામાંજજો

ચંદનગવરી—વારૂ માતુશ્રી એમ કરી પોતાના દીવાન ખાનામાં નદાયછે, તે દીવાનખાનું જુવેછે આતો એક વરતમાન હોય એવુ મુને દીવાનખાનું લાગેછે દીવાનખાંનામાં રંગને રો ગાનને ફ્રરનાચરની શોભા શુ કહુ એતો જાણે મારા બાપે મં ડપની રચના કરી હતી તેવીછે કહેવતછે કે જર ચાયશો કર

પણ હજુ મારા પ્રાણ પતી કેમ ન આવ્યા એને માટે મેં દુધ ઉનુંનેઉનુ રાખ્યુછે પરંતુ એ મોઢા આવસે તો દુધ ઠરીજશે એટલા માં દીવાનખાનાના બારણા સાંમુ જુવેછે ને કહેછે. કેજો આ મારા પ્રાણ પતી આવેછે ને કહે છે કે મારા પ્રાણપતી અત્યાર સુધી ક્યાં હતા.

સઠદાસ— પ્રાણપતી તુ કોને કહેછે ને એવા અધરા શબ્દ બોલતી નહી એમાં મને સમજ પડતી નથી ને તારો પ્રાણ જેને આપ્યો હોય તેને તુ પ્રાણપતી કહે.

ચંદનગવરી—આતો કાંઇ મુરખ પતી જેવો લાગે છે પણ ખેર મારા પ્રાણનાથને એક દુધનો પ્યાલો ભરીને આપું નહી તો નકામુ દુધ પડી રહેશે.

શઠદાસ—મહારે તો કાંઈ દુધ પીવુ નથી.

ચંદનગવરી—હે જગ કર્તા પરમેશ્વર મને આવા પતી શાથે શાને પાનુ પડાવ્યું મે આવા પુરવે શુ પાપ કરેલાં છે કે બધી વાતે સખ ને એક ફકત પતીજ મને આવો મેળવ્યો કારણ કે સ્ત્રી છે તે ઘરની પ્રધાન તરીકે માનીએ કારણ કે પુરૂશ કમાઇને લાવે ને સ્ત્રી ઘર સબંધીમાં કર કસર કરીને બચાવ કરે માટે પતીની સ્ત્રી અરધાંગના ને શુખ દુખ વખતે ભાગ લેનારી. આતો પોતાની મરજીમાં આવે તેમ બોલેછે ને ઘડીકવાર અહીઆ બેસેછે ને ઘડીકમાં ઝુમરને હાથ અડાડે છે ને ઘડીકવારમાં ચોપડીઓ લે છે ને મારી શાથે તો વાત ચીત કરસો નથી કેવી પરમાત્માની કમ મહેરબાની.

ભુજંગી.

પતીરે અતી મંદ બુધ્ધી તો ભારી
સંસારમાં માહરી થઇ ખુવારી
કરે આળ પંપાળને મુર્ખ ચાળા
ગતી શી થશે માહરી મોરલીવાળા

મારા પ્રાણપતી હું તમને એક સુગંધીદાર અત્તરનુ પુમ ડુ આપુ તે જરાક સુંગો કારણ કે એ અતર સારી વાસ આપેછે ને મગજને પણ સારૂં પ્રફુલીત કરેછે ને આખા શરી રમાં બહેક બહેક થઇ રહે ને એ અતરના પુમડાની કીમત સાત રૂપીએ તોલો મલેછે ને બહુ ઊચામાં ઊચુ અતર છે,

સઠદાસ—બળ્યુ તારૂ અત્તર હુ મારી મોજમાં આવે તે મ કરૂ પણ લાવ જોઉ અતર કેવુછે એમ કરીને જુએછે ઓહો આતો જાણે તેલ જેવું લાગેછે પણ લાવ સાત રૂપીએ તોલો એમ કરી પોતે તે અતરનુ પુમડુ ખાઇ જાયછે.

ચંદનગવરી- તમે આશું કર્યું અતરનું પુમડુ આપ્યુ તે આપ ખાઇ ગયા હવે તમને મારે શું કહેવુ હવે કાંઇ બાકી ન રહી પ્રાણનાથ આપે અભ્યાસ ક્યાં સુધી કર્યોછે તે આપ કહો

સઠદાસ—અભ્યાશ એટલે શું અમારે અભ્યાસનુ શું આ ખાઇ પીને મોજ કરીએ તે અભ્યાસ ને વળી કોઇ વખ્તે પા ટલા ઉપર ધુલ ભભરાવી હોયલો કોણુ જાણે મારા બાપ પાશે પૈસો ટકો ખુબછે એટલે મારે કાંઇ ભણવાની જરૂર નથી, બ

હાતો મોજમાં આવેતેમફરેહરે આપણે ભણીએતો ગામના છોક
રા બીખ ન માગે માટે ભણીને શું કરવુ છે.

ચંદનગવરી—પતી મહારા સાંભલો મહારી વાત (૨)
પ્રેમ ગુંથણીનો પ્યાલો પાઇને કરો મને તમે શાંત
આલીંગન કરવાને આવો પતી મહારા નાથ
તમે પતી ને હું નારી તમારી તે જોડુ બન્યુ સગાથ
કુલમ કદમ ને કેળના જેવી મુજ શરીરનો રંગ
એકવાર ચુમ્બન કરવાને લ્યોને તમે પ્રસંગ

શંઠદાસ—ગરબડ સડબડ કર નહી વાત તુતો મારીછે માત
ઝાઝી કરજે નહી વાત નહીતો મારીશ તુને લાત

દોહરો.

પ્રથમ પ્રીતી બાંધે નહી ને અણસમજુ છે નાથ
ગાંડો ને ગરજુ નહી એવા પતી મલ્યા મુજ નાથ

હે જગકર્તા પ્રભુ મારો જન્મારો કેમ જશે એ મને જરા પણ ખબર પડતી નથી પણ જે થયુ છે તે કાંઇ મટી જવાનુ નથી. કારણ કે આપણી નાતરીઆ નાત નથી. હવે જે થવાનુ હશે તે થસે માટે મારા ગ્નાતી અગર પરગ્નાતીના પુરૂસો જ્યારે પોતાની છોકરીનુ અથવા છોકરાનુ સગપણ કરો તે વખતે વીચારીને કરજો નહી તો મારા જેવા હ. સમજવા.

કસ્તુર—બેટા ચંદનગવરી દીવાન ખાંનામા આટલો બધો શોરબકાટ સું માંડયોછે તેની કાંઇ ખબર પડતી નથી નેબહાર દર વાજા પર જાણે કોઇ રૂદન કરતુહોય એમ લાગેછે માટે આપ સ મજુ થઇને એવુ કરી બેશો તેબહુ ખોટું કારણ કે આગળ લાંબા દીવસો લેવાનાછે માટે આપ વીચાર કરો જેથયું છે તેકાંઇ મીથ્યા થવાનુંછે માટે વીચાર કરો ને શાંત થાવ

સઠદાસ—કસ્તુરબા કસ્તુરબા હુંજ્યાર નો દીવાન ખાંના માં ગયો ત્યારની મુંને બેસવા દેતી નથી

કસ્તુર—આંખ ના ડોળા કાઢી નેકહેછે હુ જાણુંછુ એટલે સઠદાસ દીવાનખાનામાંથી બોબાર ગણેછે ને બહાર કસ્તુરઆવેછે. પોતાના પતી પાશે સરવે હકીકત કહેછે હવે કાંઇ ઇલાજ હોય તે કરો કારણકે આપણી હવે ધણી અપવા ઉડશે પણ આપણી ચંદનગવરી ઘણું સમજુછે એટલે આપણ ને કાંઇ શીકર નથી કારણ કે એ ખાનદાનુ છોકરૂછે ને એમ સમજેછે કે આપણે કોઇ ને વાતો કરીએ તો આપણા ઘર ની આબરૂ જાય માટે વી ચાર વંત વહુછે પણ કાંઇ દામાજી ની સલાહ લઇ ને એને સા રૂ થાય તેમ કરો

લાલદાસ—ચાલ હું દામાજી પાસે જાઉંછું ને જે કહે શુ હશે તે પ્રમાણે કરીશ માટે તું શીકર છોડી દેજે કીશમત માં લખ્યું હસે તેમ થશે.

દામાજી—આતો સામે રસ્તે આવેછે, એતો મારો પર મ સ્નેહી મીત્ર લાલદાસ, ને પછી બારીએથી બુમો પાડે છે આવો સેઠ લાલદાસ આવો તમે તો મારી ઉપર બહુજ પ્રેમ

સંબોધી તે જોઇને મારા અંતઃકરણમાં મને આનંદ ઉભરાઇ આવ્યા કરેછે લાલદાશને બેસવાને બીછાનુ પાથરીને બેશાડેછે.

દામાજી—આપણે અત્યારે આવવું પડ્યુ તેનુ શું કારણ છે તેને કરવાનુ હોય તેકહો

લાલદાસ—ભાઇ આપણા સહદાસનો મગજ ફરેલો છે કોઇ સાધુસંત ઇલાજજાણુતા હોયતો તુમને કહે કારણકે તારો સહવાસ સાધુ સંતમાં ઘણો માટે તે ચમત્કારી પુરૂષો કાણુછે તેતુ સારી રીતે જાણુતો હશે માટે તુમને કેહે નહીતો ભાઇના બુરા હવાલ નેમારા પણ બુરા હાલ કારણકે પરમેશ્વરે આપણુને પૈસો ટકો મેં ફકત આજ ખામી બીજી કશી નવાઈ માટે અમને રાતને દીવસ ઊંઘ આવતી નથી ને રોજ શેર શેર લોહી અમારા સરીર ઉપરથી શુકાઇ જાયછે માટે તુ એને જેમ ઇલાજ થાય તેમ કર ને પૈસા ખરચવા વાસ્તે તુબીતો નહી ને જેખર્ચ થશે તે આપીશ માટે મહેરબાની કરીને તારી બન્તી કોશીસથી ચુકામ કરજે ભુલતો નહી.

દામાજી—ભાઇ લાલદાશ ત્હારે કાંઇ દુખી ન થાવુ ને સવારના પહોરમાં મારે ત્યાં મોકલજે પછી જેકરવુ હશે તેકરીશ પણઆતું વાત વીસરતો નહી આપણો પંઢરપુર વાળોવીઠલનાથજી સરવેનુ સારૂ કરેછે માટે સવારે પાતઃકાળમાં મોકલજે પછી લાલદાશ રજા લઈ જાયછે,

દામાજી—આપણા ભકત રાજ પાસે જાઉં એમ કરી પોતે લુગડાં પહેરીને ચંદ્રભાગા નદીના તીર આગળ આવીપેલા ભકત રાજને નમસ્કાર કરી ભગતના આશ્રમમાં બેઠા નેપુછ્યુ

કે કેમ ભાઇ આજ તારે ઘણા દીવસે અમારી પાસે આવવા નુ થયુ તે તુઅમને કહે ભાઇ મારા બાઇનો છોકરો છે તેનો જરા મગજ ફરી ગયુછે માટે કાંઇ ઇલાજ હોયતે બતાવો

સુંદર ભક્ત—ભાઈ દામાજી તુ સવારના પહોરમાં ઉઠી વીઠલનુ શમરણુ કરી પછી ત્યાં ઘીનો દીવો કરી જે તારા દેવ સેવા ઠાકોરજી વીઠલનાથજીનુ નામ દેવરાવી એના ચરણા મ્રતનુ એક ચમચામાં જરાકપીશે એટલે એ છોકરો ડાહયો થસે માટે તુ ફીકર તજી દે ને એ પ્રમાણે કરજે ભુલતો નહી. ને ભાઇ બેદરપુરામાં અમલદારની જગ્યા બાદશાહ સાહેબે આપી તે અમારા સાંભલવામાં આવીછે તે ખરી વાત કે નહી.

કસ્તુર—ભાઇ અત્યારે તારા દામાજી કાકાને ત્યાં જઇ ને બેશજે ને કહેજ કે શું કામછે એમ કહીને બેશજે.

શઠદાસ—વારૂ માતુશ્રી હુ જાઉ છુ ને દામાજી કાકા પાસે જઇશ એમ કહીને જાયછે.

દામાજી—હજી સુધી ભાઇ શઠદાસ કેમ નથી આવ્યો હુ તો પ્રાતઃકાળમાં ઉઠી વાટ જોઇને બેઠોછું પરંતુ હજીપણ આવ્યો નહી એમ વીચાર કરેછે. એટલામાં શઠદાસ આવે છે એટલે કહેછે કે ભાઇ તુ આવ્યો બેશ હુ તો તારી વાર જોઇ ને બેઠોછુ પછી વીઠલનાથજીની પુંજા કરેલી તેમાંથી એક ચ મચો ચરણામૃત આપીને કહયુ કે ભાઇ આ વીઠલનાથજીનુ નામ દઇ તું પી જજે.

શઠદાસ—વારૂ આપના કહેવા મુજબ હુ પી જઇશ એમ કહી વીઠલનાથજીનું નામ દઇ પી જાયછે કે તરત ભાઇ

ની કાન્તી ફરી જાયછે ને જાણે કોઈ ડાહયો માણસ બેઠો હોય તેમ તે બેઠોછે ને કહેછે કે હવે જાઉંછુ.

દામાજી– ભાઈ તુ આવજે અને તારા બાપને કહેજે કે અમારા દોસ્તદારને મોકલો.

શઠદાસ–જતાવારમાં મોકલીશ તે બાબતની ફીકર તમે મુકી દેજો ને મારૂ મન પહેલા હતુ તે કરતાં મને પણ સારૂ લાગેછે.

લાલદાસ—કેમ ભાઇ આવ્યો

શઠદાસ—હા પીતાશ્રી હુ આવ્યો ને તમારા પરમ સ્નેહી મીત્રએ તમને બોલાવ્યા છે માટે જજો.

લાલદાસ–ઠીક હું જઈશ.

ધનપાળશા–અમદમીઆ આજ આપણી ચંદનગવરીને તેડી લાવવી છે માટે તુ નીચે રહે અને હું આવુછુ એમ કહી શેઠ લુગડા પહેરીને નીચે ઉતરે છે ને લાલદાસના ઘેર આવેછે

લાલદાસ–કેમ શેઠજી જયશ્રીકૃષ્ણ.

ધનપાળશા–જયશ્રી કૃષ્ણ ખુશી તો ખરા, પછી કહે છે કે અમારી ચંદનગવરી છોકરીને મોકલો એને હુ તેડવા આવ્યો છુ.

લાલદાસ–ખુશીથી તેડી જાવ ને એની બેનપણીને પણ કાંઇ સાથે લાવ્યા છો.

ધનપાલશા–શેઠજી એની સખીઓની નાનપણથી તેઓની સાથે બેનપણા છે તે કહે કે હમે પણ આવશુ એટલે એને હુ તેડવા આવ્યો છુ એટલી વાતો કરે છે એટલામાં

ચંદનગવરી બહાર આવેછે.

ચંદનગવરી-કોણ પીતાજી એમ કહીને ગભરાઈ ગઇ ને જરાક આંખમાં આંશુ આવ્યા ને પોતે ચતુર એટલે આંસુ લુછીને કેમ બેનો તમો આવ્યા હુ તમને જોઇને ખુશી થાઉછુ

ધનપાલશા-કેમ બેન જે કાંઈ દુખ હોય તે કહે કોઇએ તને ઠપકો આપ્યો કે કાંઈ કામ કરવાનું વધારે સોંપ્યુ તે જે પ્રમાણે હોય તે પ્રમાણે કહે કે પતી તરફનુ દુખછે.

દીવાનખાનાનો સ્થળ.

ચંદનગવરી—એ એ એ પતી મહારા પ્યારા પ્રાણ
સમજે મારા પીતા ચતુરસુજાણ એ.
હુ વરણાગી નહી હીણભાગી
મારી સરવે ઠેકાણે સુવાણ. એ.

લખ્યા લેખ મીટે નહી ને લખ્યા પ્રમાણે થાય
સ્વામીની સેવા કરે તે સતી સ્ત્રી કહેવાય.

ધનપાલશા—ચાલોની ગામ
ચંદનગવરી—મારી પુરી છેહાંમ
સખીઓ—પરણ પુરણ કરસે કામ

ચંદનગવરી—એવી મારી છેવાણુ—એ

કીશોરકમલા—વાહરે એની

ચંદનગવરી—શુછે કેની

સખીઓ—કાન્તીલાલની પ્રીતી જોડ
ચાને મોઢુ તું કરમોડ

ચંદનગવરી— વાહવાહરે સખી તે ખુબી જણાવી
મારા બાપે વર સઠદાસ સાથે પરણાવી
જા...............ને...............તું

કીશોરકમલા— તુ કેતો હુ લાવુ એને

ચંદનગવરી—બકવાં તુંતો છોડી દેને
સઠદાસછે એ પ્યારો પ્રાણુ
સમજુ એછે ને ચતુરસુજાણુ એ

કીશોરકમલા— બેન, તારી ચાલાકી બહુ તું અમારાથી શરમાતી હતી તેથી મોડે કહેતી નથી.

ચંદનગવરી— ભરી એ તારી વાત મારા પીતાશ્રી જાણુ સે તો મુને વઢસે માટે તુ એ વાત મુકીદે મારે સાશરે કાંઇ દુઃખ નથી, બધી વાતે સુંખછે માટે-તુને હુ શુ કહુ.

ધનપાલશેઠ—બેટા ચંદનગવરી ચાલો આપણે ઘેર એમ કરી લાલદાસ પાસે રજા લેછે ને જાયછે.

લલીતા— કોણુ બેન ચંદનગવરી આવી કે હું તો તારી વાટ જોઇ બેઠી પણ એ કેમ ન આવી મજા તારા સાસરામાં

જરાએ દુઃખ નહી હોય કારણકે જેવા આપણે નાતમાં સેઠ તરીકે ઓળખાઇએ છીએ તેવા એ ઓળખાયછે ને પૈસે ટકે અરશ પરશ બરોબર માટે કશુ દુઃખ જાણવુ નહી.

કીશોરકમલા— જ્યારે અમે તેડવા ગયા તે વખતે બેન ની આંખમાં ઝરઝરીઆ ભરાઇ આવ્યા હતા પણ શું કરે.

લલીતા— બેન ખરી વાત કે નહીતો તારી સખીઓ જુઠુ ન બોલે.

ચંદનગવરી—મારી વાલી માતુશ્રી તારાથી જરા કે કોઇ દીવસ બહાર નથી નીકળી ને પછી ગમે તેટલા દીવસ રહી ને પોતાના માબાપને આઘેથી જોયા તો આંખમાં આંસુ ન ભરાઇ આવે કારણકે એકતો માબાપનુ સુખ ને બીજો માબાપનો પ્યાર ત્રીજુ તો ઘણા દીવસે તમથી વેગળી પડી તે જોઇને મને કશુ દુઃખ નથી માટે મારી બાબતમાં કાંઇ પણ વીચાર કરતા નહી.

શઠદાસ—પીતા શ્રી હવે દીવસે દીવસે મારૂં શરીર ઠીકછે કારણકે મુને પહેલા કાંઇ ગમ પડતીજ નહોતી ને હવે બધી સુઝ પડેછે માટે મુને કાંઇ વેપાર સબંધી કાંઇ કામકાજ બતાવો કારણકે આપણે વણીક જાત કહેવાઇએ છતા કાંઇ વેપાર ન સમજીએ તો આપણે અણઘડ કહેવાઇએ કારણકે આપણેતો વેપાર કરવો જોઇએ કારણકે નફો આવે કે ખોટ જાય પણ વેપાર કરવો જોઇએ.

લાલદાશ—ભાઇને હવે કાંઇ સારૂ થયુ ને હવે વેપારની અંદર નાંખવો નહીતો ભાઇને આગળ શું ખબર પડશે. આંજે

ભાઇને જોઇ મુને આનંદ બહુ થાયછે ને આખા ગામમાં થઇ રહેછે કે લાલદાશ પુત્ર સહદાશ મન ફરેલ હતો તે સારો થઈ ગયોછે તે આખા ગામમાં વાત ચાલેછે.

કસ્તુર—મારે આજ ઘણો આનંદ થયોછે કારણકે આ વુ સારૂ થશે એમ જાણતા નહી હતા માટે તમારા મીત્ર દામાજીને ધન્ય છે એણે આપણુ ઘણુ કામ કરયુ ને એનો ઊપકાર કોઇ દીવસ ભુલવાનો નથી પણ એને કહયુ છેકે તારા પીતાશ્રીને મારી પાશે મોકલજે એવી રીતે મુને કહયુછે માટે હું જાઉછુ એમ કરીને દામાજીને ત્યાં જાયછે.

દામાજી—કોણ ભાઇ લાલદાશ ભાઇને કેમછે તેતો કહો મુને એની કયારની ચીંતા થયા કરેછે માટે મુને એનો પ્રતી ઉત્તર આપો.

લાલદાશ—ધન્યછે તારી ભક્તિને ને ભક્તિમાં સાર છે ને હું નોતો જાણુતો કે ભક્તિનો આવો પ્રભાવ છે ને ભક્તિને લીધે તુને આવી સારી નોકરી મલી બહુ સારૂ થયુ માટે ભાઇ તારા કરેલા ઉપકારનો બદલો મારાથી વળી શકવાનો નથી. પણ શું કરૂં.

દામાજી—મારે આજે દરબારમાં જવાનુછે માટે હવે હુ જઇશ ને તુ લાલદાશ એને સારી રીતે એની સાથે વરતજે ને એનુ મગજ ફરેલ હતું તે આવે જતુ રહયુ ને હવે એનો વીશ્વાસ કરજો ને કાંઇ ચીજ ગફલત કરે એમ લાગતુ નથી.

લાલદાશ—એતો મોટા મોટા વેપાર અને તેનો હીસાબ

પણ મને બરોબર આપેછે માટે મે તો હવે બધી ફીકર છોડી એ જાણે ને એનુ ઘર જાણે મારેતો હવે ઇશ્વર ભકતીમાં દી વસો ગાળવા છે કારણ કે મારે જે દુંઃખ હતું તે જતુ રહયું ને મારે એ શઠદાસ એકનો એક છોકરો છે માટે મારે કોના થી છાનુ રાખવાનુ છે એમ કહીને રજા લે છે. ભાઇ દામાજી તુ ખુશીથી દરબારમાં જજે ને તારે મહારા જેવુ કામ કાજ હોય તે ખુશીથી કહેજે ને આપણા વેવાહીને ને રાજાને સારી ભાઇબંધી છે એટલે તારે કાંઇ બાબતની ફીકર કરવી નહી. ને તારા માથા ઉપર અમે બેઠેલા છીએ માટે એ મડકથી જે કામ સોંપે તે કરવુ. અમે તારી પાછળ છીએ માટે તુ ખુશી થી જા ને હુ મારે ઘેર જાઉંછુ.

શઠદાસ—કેમ પીતાશ્રી આપ કયાં હતા ને આટલી બધી વાર કયાં લાગી તે આપ કહો.

લાલદાસ-બેટા હુ મારા પરમ મીત્ર દામાજી પાસે ગયો હતો ને મારે ખાનગી વાતચીત કરવાની હતી. તે કરીને હું આવતો રહયો ને મારો દોસ્તદાર દરબારમાં બાદશાહ પાસે ગયો.

બાદશાહ—કેમ દામાજી આવ્યો કે

દામાજી—હા સાહેબ આપ સરકારનો હુકમ હતો કે દ દરબારમાં આવજે એટલે હુ આવ્યો તે આપને જાહેર કરૂ છુ

બાદશાહ—ચોપદાર આપણે પેલા કબાટમાં ડ્રેસ રખા વેલા ને તેમાંનો એક સારો ડરેસ આપો, આ દામાજીને આ જથી બેદરપુરાનો મોટો અધીકારી બનાવ્યો છે એવી. મેં હાંલ

નીમણુક કરીછે ને બેદરપુરામાં જે માણુશ છે તેને મારી હજુરમાં નીમ્યો છે ને એને પગાર મે વધારયો છે કારણ કે એ ઘણા દીવસનો અનુંભવી માણુસ છે ને એને સારી નોકરી વફાદારીથી કરી છે માટે એને આ સારી જગ્યા આપવામાં આવી છે.

ચોપદાર—બોત અચ્છા સાહેબ, આપ રાજકા મુખત્યાર હો માટે જેમ ધારો તેમ કરો, રંકને રાય કરો ને રાયને રંક કરો એવી આપની પાસે સત્તા છે ને સાહેબ હું દામાજી માટે ડ્રેશ લેતો આવુછું એમ કહી ચોપદાર દરેશ લેવા જાયછે

ચોપદાર—લ્યો સરકાર સાહેબ આ ડરેશ લાવ્યો.

બાદશાહ—દામાજીને આપો

દામાજી—આપે ેશ આપ્યો તે માથે ચડાવુછુ ને આપની નોકરી હુ કેવી બજાવુછુ તે આપને માલમ પડશે હમણા તો આપને કહી શઁકતો નથી.

બાદશાહ— કચેરી બરખાસ કરો એમ કરી બાદશાહ સાહેબ પોતાના મહેલમા જાયછે ને સરવે કચેરીના માણસો સૌ સૌના ઘેર જાયછે ને દામાજી પણ ઘેર આવ્યો.

લાલદાશ—ભાઇ શઠદાશ તુ હવે મોટી ઉમરનો થયો ને હવે અમારે વેપાર ને ઘર સબંધી તારા હાથમા, અમે હવે ઇશ્વર ભક્તિમાં દીવશ ગારશુ માટે તુ જાણુ ને તારૂ કામ જાણુ.

સઠદાશ—પીતાશ્રી તમારા કરતા હવે મુને બહુ ફીકરછે ને હું પણ હવે વેપાર કરૂછુ તે આપને માલમ હશે.

લાલદાસ—બેટા, જયારે આપણે વેપાર કરીએતો ખોટ

કેવાને જાય આપણે વેપાર કરીએ તે પહેલા તે વેપારનો હીસાબ કરીને પછી વીચાર કરીએ ને પછી ખોટ જાયતો આપણું કીસ્મત.

સઠદાશ—મારે આજે ફરવા જવાનુંછે માટે હુ જાઉછુ.

લાલદાસ—ખુશીથી જાવ.

ધનપાળસા—કેમ બેટા ચંદનગવરી દીન પ્રતિ દીને શુ કાતા બહુ જાવછો તેની અમને ખબર પડતી નથી માટે ઘરમાં આખો દીવશ વીચારને વીચાર કરોછો માટે આપણા ગામની બહાર બગીચો સુદર કઇલાસ નામનો છે ત્યાં જાવ ને તમારી સખીઓને પણ સાથે લઇ જજો તો તમને ગમત પડશે કારણ કે પોત પોતાની સખીઓ સાથે વાતો કરો ને જાવ તો જીવ ખુશીમાં રહે અમદમીયા આપણી ચંદનગવરીની સખીઓને બોલાવી લાવો કારણકે બેન આજ ફરવાને આપણા સુંદર કઇલાસ નામના બગીચે જવાના છે માટે તેડી આવો.

અહુમદમીયાં- અચ્છા શેઠજી, અબી જાતાહું એમ કરીને તેડવા જાયછે ને ચંદનગવરી સખીઓને તેડી લાવેછે.

ચંદનગવરી- કેમ બેનો, આવ્યા કે તમે ઘણા દીવસ થયા મારી પાશે આવતા નથી માટે એ બાબતની મુને ઘણી દીલગીરી ઉપજેછે ને પહેલા હુ પરણી નોતી તે વખતે આપનો બધી મેણા દઈ દઇને મુને બેસવા દેતી નથી.

કીસોરકમળા– જેતુ વાત કહે તે ખરી, આવા મહેલ માં ઘડીએ ઘડીએ આવીએ તે સારૂ કારણકે તમારા પૈસાદાર ઘરમાં હજારો રૂપીઆ રખડતા હોય ને જણુસો પણ રખડતી ને કાંઇ જાય આવે તો અમારા માથે પડે માટે ઘણા દીવસે આવીએતો અરસપરસ પ્રીતિ સારી રહેછે ને રોજ મલીએતો કજીઆ થાય ને પ્રીતિ રહે નહી માટે આમ તમે બોલાવાછો ને અમે આવીએ તેમા મઝા સારી પડ જો અમે આવતા નથી તો તમે તેડવાને માણુસ મોકલોછો ને પેલા રોજ આવીએતો તમે માણુસ પણુ ન મોકલો ને કહો કે રોજ આવેછે ને જશે પેલું એમ થાય માટે બેન વીચાર કરો.

ચંદનગવરી–તે તમે જેવાત કહોછો તેસરવે સાચી પણ આજતો આપણે બગીચામાં બધાએ ફરવા જવુછે આપ ણી સાથે અમદ મીયા રહેશે માટે ચાલો ફરવા જઇએ નીક ળ તેદીવસ નામાફક થાય માટે અમદમીયાને સાથે રાખવો

સખીઓ–સત્યછે પણુ બેન ચંદનગવરી તુ દીવસે દી વસે ઘણી સુકાતી જાયછે માટે તુને તાવ આવેછે કે કેમ તેતુ બોલ

ચદંનગવરી–તાવનથી ને તરીઓ નથી પણુ આખો દી વસ એકલા બેશી રસીએ એટલે કાંઇ કાંઇ વીચાર શુજેછે વ ળી વીચાર કરીએ તેમાં શરીર સુકાય એટલે માંદાં જેવા તમ ને લાગીએ છીએ નેચાલો આ અમદમીયા પણુ આવ્યો ચા લો ફરવા જઇએ કેમ અમદમીયા આજઆવીશ કેતે દીવસની મારક કરીશ

અમદમીયા– બેન તે દીવસની માફક હોય, આવતો આપણી સાથેજ રહીશ જરા આઘો નહી જાઉ મારે મારો રોટલો તપાસવો જોઇએ નીકળું ઘરમાં છોકરા ખાય કોને અમે કાઈ એવા પૈસાદાર નથી કે બેઠા બેઠા ખાઇએ માટે બેનો આજતો તમારી સાથેને સાથેજ રહીશ તે નર હુ તમે રજા ન આપો માટે તમારા કરતાં મુને બહુ ફીકરછે ને તમારો હુ જુનો સીપાઈ કેવાઉછુ માટે મારે નોકરી બરાબર કરવી જોઇએ કારણ કેહું આટલો બુઢો માણસછુ તોપણ તમે નભાવ્યા જાવછો નેબીજે ઠેકાણે જાઉતો એક પઈ પણ પગાર આવે નહી માટે ચાલો હુ તમારી સાથેજ આવુંછું

ચંદનગવરિ– ચાલો બેનો હવે વખત થયોછે ને આપણે હમણા પોચી જઈશુ બગીચે એમ કરી બગીચાંના રસ્તા તરફ જાયછે નેવાતો કરેછે કેમ સખીઓ, આજે આપણે ફરવા નીકળ્યા છીએ તો કેવો આનદનો દીવસ લાગેછે માટે આમ રોજ ફરવા આવીએ તો કેવુ સારૂ લાગે.

ચોવંતીકલા– બેન, ચંદનગવરી તમારા પતી સહદાસે અભ્યાસ કયા સુધી કરયોછે તે કહો, ને કેવા હોંશીયારછે એ બાબત આપ વાત કરશો કારણકે આપણુ શહેર એવડુ મોટુછે કે કોઇ કોઇની ખબર ન પડે તે જ્યારે અરસપરસ વાતો કરીએ તારે આપણી ખબર પડે.

ચંદનગવરી– સખી, પતીતો પરમાત્માએ અમને જોડુ સારૂ આપ્યુછે ને ભણેલા પણ મારાથી બહુ વધુંછે ને વેપારમાં

આલાકછે પણ જે માણુસને પૈસા હોય તે ભણુવા ગણુવાની ઇચ્છા સારી ન ધરાવે કારણુકે મારી સાસુને છોકરો એકને એક એટલે ભણુવાની કાળજી ઓછી જો સખીઓ બગીચો કેવો સોભાયમાન લાગે છે અને એની વચમાં બંગલો આરસપાણનો છે ને એની પાશે ફુવારો છે.

સેઠદાસ - મારા સસરા નો બગીચો સારાછે એમ લોકો વખાણે છે માટે આજ તો ત્યારે ફરવા જઇએ અહો દીવસે દીવસે ઘરની બાધણીઓ સારી દેખાયછે ને હવે બગીચો પેલો આવ્યો ઓહો શું લાબોછે એને આગળ તો પાટીઉં માર્યુંછે ને ફુવારો શુ છુટેછે તે અહી સુધી દેખાય છે ને આ ઝાડોની ઘટા કેવી સુંદર લાગેછે ને આસપાસ કુંડા કેવા સારા લાગે છે, પણ આ માલી આવે તેની રજા લેવી પડશે માટે ચાલ એની હું રજા લઉં કારણ કે જે માણુસે જે પ્રમાણે હુકમ લખેલો હોય તે પ્રમાણે આપણે વરતવુ એ આપણી ફરજ છે, ભાઈ માલી હું બગીચામાં જાઉં.

દેવો માલી—ભાઇ અમારા શેઠની છોકરી ચંદનગવરી અહીઆ બગીચામાં ફરવા આવેલા છે પણુ તમે ત્યાં એના મેહેલ આગળ જતા નહી ને આસપાસ ફરજો કારણુ કે હું તમને જવાની રજા આપુછુ કારણુ કે તમે આટલે દુર ચાલીને આવ્યાછો માટે નહીતો હુ રજા આપત નહી.

શેઠદાસ - ભાઈ મારે ત્યાં જવાની કાંઈ જરૂર નથી ને હું આસપાસ બગીચો જોઇ પાછો હું મારે ઘેર જતો રહીશ. મારે ત્યાં જવાની જરૂર નથી.

દેવો માલી—ખુશીથી જાવ

શઠદાસ—આપણને આં દાવ ઠીક આવ્યો પરંતુ આપણે એ મેહેલ આગળથી ન જવુ ને થોડેક દુર રહી બગીચો જોવો માટે હીમત ધરીને ચાલો જે થવાનુ હશે તે થશે. અહો શું ફુવારાની બાંધણી છે ને આસપાસ ફુલોની સુગંધી કેવી ખીલી રહી છે. અહો આવો ફુવારો મારા જનમારામાં પણ જોયો નથી. પણ આ બારી આગળથી મારી સામુ કોણ જુવે છે, પણ આપણે શું કામછે આપણે તો આ ફુવારા આગળથી ખસવુંજ નથી ને જોય તેની આપણને શી પંચાત.

ચંદનગવરી—અહો આતો મારા પ્રાણપતી જેવા દેખાય છે પણ ચાલ નીચે તો જાઉં એમ કરીને મહેલની નીચે આવેછે ને જુવેછે—આતો નકી મારા પ્રાણપતી પણ આપણે પછી ઓળખાણ કાઢવી એકદમ એમની પાસે જવુ નહી, નહી શા માટે આપણા પ્રાણપતી આગળ જવુ, એમ કરીને ફુવારા પાસે આવેછે ને એક બીજાના આંખમાં અરસ પરસ મળેછે ને એકદમ ભેટેછે

શાથેરે રમશુ પ્રીતેરે ફરશુ મોજ મજા શાથે કરશુ
પરમાત્મા જોડી અમર રાખે, નહીતો જોડે મરશુ.
કોણ તમેછો ક્યાં રહોછો શાને માટે રે ભમોછો
કોને કહોછો સંકટ સહોછો શબ્દ શાનેરે ખમો છો

શુંદરી તુ શાંભળને શમશા તુ મ્હારીરે
પરણ્યા પછી પલંગ આગળ દુખ આપનારીરે—સુંદરી
ભણ્યા ગણ્યાનીરે વાતો કરી તમ સાથેરે
પછી હસ્ત મુકયો તમે તમારે માથેરે સુંદરી
વીલાપ કરતાં આ મુખડુ ફરતુરે
આંશુડાથી મુખ તમારૂ બહુ ગળતુરે સુંદરી

શઠદાશ—આ તમને જે નીશાની કહી તે બરાબર કે નહી ને હુ લાલદાશનો છોકરો ને મહારૂ નામ સઠદાસ છે પણ પહેલા મારો મગજ જરાક ખરાબ હતો પરંતુ સારૂં થાવકે મારા પીતાશ્રીના દોસ્તદારે સારૂ કરયું ને મુને આ શરીર જીવતો રાખ્યો નીકળ હુ મુવા કરતા બેહાલ હતો.

ચંદનગવરી.—ધીરજના ફળ મીઠા હુ મહેલની બારીએથી ક્યારની જોયા કરતી હતી પછી મુને નક્કી થયું કે આ મારો પ્રાણપતિ આવેછે ત્યારે હું.નીચે આવી.

પ્રાણપતિ તમે મારા તમ સંગાથે હુ આવુ
મમ સખીઓની સાથે મમ ઘેરથી મંગાવુ ખાવુ

સઠદાશ—મારી પ્રાણ પ્રીયા ખાવા કરતાં આપણને ઓચીંતો મેલાપ થયો તેથી પરમેશ્વરનો ઉપકાર માનીએ છીએ ને હવે હું મારે ઘેર જાઉંછુ ને હુ તેડુ મોકલાવીશ એટલે હરનીશ મોજ મઝા ઉડાવી.

ચંદનગવરી—પ્રાણ પતી મારા પ્યારા મુને લાગોછો
અબળાને છોડીને ક્યાંરે ભાગોછો પ્રાણ
સઠદાશ— તુને દેખી મારૂ હૈયુ હરખે
ચુમ્બન કરવા મારૂ મન બહુ તલખે પ્રાણ
આનદ અંતરમાં બહુ મને ઉપજે
આંખના ડોળારે બતાવ્વા આકુળજે પ્રાણ
સખીઓ—સું કરવાને સઠદાશ આવ્યોરે આહી
લાગ ફાવવા દઇશ હુંરે નાહી પ્રાણ
ચંદનગવરી—ચાલો પતી માલો તમે મારી સાથે
પ્યાર થકી મુને બોલાવીરે નાથે પ્રાણું
સઠદાસ—મારી પ્રાણ પ્રીયા આજનો ખુશાલી નો દીવસ જોઇ મરૂ મન બહુપ્રફુ લીત થાયછે જાણે અજ આનંદ ના ઉભરા આવતા હોય એમ મુને લાગેછે

ચંદનગવરી—ફરવા ચાલો સાથ પ્રાણ પ્રતી ફરવા ચાલો સાથ
નકકી રહુછુ તમ સંગાથ પ્રાણ
સઠદાસ—હાથથી આપને મુજને તાલી ચુબનકરતા લાગે વાલી.
સુંદરવદન તારૂરે લાગે આલીંગન કરતા ભુખજભાંગે
તારૂ જોબન કરે ઝળકારા
ચંદનગવરી—પ્રીતીનોપ્યાલો પીયોરે અપાર પ્રાણ
હરસુને ફરસુને રમસુ સાથે
શાને બોલાવી તમે હેત નાથ

સહદાસ—ક્યારે ક્યારે તુવાતજ કેની
પરણ્યા હતા તેવાત કરી તેની
પીતાની રજા વીના નહીઆવુ
જેતી હોયતો પીતાને બોલવુ પ્રાણ

જુજાણુતી નોતીકે મારી સાથે અટલો પ્યાર બાંધશો પણ પર માત્માની ખુબી ન્યારીછે મટે આપણે જગ કરતા પરમેશ્વરનો પાર માનવો જોઇએ નેઆપણે ભજન કીરતનમાં અપણુ મન સ્થીર કરી એક ચીતે ભજન કરવુ કારણકે એના વગર સરવે ખોટુછે ને આખરે કોઇ આવવાનુ નથી માટે હું જાઉછુ ને ત મે તેડુ મોકલાવશો એટલે હુ આવીશ માટે બધી ફીકર મેં આજથી છોડી દીધી,

સહદાશ—હવે તું કાંઇ ફીકર રાખતી નહી, ને પરમેશ્વર આપણુ હવે સારૂ કરશે માટે હું જાઉછુ મુને રજા આપ.

ચંદનગવરી—મારાથી રજા ન અપાય તમારી ખુશી હોયતો જાવ ને હુ પણ મારે ઘેર જાઉંછુ પણ તેડાવજો કારણ કે આપના વગર મુને ચેન પડતુ નથી માટે મારૂ એટલુજ કહેવુછે.

સખીઓ—બેન, આતો તમને ભુત વળગુ કે શુ તમે કાંઇ પતીની અંદર ગાંડા ઘેલા બની ગયા છો ને એ ઓચીંતા આવ્યા ને તમારે ને એમને મેલાપ સારો થયો વાહ ! તમારી કહેતા જાણે સંસારમાં શી હતું,

શઠદાસ—હવેતો હુ જાંઉછુ કારણ હવે મારા માતુશ્રી ત્યા પીતાશ્રીની વૃદ્ધા અવસ્થા થવા આવી છે એટલે ફીકર એ મને થાય માટે મારે ગયા વગર ચાલે નહી.

ચંદનગવરિ- શું મારા પ્રાણનાથ ગયા એમ કરીતે મુર છા ખાય ને બેભાન જેવી થઇ ગઈ એટલામાં એની દાશીઓ આવી મોં ઉપર પાણી છાટેછે ને થોડી વાર પછી ઉઠીને કહેછે કે મુને જાણે સ્વપ્નું થયુ કે મારા પ્રાણપતી મુને મળ્યા ને ખુબ વાતો ચીતો કરી એ ખરૂ કે ખોટુ એમ મનમાં વીચાર કરીને પોતાની સખીઓને પુછેછે, કેમ સખીઓ ખરી વાત કે નહી.

સખીઓ—બેન, ચંદનગવરી તમારા પ્રાણપતી હમણાં ગયા ને ખોટુ કેમ કહેવાય માટે હવે ઘેર ચાલો.

ચંદનગવરી- બેનો મારો જીવ હવે ઠેકાણે આવ્યો માટે હવે ઘેર જઇએ.

કીસોરકમળા—હા બેન, હવે આપણે જલદી જઇએ કારણકે આપણને અહીં ઘણી વાર થઇ અને આપણા માતુશ્રી તથા પીતાશ્રી ગુસ્સે થશે, અને સ્ત્રી માણસને વધારે વાર ઉભા રહેવાનો ધર્મ નથી, માટે બેનો ચાલો એમ કરીને જાયછે ને અમદમીયાને બોલાવેછે "અહમદમીયા આમ આવ."

અમદમીયા—હુતો દેવામાલી પાશે બેશી રહયો હતો ને આપણા કહ્યા પ્રમાણે વર્તવુ જોઇએ ને આપ બુમ પાડો એટ લે મારે આવવુ જોઇએ એવો અમારા શીપાઇઓનો ધર્મ છે

ચંદનગવરી—વાહ! પરમાત્મા તારી ખુબીતો ન્યારીજ

છે કારણકે મારા મનમાં વીચાર કંઈ કંઇ થતો હતો ને આખો દીવસ મારો ઉદાસમાં જતો હતો ને આખો દીવસ મારો એક વરસ જેવો જણાતો હતો પણું હવે મુને સાંન્તી વરી કે મારા પતી આવી સ્થીમાં આવ્યા. ને પરમાત્માએ જોડુ અમારા એક બીજા સાર મેલવ્યુ તે જોઇ મુને બહુજ આનંદ થાયછે.

ચેવતીકળા—આપણી બેનનો આજ હર્ષનો પાર રહયો નથી જાણે આજે પરણ્યા ન હોય એમ લાગેછે.

ચંદનગવરી—તુ જે કહેછે તે ઠીક, તમે કેવા જોગછો ને હુ સાંભળવા લાયક છુ માટે જે તુ કહે તે બરોબર છે. પણુ હવે ઉતાવળ કરો એમ કરી પોતાના ઘર તરફ જવાનો રસ્તો લેછે, ને સખીઓ તથા અમદમીયાઓ સરવે ઘેર જાયછે

દેવો માલી—બેનો આજે બહુ ખુશી થાવછો તે જોઇ મુને બહુ આનંદ થયો પણુ ચંદનગવરી બેન તમારા પીતાશ્રી એ મુને પગાર વધારતા નથી તે જે પગાર આવેછે તેને તેજ માટે મુને આજ ખુશાંળીના દીવસમાં બેન કંઇ ઇનામ આવે તો સાર,

ચદંનગવરી—ભાઇ આલે હું તુને ચંદન હાર આપુછું જા તારા જન્મારાનું સુખ થયુ ને નોકરી સારી કરતો રહેજે નેઅમે સરલે જઇએ છીએ

દેવો માલી—બેનો આજ મારી ખુશાલી નોપાર રહ્યો નથી નેબે સદા તમે ખુશીમાં રહો એવો મારો આશીર્વાદ છે

આજે ખુશી ખુસાલીનો પાર નથી
દારૂ તાડી પીવાની વાર નથી આજે.
જીવીમાલણ–ગાંડો ઘેલો પીટયા તુ કેમ ફરે
આંખલો બગીચામાં જેમ ચરે આજે.
દેવોમાલી–આજે મલ્યો ચંદનહારને વરી
તુ કેછે ને મારૂં મન જાય ફરી આજે.
છોકરાઓ–બાપા સારૂ સારૂ ખાસું
ના તને દારૂ તાડી પાશુ આજે
જીવી–ગંગાને પરણાવવા જાશુ
દેવોમાલી ચંદનહાર વટાવી નાશુ આજે.
કેમ વાલી કેમ
જીવતર જીત્યો મારૂ એમ આજે.

જીવી—હવે આપણે નાતને જમાડસું નેમોજ મજા કર સુ આપણી ઇસવરે ધાહ સાંભળી ને રોજ મજુરી કરીને મ રી ગયા પણ આખરે છેવટે પરમેસવરે ખબર લીધી તો ખ રી માટે આજ નાતને ભેગી કરી ને આપણા છોકરાને પરણા વીને પછી હરી ભજન કરીસું કેમ મારા ધની ખરી વાત કે નહી

દેવો માલી—જેવાત તેકરી તેવાત ખરી વાલી આજ તો આનંદ આનંદનો પાર રહયો નથી નેસરવે ને એકઠા કરે છે ને દારૂ તાડી પીએછે નેખુશી આનંદમા હવે ગોપીદાનું નામ દયશું

લાલદાસ— કેમ ભાઈ તુ મોડો આવ્યો તારી વાટ કયા રનો જોતો હતો આપણે આટલી બધી વાર લગાડીએ તે ખોટું

સુંદરદાસ હુ મારા સસરાના બગીચામાં ફરવા ગયો હતો ને પછી ત્યાં ચંદ્રભાગા નદી ઉપર હવા ખાવા ગયો પછી વીઠલનાથજીના દરશન કરવા ગયો પછી ત્યાંથી નીકળી આપણી પાશે પીતાશ્રી હુ આવ્યો બીજે ઠેકાણે હુ ગયો નથી નેતમને મારો ભરોસો છે

કસ્તુર—મારા છોકરાને તમારે કાંઈ પણ બાબત પુછવી નહી તમોતો જાણે નોકર રાખ્યો હોય તેમ મારા છોકરાની હકીકત પુછોછો એ તમારી રીત સારી ન કહેવાય માટે છોકરાને તમારે કોઇએ પુછવું નહી.

લાલદાસ—ના કહીએ તો છોકરો વંઠી જાય માટે છોકરાને બરોબર કડપમાં રાખવો જોઇએ ને આજ મારે આપણા વેવાઇ ધનપાળશાને ત્યાં મારે વહુને તેડવા જવુંછે

દામાજી—મારાં દોસ્તદારને મલી બેદરપુરા જવુંછે તે જાઉ એમ કરી પોતે પોતાની કાકીની રજા લઇ જાયછે ને કહેછે કાકી હુંજઇશ પછી આવવાજેહુ ત્યાં તેડાવીશ ને પછી તમારી વહુને તેડવા માટે એક કાગળ લખીશ માટે હું જાઉ છુ ને સરવે બંદોસ્તને માટે આપણા શાસ્ત્રી મહારાજ ને કહેતો જઇશ માટે તમે કંઇ મારી ફીકર ચીતા કરશો નહી.

લાલદાસ— ભાઇ તુ આવ્યો કે તેંતો કાંઇ રાજવંશી જેવા લુગડાં પહેરયાં છે તે જોઇ મારૂ દીલ બહુ ખુશ થાયછે

દામાજી—ભાઇ હું જાઉછુ ને શાસ્ત્રી મહારાજને કહેજો

કે ઘરની ખબર રાખે, કારણ કે ઘરમાં માતુશ્રીને જોઇતુ કર તુ લાવી આપે એમ કરજો ને હુ રજા લઉછુ.

જેચંદશા— કેમ છોકરી કીશોર કમળા તુ તારી સખી ઓ શાથે આજે ફરવા ગઇ હતી.

કીસોર કમળા—હા પીતાશ્રી હું આપણી ચંદનગવરી બેનના સુંદર રમણીય બાગમાં અમે અમારી સખીઓની શાથે ફરવા ગઇ હતી. તે આપને હુ વીદીત કરૂછુ

જેચદશા—બેટા તમારી માતુશ્રીને બોલાવો કારણ કે મારે તારા શુભ લગ્નનાં મુહુરત જોવડાવવા છે માટે બોલાવી લાવો.

કીશોરકમળા—પીતાશ્રી હુ હમણાં બોલાવી લાવુ છું એમ કહીને રસોડામાં બોલાવા જાયછે. ને બોલાવે છે પ્રેમકુંવ રબા આપને મારા પીતાશ્રી બોલાવે છે.

પ્રેમ કુવર—ચાલો બહેન હું તમારી શાથે આવુ છું એમ કહી પોતાના ઘરની પરશાળમાં આવેછે.

જેચંદશા—કેમ તુ ઉતાવળ કરતી આવતી નથી મારે આજે આપણા ગોરને બોલાવવા છે ને બેન કીશોર કમળાના લગ્નનું નકી કરવું છે.

પ્રેમકુંવર— આપણી કીશોર કમળાનુ લગ્ન કોની શાથે કરવુ છે તે આપ કહો.

જેચંદશા—પેલા કાન્તીલાલ નામનો છોકરો છે તેની

સાથે કરવાનો વીચાર છે કારણ કે પહેલા જુગારી તથા છાટકો કહેવાતો હતો પણ હવે દુકાન માંડીને સારી ચાલ ચલગતમાં આવેલો છે ને રૂપાળો ને હોંશીઆર છે ને કોઇથી છેતરાય તેમ નથી તેથી કરીને મારો વીચાર ત્યાં કરવાનો છે જે માણસ નાનપણમાં બગડે તે મોટપણમાં સુધરે છે કારણ કે જે માણસે સરવે જાતની ઠોકરો ખાધી હોય ને દુખ સુખ જોયું હોય ત્યારે તે સુધરે છે.

પ્રેમકુંવર—તમે જે કહો તે સારૂ ત્યારે તમે ગોરને બોલાવી લાવો.

જેચંદશા—હમણાં હુ ગોરને બોલાવી લાવુ છુ એમ કહીને તેડવા જાયછે.

ગોર મહારાજ-કેમ શેઠ આજ મારે ત્યાં પધાર્યા.

જેચંદશા—આપણી કીશોર કમળા છે તેના લગ્નનું સારૂં મુહુરત જોઇ આપો.

ગોર મહારાજ-આપણી બેન કીશોર કમળાના શુભ લગ્નનુ મહુરત વઇશાખ સુદ ૫ ને દહાડે છે માટે તમે જલદી લગનની તયારી કરો ને વેહેલા પધારજો ને કામકાજ હોય તો મને બોલાવજો.

જેચંદશા-હું રજા લઉછું ને તમે કાલે વેલા આવજો કારણકે આપણે ગરીબ માણસ રહ્યા માટે તમે બધી જે લાવવી હોયતે લાવજો ને હું તમને પૈસા આપી દઇશ

ગોરમહારાજ—સુખે પધારો હું જોઇતો સામાન લાવીશ તમારે કાંઇ ફીકર કરવી નહી

કીશોરકમળા—મારી બેન ચંદનગવરીને હું મળીઆવું ને કહેતી આવીશ કે બેન તુ કાલે મારા ત્યાં વેલી આવજે કારણકે મારા બાપે મારા ઓચીંતા લગ્ન લીધા એ હું કેતી આવું.

પ્રેમકુંવર—ખુશીથી કહી આવજે ને વેલી આવજે

જેચંદશા—કેમ બેટા ક્યાં જાવછો નેહું ગોરને ત્યાં જઇ આવ્યો તેમાં લગ્નનું મહુત કાલે ઓવ્યુંછે માટે તુજાને ત્યાંબેનપણીને કહેતી આવ.

પ્રેમકુવર—ત્યારે હુંજાવછું ને પાછી તુરત આવીશ એમ કરીને ચદનગવરીને ત્યાં આવેછે.

ચદનચવરી-બેન તુઆજ કંઇ ઓચીંતી આવી તેનુ કારણ શુછે

કીશોરકમળા—મારા બાપે મારા લગ્ન આજે જોવડાવ્યા તેકાલેછે માટે બેન તમે વેલા આવજો નેભુલતા નહી તે હુંતમને કહેવા આવીછું તેથી વેલા પધારજો.

ચદનગવરી—તુકહેવા આવી તેતો પણ તારૂ લગ્ન કોની સાથે કરવાનાછે તેતું કહે

કીશોરકમલા—બેન મારૂ લગ્ન તો પેલા જુગારી સાથે કરવા ધાર્યું છે.

ચદનગવરી—પેલા કાન્તીલાલ સાથે

કીશોરકમલ—હા બેન તેના સાથે

ચદનગવરી—જોકુ તો બેનુ ઠીક મળ્યુ પણ મારા સાભળવામાં છેકે એ કાઈ દીવસે દીવસે સુધર્યો છે. એમ મુને ખબર છે. ને એણે ગાધીની દુકન માડી છે એવું મારા સાભળવામાં છે વાહ ખુબી તોં સ રી આવી છે ને મેણા દેવાંનો વ

બાત ઠીક આવ્યો છે એટલે તે શરમાઈ જશે કેમ બેન ખરી વાત કે

કીશોરકમલા—બેન તેં ખરી વાત છે એ પણ વખત પરમેશ્વર બતાવશે. પણ જેતુ ને આપવા વીશે કહ્યુ છે ને તુ ભુલતી નહી ને હુ જાઉ છે એમ કરી પોતે પોતાને ઘરજાયછે

પ્રેમકુંવર—કેમ બેન તારી ચંદનગવરીને કહી આવી કે

કીશોરકમલા—હા બા હું કહીને આવી

ધનપાલશા—કોણ આવ્યુ હતું તેતુ મને કહે

ચંદનગવરી—પીતાશ્રી એતો મારી બેન પણી હતી કારણકે એના બાપે એના ઓચીંતા લગ્ન લીધાને તેથી એ મુને કહેવા આવી હતી નેએના માબાપ ઘણા ગરીબછે માટે પીતાંશ્રી આપ એને કાંઇ પૈસા ટકા જોઇએ તેની મદદ કરજો કારણકે મારી બેન પણીછે હુ બગીચામાં ફરવા ગઇ હતીતે આપણા માલીને ચંદનહાર આપી આવી હતી તેવખતે આપ મારા ઉપર ગુસ્સે થયા નહોતા માટે આપણે આવા વખતે એને મદદ ન કરીએ તો બીજો કોણ મદદ નકરે માણસ ઘડી વારમાં પૈસાદાર થાયને વળી કોઇ વખત એવો આવેકે ઘરમાં ખાવા નમળે પણ આવુ કાંમ કોઇનું કર્યું હોયતો ગામમાં સારી કીર્તી વધે નેએપણ મનમાં જાણેકે આપણને સારી મદદ કરી

ધનપાલશા—હુંતારી બેનપણી કીશોર કમળાછે તેના બાપ પાશે હુજાઉંછુ નેકહીશં કે ભાઈ તુકશી વાતે ફીકરકરતો નહી એવી રીતે હુ કરીઆવુ છેને એમ કરીને જાયછે

જેચંદશા—કેમ શેઠ ધનપાળશા આજે આ મહીબપર

કૃપા દ્રષ્ટી કરી આવો પધારો તમે આવ્યાથી મારૂં ઘર પાવન થયુ કારણકે મારા જેવાં ગરીબ નેત્યાં કોણ નેવળી આપ જેવા શેઠીઆ પધાર્યા તેથી મુને હર્ષ શામાટે ન થાય એવી વાત કરીને પછી પાન શોપારી આપેછે

ધનપાળશા—તારે કીશોર કમળા ના લગન વખત કાંઇ પૈસા ટકા જોઇએતો કહેજે આતોતુને ખાનગી વાત કહુછુ ને કશી વાતે ફીકર કરતો નહી નેહુ ખાનગી સોનુ તથા મોતી લાવ્યોછુ તેને વટાવી તુતારી છોકરીના લગન કરજે નેફીકર કરતો નહી નેઅમે બધા લગન વખતે સૌ જના તારે ત્યાં આવશુ

જેચંદશા—શેઠજી તમે મુને ઘણો ઊપકાર કરયો નીકળ મારા બુરા હવાલ હતા કારણ કેમારા ઘરમાં એક પઈ પણુ નથી આતો તમારી શોભા માનજો એજ મારી વીનંતીછે

કાન્તીલાલ—આપણા આજે લગનછે ને પરમેશ્વરે પૈસો ઠીક આપ્યોછે પરતું આજે આપણે આપણા શેઠીઆઓને તેડીને પરણાવા જવુ ને બદોબસ્ત કરવાનો મારે છે કારણ કે મારાં ઘરમાં કોઇ કરનારનથી આતો જુગારનો પાસો ઠીક ફરી આવ્યો નેવેપારી લાઇનમાં ફરી ગયાને હવે આપણુને જુગારનું તો નામ નથી દેવું પરમેશ્વર વેપારમાં બરકત આવે તો ઠીક નહીતો વ્યાજમાં ખાઇને પડી રહેવુ ને મારો મીત્ર બણુકશા કેમ નથી આવ્યો ના, આ સામો આવેછે એમ કરીને બા

શાએ જુવેછે કેમ ભાઇ મોડો આવ્યો

બણુકશા—ભાઇ મારે આજે કામ હતું

કાન્તીલાલ—આજે મારા વરઘોડાનો તારે બંદોબસ્ત કરી આપવાનો છે સરવે શેઠીઆ આપણી ન્યાતીના હોય તેને બોલાવી પાન સોપારી આપવાને શજ્જન માણસને શાથે લેવા.

બણુકસા—ઠીકભાઇ એબાબતમા તારેકાંઈ હરકત રાખવી નહી તુતારા કહેતા પહેલા બંદોબસ્ત કરી આવ્યોછુ માટે તારે તારા લુગડા પહેરવા માંડ કારણકે લોકોતો આવવા માંડયા ને પછી તુ ઘોડા ઉપર ક્યારે બેસસે

કાન્તીલાલ—લેનેભાઇ મે આલુગડા પહેરી લીધાછે ને. આવેતે માણસને બેઠકમાં બેસાડ નેહુનીચે આવુછુ

જેચંદશા—કેમ ગોર મહારાજ, કેટલી વાર છે. વરઘોડો તો હમણા આવશે માટે તે વખતે ફસાણી ચીજ નથી, તેથી તમને અગાડી ચેતાવુછુ.

ગોર મહારાજ— તમારે અમારી બાબતમાં કાંઇ ફીકર કરવી નહી.

જેચંદશા— હવે આપણે પૈસા ખરચો કારણકે ધનપાલ શાએ મુને સારી મદત આપી પછી શુ કરવાને ચીંગુશાઇ રાખવી આપણે યાંતો મંડપ સારો બંધાવ્યો તે ધનપાલશા શેઠ ને લીધે

ધનપાલશા- બેન, ચંદનગવરી ચાલો હવે વખત થયો તમારી બેનપણીના લગ્નનો, ને હુ એના પીતાશ્રીને જે આપવુ હતું તે આપી આવ્યોછુ ને જન્મારા સુધી એનુ દારીદ્ર એનુ કાંઢી આવ્યોછુ

ચંદનગવરી- પીતાશ્રી આપની વાત સાંભળી મુંને બહુ આનંદ થાયછે ને એવા ગરીબોનુ કામ કરતા કાંઇ પૈસા ખુટી જતા નથી એમ કહીને કહેછે લો ચાલો એમ કહીને ઉતરેછે ને પોતાની બેનપણીને ઘેર આવેછે.

કીશોરકમલા- કેમ બેન આવ્યા, તમારા પીતાશ્રીએ અમારા બાપને સારી મદદ આપી માટે તારો અને તારા પીતાનો ઉપકાર અમારા ગરીબથી કેમ વલશે કારણકે આ પણ એક પુન્યનો રસ્તો છે ને તારા પીતાશ્રીએ પણ મારા માબાપ છે કારણકે તુ મારી બેનપણી માટે એમા કાંઇ નવાઇ.

ચદનગવરિ- તુ આનંદમાં છે એં જોઇ હુ બહુ ખુશ થાઉછું.

કાન્તીલાલ- ચાલો, બણુકશા કેટલી વારછે, તે હમને કહો, કારણકે હુતો લુગડા પહેરી તઇયાર થયોછુ.

બણુકશા- ભાઇ હવે વાર નથી સરવે શેઠીઆ આવ્યા છે માટે ચાલતું પછી કાન્તીલાલ નીચે આવેછે ને ઘોડા ઉપર બેસાડેછે ને વરઘોડો કહાડેછે.

ધનપાલશા- ભાઇ જેચંદશા આ વરઘોડો આવ્યો મા

કે તુ હવે તઈયાર રહેજે.

જેચંદશા– એમા કાંઈ હરકત નહી. એટલામાં વરઘોડો આવેછે ને સરવેને બેસાડે છે ને વરને મંડપમાં પધરાવેછે ને કન્યાને મંડપમાં પધરાવેછે ને પરણી રહેછે એટલે ધનપાલશા પહેરામણી આપેછે આ જોઈ સૌ વીસ્મય થઈ જાયછે ને પછી સરવેને વીદાય કરેછે

પ્રેમકુવર– બેન કીશોર કમળાનુ લગ્ન ઠીક થયુ કારણ કે પરમાત્માએ આપણી દાદ સાંભળી માટે સજ્જન પુરૂષોની ભાઈ બંધી રાખવી ને મીત્ર પણ સારા રાખવા કે એક બીજા ને કામમાં આવે, અને શેઠીઆએ પોતાના સગા કુટુંબના દુખ હોય અગર ગ્નાતીના દુખી હોય તેઓની સંભાળ લેવી નહીતો તાલી મીત્ર હજારો મળે માટે ભાઈઓએ આવો પ્રસંગ વખત પૈસો ખરચે તેનુ પુન્યછે પઈસો આજછે ને કાલે નથી માટે આવુ કામ કરતા રહેવુ ને એક બીજાના સંકટ વખતે સાહ્ય તા કરવી એવી મારી સરવે જનોને પ્રાર્થના છે.

મહમદશા–આજે હવે મારે બેદરપુરાનો અધીકાર મુકી દેવો પડશે કારણ કે આપણા બાદશાહ સાહેબે મારી ઉપર લખાણ મોકલેલું છે કે મારી હજુરમાં તારી બદલી કરવામાં આવશે અને તારી જગ્યા ઉપર દામાજીને નીમવામાં આવે છે એવી રીતે મારા ઉપર હુકમ આવ્યો છે માટે

બાદ કરીમખાં આપણે તમામ બેદરપગનો અધીકાર આપવો ને તેમાં કાંઇ ભુલ ચુકતો નથી પછી તો ખુદા છે કારણ કે આપણાથી કેટલીક જગ્યાએ આપણું ધ્યાન રહે, પણ મારા સાંભળવામાં આવ્યું નથી કે મને આજદીન સુધીમાં બાદશાહ નો ઠપકો મલ્યો હોય એમ મને શાંભરતુ નથી.

કરીમખાં--સાહેબ આપ સચ કહેતા હો પણસાહેબ આસામે કોણ આવેછે

મહુમદશા-એતો દામાજી બેદરપુરાકા અધીકારી આતા હે માટે ઈસ્કુ સલામ કરના કારણકે અમતો થોડી દેર ઇદર રહેગા નેતેરેતો ઇદર રહેનાહે માટે તારે બરોબર કામ કરવુ નહીતો રજા મીલશે એતુમેરેકુ કહેતાહુ

દામાજી-કેમ ભાઇ મહુમદશા એમ કહીને સામાસાંમી સલામ કરેછે ને એક બીજાને સામાસામી લખાણુ બતાવેછે

મહુમદશા--મેરે ઉપર તો લખાણુ આ ગયા હે માંટે તમને પુછવાનું કાંઇ રહયુ નથી ને આ પેટી લઇ લો ને આ બધા કારકુનો તમારી હજુરમાં છે એમ કહી સરવે બીના બતાવે છે ને પછી જાયછે.

દામાજી-ભાઇ સાહેબ આપનો જુના માણસ છો ને તમારા જેટલો હુ' વાકેરગાર નથી ને જયારે બધી તપાસ મારા મગજમાં આવશે ત્યારે હુ' કામ ચલાવીશ. કારણ કે માણસે પોત પોતાની નીતીથી વરતવુ' એ પોતાનુ કર્તવ્ય છે માટે મારે બધી બાબતમાં વાકેફગાર થવુ જોઇએ પછી કાંઇ હરકત નહી આવે કારણ કે કામ કામને શીખવે છે.

મહુમદશા— તમારે કાંઇ ફીકર કરવા જેવુ નથી, ને બે ધડકથી રાજનો બંદોબસ્ત રાખો ને ન્યાય અદલ આપવો જેથી આપણને કાંઇ બાબતથી ઉપરી અમલદારની બીક ન રહે ને સારૂ કામ બનાવવુ એ આપણી ફરજછે, બીજુ કાંઇ નથી માટે તમારે બે ધડકથી રહેવુ પહેલ વહેલુ અઘરૂ લાગશે ને પછી કહેશો કે એમાં કાંઇ નથી એમ કહેશો ને હવે હુ પંઢરપુર જાઉછુ એમ કરીને રજા લેછે ને પંઢરપુર તરફ રવાના થાઉછુ.

ધનપાલશા— બેટા, હવે તારા સસરા આવવાનાછે માટે તારે જે જોઇએ તે કહે, કારણકે પછી કેશે કે મારા પીતાશ્રી એ મુને કાંઇ ન આપ્યુ એવી રીતે કરીશ.

ચંદનગવરી— પીતાશ્રી મારે કાંઈ જોઇતુ નથી કારકે મારે કાંઈ ઓછુ નથી તમારે ત્યાં જેટલુ ધન છે તેથી મારા સસરાને વધારે છે કારણકે આપ જરા પ્રતીષ્થા વાળા કહેવાવ છો ને મે જરીક ચીંગુસ એટલે એની પ્રતીષ્ટન મળે પણ એમા હરકત નહી ને તમારી આખરે ખાનાર કોણછે તમે કાંઈ બીજાને તો આપી નહો, માટે કાંઈ લઈ જવાની જરૂર નથી. પીતાજી જુઓ મારા સસરાજી આવેછે મારે ધનને શુ કરવુછે, મારો પતી જરાક ગાંડો હતો તે સાજો થયો તે જોઈ મારૂ મન બહુ પ્રફુલીત થાયછે પછી પોતાની માને કહેવા જાયછે.

ધનપાલશા—કેમ, લાલદાશ શેઠ તમે મારા ત્યાં આવ્યા તે જોઇ મુને બહુ આનંદ થાયછે કારણકે આપ જેવા વેવાઇ મુને મલત નહી પણ પરમેશ્વર જે કરેછે તે સારૂજ કરેછે ને

તમને આવતા જોયા ત્યારથીજ મેં બંદોબસ્ત કરાવી લીધોછે કારણકે ચંદનગવરીના સસરા તેડવા આવશે, એ અમને લાગતુ હતુ માટે ખુશીથી તેડી જાવ વળી આપ જેવા અમારા સગા થયા તે જોઇ અમને આનંદ થાયછે બેટા ચંદનગવરી તારે તારા સસરાના કહેવા પ્રમાણે વર્તવુ કારણકે અમે જેવા માબાપ છે તેવા તારા સાસુ સસરા પણ માબાપ જેવા છે માટે એમને દુ;ખ દેવુ નહી એમનો જો આશીષ મળે તો કોઇ દીવસ ભુખે કે તરશે ન મરે શ્રવણે પોતાના માબાપની કેવી સેવા બજાવીછે તે સાંભળ.

શ્રવણ કર્યાને એક છોકરો હશે તે પોતાના માબાપની શેવામાં રહેતો ને એમને જરાકે દુ:ખ દેતો નહી ને આખો દીવસ પોતાના માબાપ કહે તે પ્રમાણે વર્તતો હતો ને શ્રવણની વહુ હતી તે પોતાના સાસુ સસરાના કહેવા પ્રમાણે રહેતી હતી ને આખરે મોક્ષ ગતી મળી માટે સાસું સસરાની સેવા ચાકરી કરવી એ આપણી ફરજછે માટે બેન મારી વાત ધ્યાનમાં રાખજો

ચંદનગવરી— પીતાથી તમારે કાંઈ બાબતની ફીકર કરવી નહી જગકર્તા પરમેશ્વર સૌનું સારૂ કરેછે માટે મારી બાબત નચીંત રહેજો

લાભદાસ-બેટા ચંદનગવરી ચાલો હવે આપણે ઘેર જઇએ

ચંદનગવરી—ચાલો સસરાજી એમ કરીને જાયછે નેપો તાને ઘેર આવેછે નેપોતાની સાસુને પગે લાગેછે

કસ્તુર—બેટા સુખી રહો એવો આસીવાદ આપેછે ને સભાહ સંપતથી ઘરમા કામ કાજ કરજો ને કોઇની સાથે લડતા નહી એવી શીખામણ આપેછે ને ચંદનગવરી પોતાના દીવાનખા નામાં જાયછે

સઠદાસ—કેમ મારીપ્રાણ પ્રીયા આજે આપણે ઘણાં દી વસે મેલાપ થયો હુજ્યાર નો બગીચે થી ગયો ત્યારનો મારો જી વતમારામાં નેતમારામાં લાગી રહયો હતો

ચંદનગવરી—પ્રાણનાથ તમેજ્યારે બગીચામાંથી ગયા ત્યારે મુને એક મુરછા એવી આવી હતીકે બેકલાકે મુનેભાન આ વ્યુને મારી સખીઓ રડવા જેવી થઇગઈ હતી

સઠદાસ—જ્યારે અરસપરસ પ્રીતી બંધાગછે ત્યારે જા ણે કેમ શાકરનો લાડુ મલ્યો નેપછી એક દમ વીખુટી જેવી અર સપરસ થાયછે ત્યારે બહુદુખ દાઇ થઇ પડેછે માટે પ્રીયા તારે બધી બાબતની ફીકર છોડીદેવી

ચંદનગવરી—જયારે પરણીને તમને દુધ આપવા આવી હતી ત્યારેતો મે પુરણ નીસાસા નાખી હું ગઇ હતી ને જગકર તા પરમેશ્વરને મે કહયું જે મારૂ આવુ જોડુ તેસાને માટેકર્યું તેજો ઇ મારૂ દીલ બહુ ખેદ પામેછે મટે મારાથી તમને શબ્દ કહેવા યા નથી ને કહવાયા હોય તે બાબતની મુને માફી આપશો હું આપની સદાની અર્ધાંગના કહેવાઉં ને પતીએ પરમેશ્વર તુ

ન્ય ગણતો ને સારે કે માઠે પતી આપણુ રક્ષણ કરેછે ને જેમ દુખી હોઇએ તો હજારો ઊપાયો લઇ હમારી રક્ષા માટે તમારૂ મનથાય તેથી પરમેશ્વર પાશે એવુ માગવુ જોઇએ કે હમારા પતીનુ આયુષ્ય વધારેં અને સગા વહાલામાં સંપ રખાવે એવી હમે પ્રાર્થના કરીએ અને એ હમારી ફરજ માટે હમે કોઇને પાડ ન કરીએ

હામાજી—કેમ ભાઇ કરીમખાં રાજ્યની વ્યવસ્થા કેવી ચાલેછે

કરીમખાં—સાહેબ દીન પ્રતી દીને રાજયની હકીકત સારીછે ને આપ સરકાર પણ રૈયતને સારો અને અદલ ન્યાંય આપો છો ને આખા રાજ્યમા આપ સાહેબનુ સારૂ બોલાયછે પણ હાલના વરસમાં વરસાદ નથી માટે દેશમાં દુકાળ પડશે એમ મને લાગેછે

હામાજી—ભાઇ કરીમખાં દુકાળ નક્કી પડશે ને લોકોને ખાવાને પણ અન્ન હોય કે ન હોય એવું મને લાગેછે ને થવાનું હશે તે થશે પણ ગરીબ આદમી નું શુ થશે એતો વીઠુબા ના હાથમાંછે

ખબર પડતી નંથી મુજને
કહું શુ હું કરીમખાં તુને ખબર ૧
પડયો દુકાળ આ રાજ્યમાં
રંક લોકો નહી કાજમાં ખબર ૨

ગરીબ ઘર ડોલવા લાગે
તારા વીનાં કોણ્ બીડ ભાંગે ખબર ૩
આલમની ફીકર તુને રે વીઠુ
અત્યાર સુધી આવુ ન દીઠું ખબર ૪
માટે તુ કરજે રે સહાય
નમી નમી લાગુ તુને પાય ખબર ૫

કરીમખાં—આપણુને જેણે પેદા કરેલાછે તેને બધી ફીકરછે માટે આપણી ફીકર શું કામ લાગે પણ સાહેબ આપણા દ્વાર આગળ બ્રામણો જેવા આવેલા મને માલમ પડેછે

દામાજી—એમને તમે બોલાવો કારણ કે આપણા બારણા આગળ બ્રાહ્મણોના પગલા ક્યાંથી જેનુ ભાગ્ય ઊદય થયુ હોય તેના ઘર આગળ બ્રામણ માટે એમને બોલાવો

કરીમખાં—ભાઇ અહી આવો

બ્રામણો—સીપાઇ પાસે આવેછે ને બોલેછે

ભક્ત શીરોમણી દામાજી ઉપકારી
માગલ્ય વેડયામાં એતો કારભારી
જેના માંહે સદગુણનો ભંડાર
બાદશાહ ની પ્રીતી એપર અપાર
કરે ન્યાય અદલ ત્યાં ભક્ત જ્યાં
કરે કામ કામ કામ પંઢરપુર

દામાજી— કેમ ભાંઇઓ આહી આપનુ પધારવુ શા માટે થયું છે તે કૃપા કરી કહેવા મહેરબાની કરશો.

બ્રાહ્મણ—આવો દુષ્કાલનો વખત જોઇ હમે આપની પાશે પધાર્યા છીએ માટે હમારૂ દુઃખ કહાડવા કૃપા કરશો કારણકે હમારા ઘરમાં ખાવાને ધાન્ય નથી માટે હમારે શું ખાવું ને ઘરમાં છોકરાં મારા મારી કરેછે ભુખે તરફડે માટે અન્નનો ઉપકાર કરવા કૃપા કરો બીજુ આપણી પાશે કાંઇ માગવા નથી આવ્યા

દામાજી—ભાંઇ કરીમખાં આપણા મોદીને ત્યાં જાવ ને એ પાંચ છ બ્રાહ્મણો જે આવેલાછે તેઓને એક એક વરસનું અન્ન અપાવજો ને જે પૈસા થાય તે મારી પાસે થી લઇ જજો ને આપી આવજો ને આખરે ખરૂ પરમાર્થ કાર્યછે

કરીમખાં—સરકાર અબી જાતાહું ને આપણા કહ્યા મુજબ બ્રાહ્મણોને ધાન્ય અપાવી આવું એમાં શું છે એમ કરીને બ્રામણોને મોદીને ત્યાં લઇ જાયછે

મોદી—કેમ કરીમખાં ભાઇ આપને હમારે ત્યાં આવવુ પડ્યુ તે હુકમ હોય તે કહો

કરીમખાં—આ બ્રાહ્મણોને એક વર્ષનુ અન્ન આપો કારણકે હમેરા ઉપરીએ કીયા હે ને જે પૈસા થાય તે કહો.

મોદી—એમાનો હીસાબ હમણા હું કહુંછું અનાજનો લે સાબળો એમ કરીને હીસાબ કરેછે ને કહેછે કે રૂપીઆ. નવસો થયા માટે બેતાવજો

કરીમખાં—કુચ્છ ફીકર નહી ને બ્રામણોને લઇ જાયછે ને કહેછે કે એ બ્રામણને રૂપીઆ નવસેનુ અનાજ અપાવ્યુછે ને પુછી જુવો કે અનાજ અપાવ્યું કે નહી

બ્રામણ—સરકારે ધાન્ય અપાવ્યુ ને આપનો જય થાવ ને તમારા જેવા પુન્ય કરનારા પુરુષો આખી પૃથ્વીમાં ન જોયા કારણકે સવાલ કરયો તે મંજુર વાહ! તમારો આખા આલમ માં જય થાવ, એવો અમારા બ્રાહ્મણોનો આંર્શીવાદ છે. એમ કરી બ્રાહ્મણો સૌ સૌના ગામમાં જાયછે ને દામાજીનો જય થાવ જય થાવ .એમ કહેતા જાયછે

દામાજી— મારી રજા થોડા દીવસ ચડી છે માટે હુ મારે ઘેર જાઉછુ ને હમણા તહેવારના દીવસોની રજા છે માટે કરી મખાં આ ઘરની સંભાળ રાખજો એમ કહીને જાયછે ને પોતાની સ્ત્રીને તેડી આવેછે ને એના કાકી હતા તે એ નોકરી પર ગયા તે વખ્તે મરી ગયા તે એને ખબર પડી હતી પછી પોતે પોતાની સ્ત્રીને ઘેરથી આવેલાછે ને પોતાની નોકરી પર હાજર થાયછે.

કરીમખાં—કેમ સાહેબ, આવી પહોંચ્યા આપણને જતા કેટલીવાર ને આપણે કાંઇ પગે ચાલવુ પડેછે ઘોડાને પગે ચાલવુ પડેછે માટે આપણે એમા ફીકર શુ આજના માણસો એક દીવસમાં વીસ પચીસ ગાઉની મુસાફરી કરેછે તો આવા તેજી ઘોડાને શું વાર લાગે.

કરીમખાં—સચહે બાપુ.

બ્રામણ—પોત પોતાના ગામના બ્રાહ્મણોને કહેજે તમે

અહી શું કરવા મારામારી કરોછો આપણા સરદાર દામાજી તેમની પાશે જાવ તમને જેટલુ અનાજ જોઇશે તેટલું અનાજ આપશે અમે તો પાંચ જણ ગયા હતા તેઓ એક એક વર્ષ નું લઇ આવ્યાછે માટે આપણા તમામ ગામના બ્રાહ્મણો જાવ એતો બધાને અનાજ આપશે માટે બેશી ન રહો ને જાવ એ વુ સાંભળી આખા ગામના બ્રાહ્મણો દામાજીના ઘર આગળ આવ્યા ને પોકાર કરવા મડયા છે.

બ્રામણો—રીકર દામજી તુજને છે

હમો આવ્યા તારે આશરે — રીકર
અન્ન વીના ફરીએ હમે આ પૃથ્વીની માંય
માટે સંકટ માહરૂ દુર કરોને આંય
અરજ એટલી સ્વીકારોને
નહી બ્રહ્મને ધીક્કારો રે
આશરો લીધો તાહરો ને કરજે હમને સાય
અન્ન નહીજો આપશે તો જીવ હમારો જાય
માટે કરજે અમને સાય
નહી તળવળી મરશું આંય — રીકર
બાળક ઘરમાં ટળવળે તે સાંભળો હમ સરદાર
બળ્યુ જીવવુ આ સૃષ્ટીમાં હમનેછે ધીક્કાર રીકર

દામાજી—હું આ હવે આપણે શું કરવુ નહીતો આ બ્રાહ્મણઆપણા ઘર આગળ મરશે ને આપણને બ્રમ હત્યા લાગશે તારે શું કરવુ ને એટલાં બ્રાહ્મણો આવ્યાછે કે આપ ણાથી એમનુ પુરૂ કરી શકાએ નહી ને જો કેતી હોયતો આ બ્રાહ્મણોને અનાજ ના કોઠાર લુંટાવી દઉં કારણ કે અનાજ

ના કોઠાર આપણા થી અપાય નહી માટે શુ વીચાર કરવો એની મને સુજ પડતી નથી ને બ્રામણો એવા કલ્પાંત કરેછે કે આંપણાંથી બારીએ જોઇ શકાય નહી ને એની જોડે એના છોકરા તળવળેછે ને ઘરમાં પણ નાના છોકરાઓ હશે તે પણ ટળવળના હશે માટે મારાથી જોઇ શકાતુ નથી તેથી આપ સારી સલાહ આપો જો ધાન્ય લુટા વીશુતો રાજા મુને ફાંસીથી ચડાવસે કારણ કે મારી પાસે એના કોઠારમાં અનાજછે તેટલા પૈસા પુરા પાડવાને તેહુ વીચારમાં પડયોછું ને બ્રાહ્મણ અન્ન લેવા આવ્યા છે તેથી તુને પુછુંછુ કારણકે આતો મોટુ જબરૂ કામ કરવાનુછે તો પોતાની સ્ત્રી ની સલાહ પુછવી જોઇએ કારણકે સ્ત્રી અર્ધાંગના કહેવાય ને હુ દુઃખી થાઉ નેતું દુઃખી થાય માટે તારી સલાહ મારે પુછવી જોઇએ

દામાજીની સ્ત્રી—હે મારા પ્રાણપતી આ જગકર્તાને આખી સૃષ્ટીની ફીકર છે માટે આપણે બ્રાહ્મણોનુ સંકટ કાઢવુ એ આપણો ધર્મ છે કારણકે એ બાચારા કોની પાશે માગશે આવા કાર્યમાં કાયર ન થવુ ને આપણો વીઠુબા કરે તે ખરૂ બ્રાહ્મણો આપણા ઘરઆગળ ક્યાંથી શાક્ષાત ભગવાનને લક્ષ્મી જી એ બેએ રથમાં બેસાડી ભ્રગુરૂષીને પંડે તેડા લઇ ગયા હતાં માટે આપને બ્રાહ્મણોનુ દુઃખ નીવારણ કરવુ એ આપનો ધર્મ છે ને નર્મદા નદી આગળ ભ્રગુરૂષીં થયાં છે ત્યાં પણ પ્રલાદ થયા હતા ને તે અસલ ગામ શ્રોણીતપુર કહેવાતુ હતુ ને વામનનુરૂપ લઇ શાક્ષાત પરમાત્માએ બ્રમનુ રૂપલઇ માગવા નીકળેલા તે વખતે

બળીને ત્યાં બ્રહ્મગુરૂષીના આશ્રમ છે ત્યાં ચાંપેલો માટે આપને બ્રાહ્મણોને કોઠાર લુટાવોજે થવાનુ હશે તે થસે ને આપણા હાથ નીચે કારકુનછે તે બાદશાહને ચાંડી ખાસે તો હરકતનહી પણ પરમાર્થ કામ પેલુ કરતુ આવુ કામ ફરી ફરીને નહી આવે માટે સુખેથી જે કાર્ય કરતા હોય તે કરો વીઠુબા આપણી લજ્જા રાખશે કારણકે એના વીના આપનો કોઇ બેલી નથી ને આપને એને આસરે પડેલા છે માટે જે થવાનુ હસે તે થસે ને બ્રાહ્મણોને અન્ન કોઠાર ઉઘડાવી આપો વીઠુબાનુ નામ દઇ ને જરાકે તમારે બીવુ નહી આપને આ રાજમાં સુખ ઘણા વરશ ભોગવ્યુ ને આ વરશ આવા કામમાં દુઃખ ભોગવશુ તો કાંઇ હરકત નથી

દામાજી—ધન્ય છે સ્ત્રી તારા જેવી હીમત આપનારી આવી સ્ત્રી કોઈ દહાડો નજરે નથી દીઠી કારણકે જેકોઠાર લુંટાવવાનોછે તે પરમાર્થ કામછે પણ આવી લાવણ્યતાના શબ્દ જોઇ મારૂ મન બહુ પ્રફુલીત થાયછે ને તુ જ્ઞાન વાળીછે.

બ્રાહ્મણ—જેની સ્ત્રી પ્રતી વ્રતા નાર
જેનો રંભા તણો અવતાર
મુખ વીદે કોમળ કોયલ જેવા સ્વર
સતી સણગારમાં પહેરે નીત્ય અંમ્બર
નયન બાણ ભ્રકુટી ભાણ ટીલી તાણ
નહી ખામ, ખામ, ખામ, પંઢરપુર

વાહ! વાહ! મમમાયા અન્ન પુરણા દેવી તરીકે અમે માનીએ છીએ ને તમે આપશો, તમારા જેવો અન્નનો ઉપ કાર કોઇએ કર્યો નથી ને કર્યો નહી આતો ફક્ત નોકરી કરીને આવી હીંમત કોઇથી ધરાય કે ન ધરાય માટે હે પ્રતીવ્રતા સ્ત્રી આપનુ અખંડ શૌભાગ્ય રહો એવી અમારા તમામ બ્રાહ્મણો ના આશીર્વાદછે કારણ કે અન્ન જેવુ પુન્ય કશુ નથી ને પાછા હજારો બ્રાહ્મણો આપણે ઘેરે ભીખ માંગવા નહોતા આવતા ને વળીએક બ્રાહ્મણ નોતો મલતો આતો શું કરીએ કે ઘરમાં ખાવાને નહી તે આ દશા અમે સરવે પ્રાપ્ત થયા છીએ માટે આપનો જય થાવ. જય થાવ એવો અમારો અશીર્વાદ છે.

દામાજી—લાવો ત્યારે અન્નના કોઠાર ખોલી આપુ જે થવાનુ હશે તે થશે એમ કરીને કોઠાર ખોલી આપેછે ને ગામ માં દામાજીનો જય થાવ એવા શબ્દ બોલો બ્રાહ્મણો. ગાડા ભ રી લઇ જાયછે ને અમલદારો તથા અધીકારીઓ કહેછે કે આ દામાજીએ શું કરયુ એ મનમાં વીચાર કરતો નથી કે આ મુશ લમાનનું રાજ્ય છે એતો બાદશાહ આ સરવે હકીકત જાણશે તો એકદમ ફાંશીએ ચડાવી દેશે કારણકે એને સુજ્યુ તેમ કરયુ એવા વીચાર કરેછે અને દામાજી બધાના શબ્દ સમજેછે કાર ણકે છાસ લેવા જવી ને દોણી શામાટે સંતાડવી જોઇએ પછી બ્રાહ્મણોને કહેકે તમારે કશી વાતે ફીકર કરવી નહી ને જેટલુ જોઇએ તેટલું ધાન્ય લઇ જાવ હું પરવાનગી આપુછુ.

બ્રાહ્મણો—શાબાશ છે દામાજી તેં આ સ્રષ્ટીમાં ખરેખર નામ કાઢ્યું ને તારા જેવો બ્રહ્મણની રક્ષા કરનારાઓ થશે નહી

માટે તારી માત પીતાને ધન્ય છે તમે હજારો બ્રાહ્મણોને સંકટ માંથી છોડાવ્યા ને બધાં ગાડા ભરીભરીને લઇ ગયાં ને તારા નામનો જયજય થાવ એમ કરતા ગયાં માટે આના જેવુ પુન્ય નહી કહેવાય અમારી દશા ખરાબ જોઇ તેથી તે આવી સાહ્યતા કરી ને તુ સંકટમાં આવી પડયો માટે અમારો અંતઃકરણ એવો આર્શીવાદ દેછે કે તારો આખા આલમમાં જય થાવ એવુ વીઠુબા પાસે માગીએ છીએ.

દામાજી તમે આવો લીધોરે તમે લાવો
વીઠુબા બચાવો ફીકર એની તજાવો દામાજી
દરીઆમાં ડુબતુ નાવ દામાજીને બચાવ
પ્રીતેથી તુ અપાવ હજારો શીરપાવ દામાજી
ટળવળતા અમ બાળ જીવ જાય તુંતકાળ
લીધી તે સંભાળ બ્રહ્મને લડાવ્યા લાડ દામાજી
આલમમાં થયુ નામ, બ્રાહ્મણનું કીધુ કામ
કરે સહાય ઇશ્વર સ્યામ નહી રાખજોરે ખામ દામાજી
એવી અર્જછે અમારી લેને રેતુ સ્વીકારી
દુઃખ કાપ્યુ બ્રહ્મનુ ભારી બને સાહ્ય ઇશ્વર ધારી
—દામાજી

એટલુ બોલી તમામ બ્રાહ્મણો પોતપોતાના ઘેર જાયછે ને દામાજીની ઓશીસનાં એના હાથ નીચેના માણસો દેખી શ

કતા નથી, તેમાંથી અવલ કારકુને દામાજીની હકીક તનો બાદશાહ ઉપર કાગલ લખ્યો તે એવો કે દામાજી મજમુ નદારે તમારી રજા વગર તમારા ધાન્યના કોઠાર લુંટાવી દીધા ને કોઠારમાં એક અનાજનો દાણો પણ નથી ને આ કાગળ મેં લખ્યો છે તે બરાબર છે માટે તે બાબતનો આપ બંદોબ સ્ત કરાવશો કારણકે આખા શહેરમાં એમ કહેવાયછે કે દામા જીએ બાદશાહની રજા શીવાય બ્રાહ્મણોને કોઠાર લુટાવી દીધા તે આપને જાણ થવા લખ્યુ છે. માટે એની તપાંસ કરવી કે ન કરવી તે આપ સાહેબ મુખત્યાર છો અમારેતો કાંઇ રાજમાં ગેર વ્યવસ્થા થાય તે ખાનગી રીતે જણાવવુ એ અમારો ધર્મ છે માટે અમે જણાવીએ છીએ.

કરીમખાં—સાહેબ, આપણા અવલ કારકુને આપે જે કોઠાર લુતાવ્યા તે બાબત બાદશાહને ખાનગી કાગલ લખી મોકલ્યો માટે તમે ચેતતા રહેજો બાદશાહ સાહેબનો આપણી ઉપર કાંઇ હુકમ આવવો જોઇએ.

કરીમખાં—કેમ કારકુન સાહેબ આ તમે સારૂ કરયું એક દમ બાદશાહ ને લખાણ તમે મોકલ્યું એવુ મારા સમ જવામાં આવેછે વાહ આ તમારી રીત સારી પોતાના અમલ દારની ચાડી ખાધી તે સારી

નંદદત—ત્યારે શું રાજ્યની અંદર જેમ થાય તેમ થવા દેવુ તમારી ખુબી બહુ સારી કારણ કે તમે રાજ્યના ઘણા માનીતા માટે દુનીઆ પર જુલમ ગુજારવો ને જેનું ખાવુ તેનુ ખોદવુ એ સારૂ ન કહેવાય કારણ કે જે રાજ્યમાં આપણે

રહેતા હોયતો તે રાજ્યના ગુણ ગાવા જોઇએ નહીતો દુખી થઇએ

મહુમદશા શાહેબ આપણા બેદરપુરામાં દામાજીએબહુ કેર વરતાવ્યો એવુ આપણા નંદદતના લખાણ ઉપરથી માલમ પડેછે જુવો સાંભળો

બાદશાહ બરોબર કાગળ વાંચજો મ્હારો
બેદરપુરાનો કોઠાર લુટાવ્યો તમારો   બાદશાહ
તેમાં ધાન્ય તણો ભંડાર હતો બહુ ભારી
તે અર્જ સાંભળો અમ સરદાર સ્વીકારી—બાદશાહ
બ્રહ્મ પુત્ર હજારો અન્ન લેવાને મંડયા
જેની ખુશીમાં આવે તેમ તુટી પડયા   બાદશાહ
એવો અમલ બજાવ્યો આપ રાજ્યની માંહી
એવી રીતે વર્તાવ્યે અન્નાય અતીશે આંહી—બાદશાહ
સબ નોકરો કરે પોકાર કર્યું નહી સારૂ
એણે સારૂ ઇચ્છ્યુ નહી અમ સરદાર તમારૂ—બાદશાહ

બાદશાહ—વાહ! દામાજી તેંતો મારી નોકરી બરોબર બજાવી મેં મારો બેદરપુરાનો અધીકાર બનાવ્યો તે આટલા સારૂ મારૂ આખુ રાજ પાયમાલ કરવા બેઠો હુ જાણતો હતો હતો કે દામાજી પ્રમાણીક માણસ છે તેના ભરોશાને લીધે મેં તને આવી નોકરી આપી ને મારો માણસ હતો તેને મેં બોલાવી લીધો પણ યાદ રાખ હવે તુને ફાંશી ચડાવીશ એવુ મારૂ મન થયુછે માટે મારા વહાલા સરદારો એકદમ તઇયાર થઇ

દામાજીને મારી પાશે લાવો કારણકે બેદરપુરામાં લશ્કર પણ ઘણુછે ને એને આપણે મોટો અધીકારી બનાવ્યોછે માટે આ પણા સામુ થાય માટે લશ્કર લંઇ ભાઇ મમદશાહ તુમ ઇસ્કુ ઇદર પકડ લાવ ને ઇસ્કુ ફાંશી ચડાવ જબ મેરેકુ ઠીક હોયગા નહીતો ત્યાં સુધી મેરેકુ ઠીક નહી હોયગા.

બાદશાહ—સબ હોંસીઆર થાઓ તૈયાર
દામાજીને લાવો આવાર
લશ્કર કરો નેં ત્યાં જઇ કુચ
આપ્યો અધીકાર જાણી ઉચ સંબં
બેદરપુરા છે મારૂ ગામ
ધાન્ય લુટાવ્યુ મારૂ તમામ
જેવી કરણી
પાર ઉતરણી સબ
વાહ વાહ મુજ પર કીધો કેર
નથી જોઇ મારી શમશેર
બાંધી લાવો
આંહી આવો સબ

મહમદશા—ઇસ્કુ મેં અબી લાતાહું ઇસ્મે ક્યા હે
પય દલશે પય દલશે જઇએ તમામ
બાંધીને પકડીને કરવુ રે કામ

ઘણા દીવસ કરાવીછે લેર
બાદશાહ મારશે તુજને ઠેર પયદલસે
ફાંશી લટકાવશે એનેરે એમ
ગજબ ગુજાર્યો દામાજીએ કેમ
વગર વીચારયુ કરયુ એને કામ
વારે ચડશે કેવા વીઠલ શ્યામ પયદલશે
માનીતો માનીતો જે રે કહેવાય
તે કૃત્ય પ્રમાણે ગોથારે ખાય
ચાલોને ચાલોને મારારે ભાઇ
જલદી લાવોએ દામાજીને આંહી પયદલશે

એમ કરીને લશ્કરકુ ચકરાવતો કુચ કરાવતો મહમદશા દામાજી જે ગામમાં અધીકારીછે ત્યાં લઇ જાયછે ને એકદમ કીલ્લાની આસપાસ ફરી વળેછે ને આખા ગામમાં એમ થઇ રહ્યુ છે કે આપણુને લુટીને લઇ જશે એવી રીતે લોકો કહેછે ને બોલેછે ને સરવે જનો પોતપોતાનો જેમ આવે તેમ બચાવ કરવા મંડી ગયાછે.

દામાજી—આપણા કીલ્લાની આસપાસ બહુ તોફાન મચી રહ્યુછે ને લશ્કર આવ્યુછે માટે હવે આપણે કેમ કરવુ તેની મને સુઝ પડતી નથી.

રમા—હે મારા પ્રાણપતી હવે આપણે બીક

રાખીને બેશવુ નહી કારણકે આપણે માલીક થઇને રાજાના અન્નના કોઠાર લુટાવ્યા માટે આપણા કીલ્લાનાં દરવાજા ખોલી કહાડો ને બાદશાહનો જે હુકમ હોય તે ફરમાવો એવી રીતે કહે.

દામાજી—હુ બીતો નથી કારણકે આપણે કોઠાર લુટાવ્યા તે વખતે બીક ન રાખી ને હવે બીક રાખવી એ મુને પકડવાને આવ્યાછે એમ મારા સમજવામાં. આવેછે ને જોહું તોફાન કરૂ તેને માટે આ લશ્કર મોકલ્યુ છે પણ આપણે એની સામુ ન થવુ કારણકે એનું અન્ન આજ સુધી ખાધુ ને પાછો એની સામું થાઉં એતો નીમકહરામનુ કામ કહેવાય માટે એને કીલ્લાના દરવાજો ઉઘાડી આપુ મારી જાતે ને એ લશ્કરને કહુ કે તમે કીલ્લાની અંદર આવો ને પડાવ નાંખો ને જમી કરી મુને લઇ જવો હોયતો લઇ જજો એમ એમને ધારણા આપુ તો એ બધા જાણે કે દામાજી જેવો પ્રમાણીક માણસ કોઇ નથી એમ જાણે કારણ કે ગામના લોકો બીવા મંડયાછે ને કહેછે કે આપણુ હવે શું થશે આ તો કોઇ લશ્કર આપણી ઉપર ચડી આવ્યુંછે એવી રીતે બધા બીએછે માટે એમની બીક મટાડવી એ આપણી ફરજછે એમ કરીને કીલ્લાના બારણા ઉઘાડેછે

મહમદશા—ભાઇ દામાજી તમને બાદશાહ બોલાવે છે ને એવો હુકમ કરયો છે કે એને ફાંસીએ ચડાવવો એવી રીતે હુકમ ફેલાવેલો માટે તમને ફાંસીએ ચડાવશે ને અમને કેદ

કરી ત્યાં લઇ જવાના છે માટે ચાલો.

દામાજી—નથીરે દરકાર. મારા દેહની આવાર

પરમાર્થે કરવુ એ સઘલુ સમજુછું એ સાર
બ્રાહ્મણના રક્ષણ માટે થયો હું તમાર
શાને માટે સરવે કાઢયા છે હથીયાર નથી.
વખત ઘણો વીતી ગયોછે મારા ભાઇ
મોકલોને આંહી જઈ બાદશાહને તાંઇ
મહમદશાહ સમજો સાર દુનીયાનો મોટો માર
પછી બાંધી લઈ જાઓ કેદ કરી નીરધાર નથી.

માટે ભાઇ મહમદશા તમે જમી લો હું તમારી સાથે આવવાને તઇયાર છું.

મહમદશા - ભાઈ તારી એવી મરજી છે તો અમે બધા જમીને જઇશુ તો કેમ ! માટે સરવે ભાઇઓ બેસો ને સૌ હથીયાર મ્યાન કરી દો અને પછી જમી કરીને જઇએ.

દામાજી—ભાઈ જરાક શરમ તો રાખી માટે તમારો આવો ઉપકાર કેમ ભુલીશ અને તમારો બદલો વાલવાનો વખત હવે આવવાનો નથી. એમ પણ હું સમજુ છું. પરંતુ હમણાં રંધાવો ને જમો એમ કહી દામાજી સરવે રસોઈને માટે શીધુ શામાન કઢાવે છે ને લોકો રશોઇ કરીને જમેછે.

દામાજી—હે સ્ત્રી હવે મારે જવાનું છે માટે તારો શું વીચાર છે તે તું મને કહે.

રંભા—પ્રાણનાથ તમને બાદશાહે શીક્ષા કરવાને માટે કેદ કરી લઈ જવાને આ મહમદશા વીગેરેને મોકલ્યા છે તેમને જોઇ મારૂ હ્રદયુ ભરાઈ આવેછે.

દામાજી—હે મારી વાલી સ્ત્રી તારા આગળ મારાથી હેવે એક શબ્દ પણ નીકળી શકતો નથી કારણ કે બાદશાહ સાહેબે મારા ઉપર એક કાગલ લખ્યો છે તેમાં એમ લખે છે કે તમે મહમદશાની હજુર એકદમ હાજર થજો ને એ જે પ્રમાણે કરે તે પ્રમાણે તમારે વરતવુ અને આ હુંકમને તાબે તમારે થઇ જવું. અને જો હુકમનો અમલ નહી કરે તો વીશેષ સજાને પાત્ર થશો.

રંભા—મારા પ્રાણ પતી આપ આવા શબ્દ બોલો ને મારૂ કાળજુ કપાઇ જાયછે કારણ કે તમે પરમાર્થ કામ કરયુ તેમાં આપણાં બાદશાહ સાહેબે ફાંશીનો હુંકમ કરયો

પતી કેમજ કરજો ફાંશીએ ચડશો પરમારથ કરવામાં કાજ
લશકર કેદજ કરશે નહી વીશરેશો કર્મ ફુટયું મારૂ આજ
હીમત હારશોરે નહી પતી મહારા નાથ
આવો અવસર ચુકવો નહી હુ કહુછુ જોડી હાથ પતી.
પાપી પ્રાણજ લેશે પછી શુ કરશુ આ દુનીયાની માય
મારે વીઠલ તુ ચડજે નહી વીશરજે કરવામાં અમને સાય
અદલ ઇનશાફ આપજે બાદશાહના દરબાર માંહ્ય
ફાંસીએ ચડશુ બે જણા એવી પ્રતીજ્ઞા લઉછુ આંય. પતી.

દામાજી— એમા કાંઇ, પણ તારે ત્યાં આવવાની જરૂર નથી કારણકે બાદશાહને ત્યાં. જઇશ ને જે હુકમ થશે તે આખા આલમમાં પ્રસીદ્ધ થશે, માટે તારે આવવાની જરૂર નથી કારણકે આપણે મોટા અધીકારી થયા ને સ્ત્રી જાતી ત્યાં આવે એ ખોટુ પતીવ્રતા સ્ત્રીના લક્ષણ એવા છે જેકે પોતાનો પતી દુઃખમા આવી પડયો હોય તે વખતે પરમાત્માના નામની માળા જપવી એટલે. કાંઇ પણ રીતે પરમાત્મા ઉગારે ને સાચને કાં- આંચ નથી, આપણે થોડુ અન્ન આપણે ઘરે લઇ ગયા છીએ માટે એમા તારે જરીકે બીવાનું નથી, માટે તુ ફીકર છોડી દે.

રમા— પ્રાણપતી તમ શેવા પળે ચુકી નથી
ઘડી એક ઘરમાં જુદી રહી નથી તમથી પ્રાણ
માટે આવા સંકટ કેમરે આવીયાં
મોતના નીશાના લશ્કરે હવે બતલાવીયાં પ્રાણ
કીયા જન્મના પ્રગટયા પુરણ પાપજો
અમ સંકટ તમે વીઠુબારે કાપજો પ્રાણ
દીન દયાળ તુ કૃપાળ બહુરે અતી
બાદશાહની ફેરવજે તુ વીઠુબા મતી પ્રાણ
નથી અનીતી મમનાથે રે વાપરી
બાદાશાહની નોકરી ઘણીરે કપરી પ્રાણ

હે પ્રાણપતી આપની અર્ધાંગના આપનાથી હવે જુદી થશે ને આપ મુને મુકીને જશો (એમ કરી એકદમ મુરછા ખાયછે)

હામાજી— આવો કલ્પાંત કરી મારૂં મન દુઃખી ન કર ને પીતુબાનું નામ દઇ મુને રજા આપ કે બધી વાતે હુ જય મેલવુ ને તુ આહી રે તારો આસરો એક મોટો છે તે સાંભળ સાક્ષાત પીતુબાએ આપણને જન્મ આપ્યોછે તે કાંઇ આવા સંકટ મારે, કહેવતછે કે ગરીબનો બેલી ઇશ્વર માટે તુ બધી ફીકર મુકીને મુને રજા આપ ને તારી સંભાળ પીતુબા લેશે

મહુમદશા— આશુ તમે તોફાન માંડી રહ્યા છો જ્યારે આપણે કાંઇ કામ કરયુ પછી ફલાણુ આમ થયુ ને ફલાણું આમ થયુ ને પાછા રોદણા રડોછો એ બહુ ખોટું માટે મહેરબાની કરીને નંદદતને તારા અધીકારનો ચાર્જ આપ ને તુ અમારી સાથે ચાલ કારણકે અમે ખોટી થઇએ છીએ ને બાદશાહસાહેબ વીચાર કરશે કે એ હજુ ન આવ્યા માટે જલદી કરોને નહીતો જબર જસ્તીથી લઇ જઇશુ

હામાજી—ચાલો, નંદદતને ઓફીસનો અધીકાર આપીને આપણે જઇ જે કરમમાં માંડયુ હશે તે થશે. માટે હવે કલ્પાંત કરવુ એ ફોકટ છે માટે ચાલો એમ કરી લશ્કર ને સાથે ને હામાજી નંદદતને પોતાનો અધીકાર આપેછે.

ન્યાયનુ મંદીર.

દામાજી—ભાઇ નંદદત આં પેટી ને આ લખાણુ હવે આ દામાજી તમને ને બીજા કારકુનો ઓરીસમા છે તેઓને છેલા નમસ્કાર કરેછે. ને તારા જેવો નીમક હલાલ નોકર પણુ મેં નોતો જોયો કારણુકે મેં કોઠાર લુટાવ્યા નેતે એકદમ બાદશાહને જાહેર કર્યું માટે તારા માત પીતાને ધન્યછે ને આવા રાજ્યમાં તારા જેવા નોકરો છે તો રાજ્યને ઘણો ફાયદો છે આ દામાજી હવેતો એ પ્રમાણીક ઠર્યોછે.

સાર સાર સમજ્યો સાર
લેને તુ આ મુજ અધીકાર
ટકવાનુ છે થોડી વાર
વાર લગાર નહી તુજ આવાર　　　　સાર
ફાંશી ચડીશ હું, તેમા થવાનુ શુ.
બેદરપુરાને છેલા હવે મારા નમસ્કાર　　　　સાર

નંદદત—સાહેબ, મારી ફરજ હતી તેમેં બજાવીછે. માટે મારી ઉપર આપ ઘણા ગુસ્સે થયા તે સારૂ નહી, કારણકે આજે નોકરી મુને મળી તે બાદશાહના લખાણ ઉપરથી

મુને આપે નોકરી આપી ને માણસ જે કર્તવ્ય કરેછે તે બો જવેછે તેમાં કાંઇ નવાઇ નથી.. માટે આવ શાન્ત થાવ ને મારી ઉપર ક્રોધાયમાન ન થાવ.

દામાજી—ભાઇઓ, મારાથી તમને કહેવાયુ હોય તે બાબત હવે મુને માફી આપશો કારણકે આ અરસપરસ આપણી જે મુલાકાત થાયછે તે છેલ વેલીછે માટે આપને સરવે ને કહુછું.

નંદદત—આપ અમારા ઉપર પ્રીતસારી રાખનો ને સરવે જનોને સારો ન્યાયઆપતા હતા આપ તો ફકત પરમારથ કામ મા આવી હાલતમાં પોચ્યાછો તમે કોઇની લાંચ ખાધી નથી ને ઘરમા બાદશાહની પઈ અનીતી રરને લીધીનથી ફકત બાદશાહ નાહુકમ વગર આવુકામ કર્યું તેને લીધે આપ આવી હાલતમા આવી પોચ્યા માટે અમારો પણ એવો આશીરવાદછે કે આપનો જય થવ કારણ કે તમે હજારો બ્રાહ્મણ ના સંકટ કાઢયા ને આવા વખતમા આવુ કોઈ કરીનથી કે માટે તમ ને ધન્યછે

દામાજી—ભાઈ મહમદશા હુમારીસ્રી પાશે જઈને આવુછું માટે તમે મારી જોડેચાલો ને તરત આપણે સાથે જઈસુ ને મુને કેદકરીને લઈ જવોહતો તો કેદકરીને લઈ જજો એબાબતમાં મુને ફીકર કાંઇનથી નેહુપણ હુકમને તાબેછુ કરણકે બાદશાહ નોમાલ કરોડો રૂપીઆનો લુટાયો માટે હુ આ દશાને પ્રાપ્ત થાઉ તે મારી શીનવાઇ

મહમદશા—ચાલો જલદી એમ કરી દામાજી પોતાની સ્રીને દીવાન ખાનામાં મલવા જાયછે ને મહમદશાને લશ્કર હુ

ર રહેછે

દામાજી—મુને મહમદશા બાંધીને લઈજશે અહીથી હુ છુટે હાથે જાઉ ને વીઠુબાના દરશન કરીને હુ પછી બંધાઉ તો હરકત નથી કરણકે મારે મારી દેવ સેવા અથવા પોથી જેટલા જીવવાની આશા ત્યાંસુધી તો સાથે રાખુ પછી વીઠુબાના મંદીર આગળ દેવ સેવા મુકીને જઇશ એટલે કોઇ પણ પુજા કરશે

રમા—સુંકરવા. દાગીના ઘરમા કરવાના રેછે
એ વાત સાંભલો પતી મ્હારા નીશ્ચય સમજોરે સુ.
દાગીના અંગારા જેવા લાગે મુનેરે
જમાદારને દાગીના આપીદોને તે સુ.
રસ્તામા હરકત તમોને આવવા નહીરેદે
ખુશી ખુસલીથી દરશન કરવા દેશેરે સુ.
પછી નીત્યનો પાઠ વાંચીને પુરણ કરજો કામ
ઇટવર વીઠલનુ રે તમે ચાલતા ભજજો નામ સુ.

માટે મારા પ્રાણ પતી આદાગીના તમે આ મહમદશાને આપીદો એટલે તમને રસ્તામાં દુખ ન આપે ને તમને બાંધ્યા વગર લઇ જશે કહેવતછે જર ચાહ્‍શો કર માટે હુછુ તે પ્રમાણે તમેકરો ને વીઠુબા સારા વાના કરશને બધી બાબતની ફીકર છોડીદો આપણુ સુ લાવ્યાતા ને સુ લઇ જવાના માટે આ દાગીના નથી માટે આપીદો જેથી આપણુ કાર્ય થય માટે ફી

કર છોડીદા

દામાજી—મારી પ્રાણ પ્રીયા રમા તેતો આ બહુ ચાલા કી વાપરી માટે લાવ હું આપી આવુ એમ કરીને પોતાની સ્ત્રી ના દાગીના લઇ પેલા જમાદારને આપ્યા.

મહુમદશા—વાહ ! વાહ ! દામાજી તુમેકુ કુચબી હર કત નહી હોયગી ને ખુદા કરેગા તો તુમેરેકુ બાદશાહ છોડ દેયગા ને જમાદારનો સાહેબતો ખુશ ખુશ થઈ ગયા ને દામા જી કહેવા લાગ્યાકે ભાઇ દામાજીતુ મારી સાથે ચાલજે નેબાદ શાહનો દરબાર દેખાશેકે તુંને અમે કેદ કરી લઇશુ જાઇશુ મા ટે અહીથી તુને કેદ કરી અમે લઈ જઇસુ નહી

દામાજી—શું પૈસાની ખુબી, નહીતો મુને બાંધીને લઇ જવાના હતા ને હવે મુને છુટો લઇ જશે. વાહ ! પરમેશ્વર તુ પણ પૈસામાં અધીક રહેછે, ને પૈસા બધી વાટે વેર ને ઝેર કરાવેછે આતો અન્નના કોઠારના પઇસા આપીને રાજાને ખુશી કરતતો મારી આવી દશા થાત નહી. માટે પઇશાની ખુબી પણ ન્યારીજ છે. હુ જાણુતો કે પૈસા, એક લોંદી છે. પણ પૈસો દોઢ પરમેશ્વર છે.

સાંભલો ભાઇ પૈસા નીરે વાત
પૈસો તો સેઢ પરમેશ્વર સાક્ષાત સાં.
પૈસો ઘરમાં તારા હોય
તોજણુસ લેવાને જાને કોય સાં.
પૈસો તો વેર કરાવે ભાઇ

પૈસા વીના ફાંસી ની સીક્ષા થઇ સાં.
એવો પઇસા નોછે ઘાટ
જમાદાર બાંધશે નહીરે વાટ સાં.
દરશન કરવા દેશેરે
બેચાર કલાક બેશી રેશેરે સાં.
પઇસો તો કરવાનો એવો તાલ
પઇસા વીના જુવો હમારા હાલ સાં.

એમ કરી દામાજી પોતાની સ્ત્રીને કહેછે દુકથી વાતે ફીકર કરતીનહી ને તારી રક્ષા વીઠુબા આપણા કરશે નેહુ જાઉંછુ એ જાયછે ને રમા બાઇ બહુ કલ્પાંત કરેછે ને આ ગામમા ભયંકર જેવુ થઇ રહ્યુછે ગામના લોક પણ વીસમય થઈ ગયા નેલોકો બોલેછે કે આ પરમારથ કરતા આ દામાજી ને ફાંસી ની શીક્ષા વાહ ભગવાન તારી ગતી ઓરછે આવો પરગજુ જેવા માણુસની આવી ગતી એ ઘણો ધર્મનો થાભલો હતો ને ન્યાયનો ભંડાર હતો ને અનિતી વાપરનાર નહી, ને ત્યારે તેને ફાંશીની શીક્ષા થઇ પણ પરમેશ્વર કરશેતે ખરૂ એવી રીતે ગામ ના લોક કલ્પાંત કરવા મંડી ગયા છે, ને બાદશાહે જે હુકમ કહાડયોછે તે ફેરવવાનો નથી ને ફાંશીએ નકી ચડાવશે એમ કરી લશ્કરની જોડે જાયછે ને દામાજી લશ્કરની અગાડી રહેછે ને જમાદાર સાથે વાતચીત કરતા જાયછે પણ પઇસાએતો લાજ રાખીછે કારણકે કોઇ જાણે આતો ખુશ ખુશાલીમાં જાય

છે એવુ માલમ પડેછે ને ગામમાંતો જાણે હાહાકાર ઉઠી રહયો છે ને વાદળ અંધકાર જેવુ થઇ ગયુ હોય એમ લાગેછે.

મહમદશા—ભાઇ દામાજી તારાથી કાંઇ બચ વાનું સાધન નથી માટે તારા પરવરદીગારને યાદ કરતો કરતો ચાલ કારણકે બાદશાહ એવો નથી કે તુને છોડી દેશે માટે હુ તુને આ સારી સલાહ આપુંછુ ને તુ જાણેછે કે આ મુસલમા ની રાજછે માટે તારે બચવાનો કાંઇ ઉપાય નથી.

દામાજી—હે વીઠુબા તુ મારી રક્ષા કરનારો છે કારણ કે આ જીવ નકામો માર્યો જાયછે તેતુ જાણેછે મે કોઇને આજ દીન સુધી કોઇને દુભવ્યો નથી માટે હે જગકર્તા પરમેશ્વર મારી રક્ષા કરજે એવી મારી પ્રાર્થના છે પછી મારા પુર્વના સંસ્કાર હોય તે પ્રમાણે થશે પછી તુને દોસ દેવાનો નથી પણ મારી સાહ્યતા કરવામાં ભુલતો નહી એવી મારી પ્રાર્થના છે એમ કરી રસ્તો કાપતા કાપતા વીઠુબાનુ મંદીર આવેછે ને ત્યાં કુવોછે ત્યાં દામાજી નાયછે ને પછી વીઠુબાના દરશન કરવા જાયછે ને ધીનો દીવો કરી વીઠુબા આગળ નીત્યનો પાઠ વાંચ વા બેશેછે ને વીઠુબાના મનમાં વીચાર થાયછે કે આ મારો શેવક પોતાના નીત્યનો પાઠ વાંચવાનો ભુલતો નથી, એની કેવી ભક્તિ છે કારણકે એને હજારો મનુષ્યોના જીવ બચાવ્યો છે ને આ ફાંશીએ ચડવા જાયછે. માટે મારે બચાવવો એમાં કાંઇ નવાઈ નથી.

વીઠુબા—ચાલ, હવે હું મારા સેવકને બચાવુ કારણકે એની આવી દશા જોઈ મારૂ મન દુઃખ બહુ પામેછે. ને કહેછે

કે હું મહાડનો વેશ લઇ બાદશાહના કોઠાર લુંટાવ્યા તેના પઇસા આપી આતુ ને દામાજીનો બચાવ કરૂ કારણુ આ નીરઅપરાધી માણુસ માર્યો જાયછે માટે એવુ ન થવા દેવુ જોઇએ એની મારા ઉપર કેવી આસ્તા છે, ને મારા નામનુ ધ્યાન ધરીને કેવો બેઠોછે માટે એને હુ બચાવુ એમ કરીને મહાડનો વેશ લેછે, ને ફાતલા લુગડા પહેરેછે ને પંડે પોતાના મંદીર માંથી એકદમ બહાર નીકળે છે ને જાયછે ને મહાડ બાદસાહના દરબાર આગળ આવેછે ને ત્રીસ ચાલીસ ગાડા ભરી ઉભા રાખ્યા ને બાદશાહને કહેછે એ માઇ બાપ તુ આ દામાજીનો કાગલ લો એવી રીતે પોકાર કરેછે.

બાદશાહ—એ કોણુ નીચે પોકાર કરી રહયો છે માટે હુ જોઊં કે એ કેમ આવ્યો છે, ભાઇ મહાડ તું અહી કેમ આવ્યો છે તેનું કારણુ કહે ને પોકાર કેમ કરી રહયોછે માટે જે કહેવાનું હોય તે કહે.

મહાડ—માઈ બાપ દામાજીએ આપની ઉપર કાગલ મોકલાવ્યો છે.

બાદશાહ—ભાઇ અમદમીયા નીચેથી કાગલ લીઆવ.

અમદમીયા—અછા સાહેબ, અબી લાતા હુ. એમ કરીને નીચે ઉતરેછે ને કહેછે કે અલા શુ લાવ્યોછે

મહાડ—ભાઇ સાહેબ દામાજીએ આ કાગલ મોકલાવ્યો છે ને ધાન્યના હીસાબ કરી પઇસા મોકલાવ્યાછે તે માઇ બાપ લઇને આવ્યોછુ.

અમદમીયા—કાગલ બાદશાહ પાસે લઇ જાયછે, ને

બાદશાહને કાગળ વાંચી સંભળાવે છે.

બાદશાહ સાહેબ અર્જ સાંભળો મ્હારી
તે વર્ણુન ની વાત જેરે થનારી
ઘણુા ધાન્યનો ઢગલો હતો તે
બ્રહ્મ પુત્રોને મે આપ્યો હાથથી તે બાદશાહ
તેનોં રે હીશાબ મે ગણી મોકલ્યો છે
તે મહાડને લખી રે આપ્યો છે
તે લઇને પોંચ આપજો તેને
એટલે પોંચસે પત્ર એ અમોને બાદશાહ

બાદસાહ—લાવો એણે પૈશા મોકલાવ્યા હોય તે ગણી લઇએ એમ કરીને બાદશાહ નીચે આવેછે, ને ગાપમાં જે નાણા ભરેલાછે તે કોઠળીઓ ગણવા માંડેછે. અને શરવે ઠેલીઓ ગણી લેછે ને કોઠારના ધાન્યના હીશાબ બરોબર થઇ રહેછે પછી બાદશાહ એને પોંચ લખી આપેછે ને તે મહાડ પોંચ લઇ એકદમ જાયછે ને પછી બાદશાહ વીચારમાં પડેછે કે મ્હાડ હતો કે દામાજીની વતીના વીઠુબા હતા એવી રીતે એને મા લમ પડેછે ત્યારે પડે ઘોડે સ્વારને મહાડને તેડવા મોકલેછે ને સ્વાર દશ પંદર ગાઉ સુધી જાયછે પણ મહાડનો પતો લાગતો નથી ને પાછો આવેછે ને કહેછે સાહેબ એતો મહાડ માલમ નથી પડતો હુ બહુજ રખડી આવ્યો પણ મુને મળ્યો

નહી પછી બાદશાહ મનમાં વીચાર કરેછે કે મે દામાજી ઉપર બહુ જુલમ ગુજાર્યો ને એકદમ પ્રાંશીનો હુકમ વગર વીચારે મોકલ્યો અને લશ્કરને કેદ કરવા મોકલ્યુ એવી રાતે મે મોકલ્યો પણ આ મે બહુ ખોટુ કર્યું ને પછી પસ્તાયછે ને કહેછે.

દામાજી હુકમ તુજ પર કીધો ભારી
મારી અક્કલ તે વખતે ગઈતી મારી દામાજી
હવે મુંને પસ્તાવો બહુ થાયછે
દામાજી તારા વીના જીવ જાયછે દામાંજી
લશ્કર હેરાન તુને કરતુ હશે
મહાડ તુતો કોના ગામમાં વશે દામાજી
મારી બુદ્ધિ ગમ ખાઇ ગઈ છે અતી
દામાજી આવી મુજ ફેરવ મતી દામાજી
રાજપાટમાં સુઝ પડતી નથી
મારી અક્કલ મારી ગઇ છે તમથી દામાજી
ભરોસો જાણી ને આપ્યો અધીકાર
તે પ્રમાણે દામાજી તુ વરત્યો અપાર દામાજી
મુને લાગેછે આ ખોટો સંસ્કાર
અજબ ગતિ ત્હારી લાગે કીરતાર

એમ કરીને બાદશાહ ઘણો અફસોસમાં પડેછે ને પેલા અવલ કારકુન પરગુસ્સે થાયછે કે એ માણસે મારી ઉપર દા

માજીની ચાડી ખોટી ખાધીને એ કારકુન પર વીશ્વાસ રાખ્યો ને એક દમ દામાજીને મે પકડવા લસ્કર મોકલ્યુ એ કેવુ અની તી ભરેલુ માટે હે ખુદા આગ્મા સારી બુધ્ધી આપજે

દામાજી—અરેમે વીઠલનાથજીનો આશરો લીધો પણ મુને સાથ કેમન થયા એ મુને આશ્ચર્ય લાગેછે

દામાજીને મુક્ત કરવા સાહાય કરજે વીઠલધણી
બેદર પુરાનારે અધીકારી પર કૃપા તારીરે ધણી
આવી હાલતમા હુ પડયો કરી વાત કહુછુરે ખરી
કેદ થયો પણ હુંતુને નથ ગયો કાંઇ વીસરી દા.
સંકટના બોજા ખુબ પડે પણ સુથસે આદેહને
બાદશાહ અતી ગુસ્સેછે હવે વાત કહુ સુ તેહને
ધીકાર છે આ દેહને ધીકાર છે આ જન્મને
દરશન નહી તારા થયા ત્યા સુધીછેરે અમને દા.

મહુમદશા—ભાઇ સાહેબ હવે ચાલો શાને માટે વખત નકામો ગુમાવો છે તમારા હીંદુ લોકોના ખાના પીના બોત અચ્છા ૯રકી ટાપ ટીપ કરવી બહુ અઘરી

દામાજી—સહેબ હવે કુમ રા દેવના પુજા કરી રહયોછુ ને ચાલો એટલામાં વાતો કરેછે નેપોતે નીત્ય કર્મના પાઠ ના પાના છુટા પડેલાછે નેગોઠવેછે ને ગોઠવતા પેલા મહાડને પોંચ આપેલી તે અંત્રીક્ષ પાનાની અંદર આવી ગઇ ને પાના ગોઠ

વેછે એટલે પોંચ જોવામાં આવેછે ને વાંચેછે કે ભાઇ દામાજી તારા મોકલેલા નાણા તે અમોને વીઠલા મહાડ સાથે મોકલ્યા તે અમોને પોંચ્યાછે ને તને જે કેદ કરવાને લશ્કર મોકલેલ તેમાં મુને ઘણી દીલગીરી ઉત્પન્ન થાયછે, કારણકે મે પેલા અવલ કારકુનના લખ્યા મુજબ તુને મે કેદ કરાવવા લશ્કર મોકલેલ પણ તે વખતે મારી મતી જતી રહી હતી પણ હવે જે વાકય કહ્યાંકુ તે નકામુ છે ને તુને હવે ફાંશીએથી ને કેદથી મુક્ત કરવામાં આવેછે ને વીશેષ સજા અવલ કારકુનને તારા આવ્યા પછી થશે એવી રીતે વાંચ્યુ ત્યારે મનમાં વીચાર કરેછે જેકે હું ગાંડો થઈ ગયો કે મુને શુ થયુ તેની મુને ખબર જરા એ પડતી નથી, આ ચીઠી કેવી ને આ વાત કેની ને આ આ વી કયાંથી એ મુને બહુ અચરજ જેવુ લાગેછે ને સ્વપ્નાની માફક થયું પણ ખબર પડતી નથી, ને એક તરફ લશ્કર કેદ કરવા મુને તતપર થઇ રહ્યાછે, ને આ ચીઠી બાદશાહની સહી ને વળી મે કાગળ મોકલ્યો હોય તેના અક્ષર પણ લાગેછે. વાહ! આ શુ થાયછે! મુને સુઝ પડતી નથી, પણ આ વીઠુબા લાજ રાખનારો છે. મારે એમાં કાંઇ નથી, એકતો મારી સ્ત્રી ને એને આશરે રાખીને આવ્યોછું. ને હુ પણ આશરો લઇ બાદશાહના હુકમને તાબે જાઉંછું ને આવી ઓચીંતી એકદમ ચીઠી વાંચવામાં આવેછે પણ હવે મુને ધારણા થાયછે કે આ ચીઠી ઉપરથી મુને છુટવાનો રસ્તો છે કારણકે બાદશાહની સહી છે ને શીકકો પણ એના રાજનો છે એટલે આપણા નાણા મલ્યા એવી ખાતરી કરાવવા આ લેખ દીકછે, માટે હવે ઓઢી મનુ

એ વાજબી નથી હવે મહમદશા ચલો, તુમરી શાથ આવવા ખુશીછું ને મુને કેદ કરો, કારણકે બાદશાહ અહીં શીકાર કરવા ઘણી વખત આવેછે. ને વખતે ફરવા પણ આવેછે. માટે જો મુને છુટો જુવે તો તમને ખીજાય ને તમને બર તરફ નોકરીમાંથી કરે. માટે હવે તમારો રોટલો તમે સંભાળો કારણકે મારે મારા ઇષ્ટદેવનુ ધ્યાન ધરવાનુ હતુ તે કામ પૂર્ણ થઇરહ્યુ છે માટે મુને કેદ કરવા તમારે હરકત નથી ને ખુસીથી કરો મે થોડી રાજ્યમા ચોરી કરીછે ને મે થોડી લાચ ખાધીછે આતો પરમારથ કામ કરવામાં દુખ આવે તેમા સુથયુ એબાબત મુને કાંચીત માત્ર હુંદીલગીર થતો નથી પણ મુને લાગે છે કે પરમેશ્વર હવે સારા વાના કરશે નેહુઆ બાદશાહનો લેખ મારી પાશે વીઠુબાના મંદીરમાં આવેલોછે તેબતાવીશ પછી એનીએ ખુશીમાં આવે તેમકરે



શ્રી શારકમળા—પ્રાણપતી તમે જ્યારે અમને વીઠુબાના રસ્તા આગળ મલેલા તેવખતે તમારીકાંન્તી અને તમારૂ બોલવાનું વીવેચન વીવેકવારૂ નહોતુને ગામમા નકામા ભટકતા હતા ને સરવે જનારાઓ તમોને જુગારીના સરદાર તરીકે ઓળખતા હતાને મારીવાલી બેન ચંદનગવરી તેપર તમે આશક થયાહતા ને તેવખતે અમારી ઉપર પણ જુલમ બહુ ગુજાર્યે હતો ને હવે તમે પાચમાં પંકાતા પણ તમે થયા માટે પરમાત્માની ખુબીની ગતી ઓરછે જેમાણસ પોતાના મનને ઘેરાને એકદમ વીચાર કરેકે મારૂ સારૂ આમ થાય તેપરમાણે થાય એમા કાંઈ નવાઈ નહી પણ માણસોનુ મન કબુલ કરતુ નથી એટલે ધારેલા વીચાર હોય તેઓના ફોકટ જાયછે માટે પ્યારા આપના સુખના વૈભવ ભોગવી મુને તમે ઉપકારી કરશો કારણકે મુને આશા નોતી કે હું તમારી સાથે પરણીશ માટે મુને નવાઈ લાગેછે ને તમે દીનપ્રતી દીને તમારો વેપાર ખુબ ચાલેછે ને તમને ઠારસે રસ્તે ચાલતાને દુર કરી સારે રસ્તે ચાલોછો એ પણ પુર્ણ તમારૂ નશીબ સારૂ કારણકે પુર્વના સંસ્કાર સારા

કર્યા હસે તેથી પાછળથી આવી મતી આવી માણસને અગાડી દુઃખ પડે ને પાછળથી સુખ મળે તે સારૂં જુવાનીના દહાડા માં દુઃખ જણાવ નાખી ને ઘડપણમાં એને કહરૂં લાગે કે આ દેહ છુટી જાયતો સારૂ એવું આપણા અંતઃકરણમાં થાય માટે વીઠુબા આપણુંને કરે છે તે સારૂ કરેછે ને બધાની ઉમેદ પાર પાડનાર એ ધણી છે.

મારા પ્રાણપતિ આવા ઉમંગના દીવસમાં મારી બેનપણી ને તેનો વર સહદાસને આપણે એના બગીચામાં મીજબાની નો ઠરાવ કરાવીએ કારણકે આવા પ્રસગમાં આપણે મોજમઝા મારીએ કારણકે મનુંષ્ય જાતીનો ઉત્તમ દેહ ફરી ફરીને આવતો નથી ને જ્યારે લક્ષ ચોરાશી અવતાર લીએ છીએ ત્યારે આ પણા જેવો મનુંષ્ય જાતીનો અવતાર આવેછે માટે મનુષ્ય જા તીએ પોતપોતાના ગૃહસ્થા શ્રમ સાચવી ભક્તિ કરવી એ ઉત્તમ છે જેથી માણસને મોક્ષ ગતી મલેછે ને આપણું હર હમેશ સૌનુ સારૂ થાય એવું ચ્હાવું જોઇએ ને વખત આવે ત્યારે આવા ઉમંગના દીવસ પણ કદાચ કહાડવા એ આપણો ધર્મ છે કારણકે એક સમયને વખતે રામચંદ્ર વનવાસ નીકળેલા તે વખતે શંકરને પાર્વતી એ પણ પોતાના કૈલાશમાં જતા હતા તે વખતે રામચંદ્રનું શંકર પરમાત્મા ધ્યાન ધરતા હતા કારણ કે એ મોટા દેવોએ પોતે ઘણી વખતે સખા ભાવ તરીકે વર્ત તા હતા ને કોઇ કોઇ વખતે ગુરૂ તરીકે વરતંતા હતા એવું મારા સાંભળવામાં આવેલુ છે. ને સાસ્ત્રોની ચોપડીમાં પણ

વાંચવામાં આવેલુ છે જ્યારે રામચંદ્રને વનમાં થોડેક દુર દીઠા ત્યારે પાર્વતીજીએ પુછયું કે મહારાજ, આપ કોને નમન કરોછો ત્યારે સંકર કહેછે કે મારા ઇષ્ટ દેવ રામચંદ્રજીને ત્યારે પાર્વતી જી કહેછે કે તમારા કયા ત્યારે શંકર કહેછે જો પેલા સીતા સીતાના નામ દેતા જાયછે ત્યારે પાર્વતી બોલ્યા કે આવા તમારા રામચંદ્રજી આવા સીતામાં લુબ્ધ થઇ ગયા છે ને ગાંડા થઇ ગયા છે એવા તમારા ગુરૂ ત્યારે શંકર કહેકે એેની ગતી ન્યારી છે એ જગતના પાલણ કરનાર પુરૂષ છે પણ અતો લોકોને બતાવવા સારૂ આમ રૂદન કરેછે પણ એ અવતાર લઇ ઘણા કાર્યને માટે નીકળેલા છે એમાં રાવણને મારશે ને જટાયુને મોક્ષ ગતી આપશે. ને શવરીબાઇ રામચંદ્રજીના પુર્ણ ભક્ત હતા તેથી કરીને એને દરશન આપશે એવા કાર્યને માટે અવતાર લીધા છે માટે સખા ભાવ તરીકે એક બીજાને ચ્હાતા હોયતો તેને કેમ ચ્હાવુ નથી દરીયામાંથી ચઉદ રત્ન કહાડયા તે વખતે ઝેરનો કુપો મને સોંપ્યો કારણકે એમણે સો સોના મરજી આવે તેમ ચીજો લઇ લીધી ને ઝેર વખતે સાક્ષાત રામચંદ્રજીએ મુને યાદ કર્યો ને મારે ઝેરનો કુપો પીવા પડયો તેવી રીતે અમે સખા ભાવ તરીકે વર્તતા હતા માટે મારી બેન પણી ચંદનગવરીએ મારા લગ્ન વખતે બહુ મદદ કરી હતી તેથી કરીને મારે મીજબાની ન આપવી જોઇએ.

કીશોરકમળા—

પતી સાંભળો મ્હારી રે વાતો તમે એક ચીતે
રમતા ફરતાને હસતારે શખીઓ અમે નીતે
ચંદનગવરી ચંચળરે અમારાથીરે અતિ
સહદાસછે એનોરે પૈસાપાત્ર એનો પતી
સુંદર કૈલાસ બાગમાં ફરશુ સઉની સાથ
જમી કરીને જઈશુ પ્રીતે મારા નાથ   પતી
સંસારમાં લાવોરે બીજો કશો રે નથી
સ્વામી છાની હુ વાતોરે રાખુ નહી રે તમથી
પ્રાણુપતિ એ મહારી વીનંતી સાંભળો આજ
નટવર વીઠલરે પ્રભુ પુરણ કરશે કાજ   પતી

કાન્તીલાલ—

કરો પ્યારી ખુશીથી મીજબાની આનંદમાં
તુંજ મુખારવીંદ જોઇ મારૂં મન
પ્રફુલીત થાએ અતી મંગનમાં
નેણ તારા બહુ કરે આગ્સારા
ને શબ્દ સારા લાગે મુને બહુ તારા
તેથી ખુશી હુ તુજ પ્યારમાં   કરો

કીસોરકમળા—

પતી પ્રેમની વાતો બહુ પ્યારીરે
નહી કરશો આ દાશીને ન્યારીરે

હુતો અર્ધાંગના તમ નારી પતી
નીત્ય જપુરે જપુ તમ માળારે
તમે લાગો બહુરે કૃપાળારે
તુને સુઝે અતી ઘણા ચાળા પતી

કીશોરકમલા—મારા પ્રાણપતી તમારી દીન પ્રતિદી ને મારી ઉપર સારી પ્રીતી રાખોછો તે જોઇ મુને ઘણો હર્ષ થાયછે,

. **કાન્તીલાલ**— મારી પ્રાણપ્રીયા જે માણસે આ દુનિયામાં અવતરી સંસારમાં અથવા પોતાના વ્યવારમાં સમજવા નથી અને પરમેશ્વરના હરીકીર્તનમાં સમજતો નથી. તે કેવળ મુર્ખ મનુષ્ય છે, કારણકે આપણે મોજ કરીએ છીએ કે આતો પુર્વના સંસ્કાર પ્રમાણે મળેછે એવુ કરીએ છીએ માટે આપણે આ વતા ભવ સારૂ સારૂ કરવુ જોઇએ કે નહી.

કીશોરકમલા- જે વાર્તા કરોછો તે સત્યછે ને હુ મારી સખીને ત્યાં જાઉંશું ને મલી આવુ ને મીજબાનીની વાતો કરી ફરી આવીશ ને કયારે જવુ તે દીવસ મુકરર કરી આવીશ,

કાન્તીલાલ—ખુશીથી, એમા તને કોણ ના કહેછે. ખુશી થી મીજબાનીનો દીવસ મુકરર કરજે.

ચંદનગવરી- બેન, કીશોર કમળા તારો મેળાપ મુને ઘણા દીવસે થયો તે જોઇ મુને ઘણો હર્ષ થાયછે. તુ કેતી હતી

કે હું તને મળવા આવીશ પણ આટલા દીવસ થયા તુ આવી નહી માટે તેં અમારી ઉપરથી પ્રીતી ઉતારી નાંખી એમ અમને લાગેછે.

સહદાશ— કેમ પ્રીયા આતો તારી સખી કીશોરકમળા આવીછે.

ચંદનગવરી—કેમ ન આવે, પેતાની બેનપણીને મળવા ન આવે, કારણકે અમે નાના હતા ત્યારની પ્રીતી છે તે કાંઇ તોડી નખાય? કારણકે સાથે રમતા ને સાથે ફરતા ને એક બીજાની દુઃખની વાતો કરતા ને કોઇ દીવસ જુદી નહ્એ માટે મલવા સરખીએ ન આવે.

સહદાસ—ખરી વાતછે. જેઓને બેનપણા નાનપણથી બંધાયા હોય ને ઘણા દીવસ થાય એટલે એક બીજાને મલવુ એ પોતાનો ધર્મ છે, ને ન મળીએતો એક બીજાને ફીકર થાય માટે તારી વાત ખરીછે.

કીશોરકમલા—બ્હેન આપણે ઘણા દીવસ થયા સુંદર કૈલાસ બાગમાં આપણે ફરવા નથી ગયા તો કાલે મારે તમને મીજબાની આપવી કારણ કે તમોએ બેનપણીની રીત બરોબર રાખી પરંતુ મારાથી આપનુ કાંઇ બની શકતુ નથી.

ચંદનગવરી—મારી સખી. તુ તો હવે અમારી સાથે શાને પ્રેમ રાખે કારણ કે તારે તો કાન્તીલાલ જેવા સ્વામીનાથ મલ્યા પછી કહેવાનુ શું બાકી રહી કારણ કે આપણે બગીચામાં ફરવા ગયાં હતા તે વાત સાંભલે છે કે.

કીશોર કમલા પ્રાણપતીના શું કરૂ વખાણ રે

સુંદર વદન છબીલાની છટા અતી.
સારી એની મતી, ગજન એની ગતી
સખી જા.....ણ. .રે પ્રાણ

કાન્તી અજબ રળીયામણી, તે જાણને મારી બેન
લાલની લાવણ્યતા, જેમ નદીનુ ચાલે વેન પ્રાણ

પ્યારો પતી મારે બહુ રૂપાળો
ગુણ ગંભીર ને વીદ્યા વાળો
એવી એની વાણ રે પ્રાણ

ચંદનગવરી—વાહ! વાહ! સખી તારા પતીના કેમ વખાણ બહુ કરેછે જાણે મુને એમ લાગેછે એતો ગાંડી બની ગઇ ને મુને કહેતી ને તુ સુંદર કેસરશા બાગમાં મીજમાનીછે તે મારે કબુલછે ને મારા પ્રાણ પતી ના નહી કહે

સહદાશ પ્રીયા, આટલી બધી શાની વાતો કરોછો. તેતુ મુને કહે, જાણે પ્રેમના કુંડ તમેજ છલકોછો એમ લાગે છે ને તુતો ઇશ્વર ભક્તોની જ્યારે હોય ત્યારે વાતો મહારી આગળ કરેછે ને આટલા બધી ગાંડી બની ગઇ તેનુ શુ કારણ કે તારી સખીએ વાતો ઘણા દીવસના હજી તે કરી તેથી તુ ભમી ગઇ.

ચંદનગવરી—નહી પ્રાણનાથ, એતો મુને કહેછે કે આ

આપણે બધા સુંદરકૈલાશ બાગમાં જઇ આપણે મીજબાની કરીએ એથી વાતો કહેછે ને બીજી એક પોતાના સુખ દુઃખની, બીજી વાતો હમે કાંઇ કરી નથી ને આપ જાણોછો કે આ દાશી અપનાથી કાંઇ વાત છુપાવે નહી એ વાત જાણોછો પછી વીશેષ હું આપને શું કહું સતી સ્ત્રીના લક્ષણ શુંછે તે હું તમને દર્શાઉં તે જાણો,.

તમે જાણો સતી સ્ત્રીના, લક્ષણો કેવી રીતે વર્તે
સ્વામીની શેવા કરે, તે સતી સ્ત્રી કહેવાય
જાણો પતી, તારી ગતી
સદમતી, બુધ્ધી અતી

સઠદાશ— પ્યારી તન મન અરપું, આ જીભ્યાથી નહી ફીકર
—કરજે તમે

નાજુક વરણી મુને પરણી કરી કથા મે આજ,

કીશોરકમલા—પ્રીતમ પ્રીતીનો પ્યાલો, પીયો ફતેહનુ
કાજ તમે

ચંદનગવરી—પ્રીતમના તું પ્યારમાં, બની ઘેલી તુઆજ
સુજતી નથી કાંઇ લાજ ને બગાડો તમે કાજ પ્રીતમ
સુંદર કઇલાસ બાગમાં ફરવા જઇશુ ત્યાં
મીજબાની કરી આવશુ શખી કહુ હુ હયાં પ્રીતમ

શઠદાસ— સુખે કરો ફીકર તજે મીજબાની કરશુ સાથ
કીસોરકમલા—આવો દીવશ નહી આવશે એ જાણો મુંજ નાથ
પ્રીતમ

કાન્તીલાલ—કોલ કરૂ નહી ફરૂ સમજો પ્રીયા સાર
જલદી તમે આવજો લગાડશો નહી વાર પ્રીતમ

કીસોરકમલા—બેન તારે હું રજા લઉછું ને તમે જલદી આવજો પાછી વાટ જોઇને બેશી ન રહું આ લે હું જાઉછું

ચંદનગવરી—અમે નક્કી આવશુ ને સુખેથી જા ને ફીકર તજીદો ને મારા પતીએ પણ તારા દેખતા હા પાડીછે તે તુ જાણેછે પછી તને શું કહું

કાન્તીલાલ—કેમ પ્રીયા નક્કી મીજબાની નીવાત ઠેરવી કે નહી

કીશોરકમળા—પ્રાણ, મારી સખી તથા એમના પતીએ પણ હા પાડીછે ને આવશે એ આપને જણાવુ

કાન્તીલાલ—ઘણી ખુશીની વાત ને હું બજારમાં જઇશ ને જેજે ચીજો અને મેવા મીઠાઇ અત્યારે લેવા જઇશ ને દેવા માલીના ત્યાં બંદોબસ્ત કરીને અને રસોઇઆને પણ કહી આવીશકે બધી વાતે સુખ મલે ને પછી ફીકર રહે નહી માટે જેજે વાત કરવાનીછે તે પહેલી કરવી

ચંદનગવરી—પ્રાણનાથ તમે બજારમાં જાવને બધો બંદોબસ્ત કરી આવો પછી આપણને કોઇની ફીકર રહે નહી

કાન્તીલાલ—બજારમાંથી ચીજો લેછે ને સુંદર કૈલાશ બાગમાં મોકલેછે ને પછી થોડી વારે દેવામાલીને કહી આવેછે ને પોતાના ઘર તરફ આવેછે

કીશોરકમલા—મારા પ્યારા આજ તમને બહુ તસ્દી આપી કારણ કે તમે આટલી મહેનત કોઇ દહાડો કરી નથી ને એક

દમ બધી બાબતનો બંદોબસ્ત કરી આવ્યા તે જોઇ મને ઘણો આનંદછે પણ ગામમાં એવી વાતો ઊડીછે કે બેદરપુરાનો કારભારી દામાજીમજમુદારને લશ્કર કેદ કરવાને ગયુંછે ને તેને બાદશાહ આગળ ખડો કરશે ને ઇન્સાફ બાદશાહ કરશે ને પછી યોગ્ય શીક્ષા કરશે ને બે ત્રણને મોડે એવી વાતો સાંભળીછે ઈન્સાફ કરવો ને એને ફાંસીએ ચડાવવો હવે ખરી વાત કહી તેની મને સુજ પડતી નથી એવી વાતો ગામની અંદર ચાલેછે ને આજ કાલ દામાજીને લાવશે પણ ખરા દામાજી ઘણો સારો અનીતી વારો નહી ન્યાયનો ભંડાર ને ગરીબ પણ એણે દુષ્કાળમાં બ્રાહ્મણની રક્ષા કરી તેથી એ એવી હાલતમાં આવી પડયો પણ પરમાર્થ કર્યુંછે તો પરમાત્મા શાહ્ય કરશે એને ફાંસી ચડવા નહી દેય કારણ કે એણે રૈયતનુ રક્ષણ કર્યુંછે ને રક્ષણ કરવાની અધીકરીઓને ફીકર રહે પણ એને એટલું કામ ખોટુ કર્યું કે બાદશાહ શાહેબની રજા ન લીધી એમુર્ખાઇ થઇ પણ બાદશાહ ન્યાય સારો આવશે માણસ જયારે ગુસ્સે થાય ત્યારે કાંઇ જોતો નથી ને પછી વીચારમાં પડે ત્યારે વાત યાદ આવે કે મે આ ખોટુ કામ કર્યુંછે માટે એની રક્ષા શાહાન વીઠુબા કરશે

કાન્તીલાલ—પ્રિયા હું બધો બંદોબસ્ત કરીને આવ્યો છુ માટે ચાલો આપણે જઇએ.

કીશોરકમલા—જેવી આપણી આગ્ના

કાન્તીલાલ—ચાલો હુ આવુછુ કારણ કે મારે આજ દુકાન સબંધી ઘણુ કામ આવ્યુ છે પણ મારે જવુ નથી જે થવાનુ હશે તે થશે એમ કહીને જાયછે ને બાગ જોઇને કહે છે કે પ્રિયા સુંદર કૈલાશ બાગની શોભા દીન પ્રતી દીને સુધરતી જાયછે ને જો પેલા દેવોમાલી ગમત કરી રહ્યા ને પક્ષીઓ કેવા બોલેછે તે જોઇ મને ઘણો આનંદ થાયછે ને બગીમાં જાયછે

દેવોમાલી—આવો શેઠજી તમે મ્હારા.
શું કરૂં વખાણ તમારા.
આજે ખુશાલીનો દીન
દારૂ તાડીમાં છુ લીન
એવો પ્રેમી પ્યાલો એ પીધો
ગુલતાન કરી મને એ દીધો,

છોકરાઓ—વાહ બાપાજી વાહ વાહ બાપાજી વાહ

કાન્તીલાલ—એવો ખોટો પૈસો જાય
મીઠાઇથી અધીક વખણાય

દેવામાલી—અમારૂ ખાવાનુ એ અન્ન
છોડી દઇએ તન મન ધન

શેઠજી અમે તો દારૂ તાડીમાંજ ગુલતાન અને બીજુ અમને સારૂ ન લાગે.

કાંતીલાલ—એતો ભાઇ સઉ સઉનો ખોરાક કારણ કે આપણે સાત રૂપીઆનો પગાર ને રોજ દારૂ તાડી પીએ તો

આપણો ખરચ રીતસર ન ચાલે કારણ કે હમારે એ પીવાનો રીવાજ નથી માટે અમે એને પસંદ કરતા નથી.

છોકરાઓ—શેઠજી તમે શું જાણો અમને જ્યારે દારૂ તાડી મળે ત્યારે હમે ખુશ રહીએ છીએ ને હમારો બીજાશ પણ ખુશ રહે

કાન્તીલાલ—તુ વળી તારા બાપથી હોશીઆર

કીશોરકમળા—ચાલો આપણે મહેલની અંદર જઈએ એવાની સાથે આપણે ઝાઝી વાત કરવાની શું જરૂર એતો સૌસૈનો ખોરાક અને આપણે કાંઇ કહીએ ને માઠુ લાગે તો વખતે ગાળ દેતો શું કરીએ, માટે ચાલો

કાન્તીલાલ—પ્રીયા એતો તારી ખરી વાત

ચંદનગવરી—પ્રાણનાથ ચાલો આપણે વીઠલ નાથજીના દર્શન કરીને આપણા સુંદર કૈલાશ બાગમાં જઈએ

સઠદાશ—પ્રીયા જેવી તારી મરજી કારણ કે આપણે દર્શન કરવા જઈએ પણ ઊત્તમ કામછે ને આપણો ધર્મછે ને આખરે એ દર્શન કર્યાનું ફળ આપેછે શાથી કે આપણે રોજ દેવની સેવા કરીએ છીએ ને મરતી વખ્તે જેણે સારા પુન્ય કર્યા હોય તેથી કરીને સદગત્તી થાયછે એવાં આપણા વૃદ્ધ માણસો વાતો કરેછે માટે કાંઇ પણ ખરીજ હોય એમ કરી બને વીઠલનાથજીના દર્સન કરવા જાયછે ને દર્શન કરીને પોતાના બગીચા તરફ આવેછે

કાન્તીલાલ—કેમ પ્રીયા હજુ શેઠ સઠદાશ આવ્યા નહી કોણ જાણે કાંઇ કામે રોકાયા હશે, કે નહી આવવાના હોય

એ બાબતની ખબર પડતી નથી

કીશોરકમલા—પ્રાણનાથ મારી સખી મારી આગળ જુઠુ કોઇ દહાડો બોલે નહી ને વાત કરે નહી કારણ કે એને મારા દેખતા બગીચાની વાત કરી હતી ને શઠદાશે હા કહી. માટે થોડીક વારમાં પણ આવવા જોઇએ એમ કરી વીચારમાં પડે છે ને બગીચામાં ફરવા નીકળેછે ને બગીચાંના ફુવારા પાશે આવેછે ને બહારને રસ્તે જુવેછે કે તરત માલમ પડેછે ને કહેછે કે પ્રાણ જુવો પેલા કોણ આવેછે.

કાન્તીલાલ—પ્રીયા તારી ખરી વાત તુ મારી આગળ જુઠુ બોલતી નથી નેબોલીશ નહી એ મને ખાતરીછે એમ કરં તા સઠદાશ ફુવારા પાશે આવેછે ને કહેછે કે કેમ શેઠજી બહુ મોડા આવ્યા

સઠદાશ—હમે ઘેરથી તો ક્યારના નીકલ્યા પરંતુ અમે દરશન કરવા બીઠલનાથજીના ગયા હતા માટે એ પણ આપણે સાર્થક થયુકે નહી

કાન્તીલાલ—ખરી વાત શેઠજી અપણે ધરમનુ કામ પેહેલા કરવુ અને ભક્તી ઉપર પ્રીતી રાખવી તેથી કરીને પરમાત્મા આપણું સારૂ કરેછે નેબીજુ આપણે સુલઈ જવાનાછે માણસના દેહની ખબર પડતી નથી કે આપણું સુ થવાનુંછે પરમાત્માની હમેશ ભક્તી કરવી . એ આપણને ખરો લાભછે તમે તમારા દામાજીની વાત જાણોંછો

સઠદાશ—એ વાત હુ જાણુ પણ દામાજી એ બાદશાહ નેત્યા નાંણાની ઠેલી ઓ મોકલી દીધીને બાદશાહએ પોંચ પ

ણુ આપીતે હું જાણુછુ બાદશાહએ મહાડને પાછો સ્વાર તેડવા મોકલ્યો હતો પણ મહાડ કયા જતો રહ્યોતે ખબર પડતી નથી.ને દામાજીનો મુકામ આજ કાલ આવવો જોઇએ ચાલો હવે બગીચામા ફરીએ કારણકે હુ ઘણા દીવસે આવ્યોછું

કાન્તીલાલ—જેવી તમારી આજ્ઞા

ચંદનગવરી—કેમ ભાઈ કાન્તીલાલ તમે ઘણા દીવસે અમને મળ્યા

કાન્તીલાલ—હા ખરી વાત એમ કરીને શરમાઇ જાય છે

શઠદાસ—અલ્યા દેવા બહાર કોણ આવે છે

દેવોમાલી— સેઠજી, એક સાધુ માહાત્મા આવેછે, એ કેમ આવેછે એની મને ખબર નથી!

શઠદાસ—એને તુ જઇને પુછ,

માલી—હુ હમણા પુંછીને આવુ છુ એમ કરીને પુછવા જાયછે

રામસાધુ—બચ્ચા થોડી દેર તુમેરે બાગમાં હવા ખાનેકુ આયા હુ

માલી—ઠેરો મેરે શેઠકુ પુછ દેખુ પીછુ બાત

રામસાધુ—કુછ ફીકર નહી અચ્છા પુછ દેખો.

શઠદાસ—કેમ આવેલા છે?

દેવોમાલી—એતો હવા ખાવાને બાગમાં આવેલા છે,

સઠદાસ- ઇસ્કુ ઇધરલાવ, ને ભુખ્યા હોયતો ઇસ્કુ ખાનેકા દેઇંગે એસા હમેરા બીચાર હે. માટે ઇસ્કુ બોલાવ,

દેવોમાલી– મહારાજ, ચલો મેરા શેઠજી આપકુ બોલાતા હે.

રામસાધુ—ચલો,

સઠદાશ—આ મહાત્મા સાધુ આવેલા છે તે કાંઇ અલૌકીક પુરૂષ દેખાયછે ને એમની કાન્તી શાક્ષાત રામ જેવી લાગેછે માટે એમણે આપણા મહેલની અંદર લઇ જઇને આશન પર બેસાડો.

એમ કરીને મહેલમાં લઇ જાયછે અને બેશાડે છે અને રસોઇ બનાવેલી છે તે એક રૂપાના થાળા ભરી પાંચે પકવાન અને બીજી ઉત્તમ ઘણી ચીજો લાવેછે ને ગુરૂ મહારાજ જમીને તૃપ્ત થાયછે અને ઝરૂખામાં બેશીને પાન સોપારી ખાય છે, એટલે સઠદાસ વીગેરે જમવા બેસેછે.

રામસાધુ- બચ્ચા સઠદાશ મેરીપાસ આવ. ને આ તુને જડીબુટ્ટી આપુ તે લઇજા ને તું જે કરવા ધારશે તે થશે

સઠદાશ—ઠીક મહારાજ

રામસાધુ—થોડીક વાર ફરીને જાયછે

સઠદાશ—હું બધાને ઊંઘના પાસામાં નાંખુ ને કીશોરકમળાની સાથે પ્યાર જોડુ પછી બધાને ઊંઘમાંથી ઊઠાડુ તો મારી ધારેલી મુરાદ પાર પડે પણ આપણે બધા જમી લઇતો ઠીક એમ કરીને પીરસેલી બાજો બેશીને જમી લેછે ને પછી બધાનો બુટ્ટી આગેથી દેખાડેને કીશોરકમળા વગર સર્વે ઊંઘમા પડો એમ કહેછે કે તરત બધા ઊંઘની લેરમાં પડી જાયછે ને પછી કહેછે કેમ પ્રાણુ કીશોરકમળા આ તારા પ્રાણપતી સાથે

પ્રીતી કર અને આ દુનીયા નો મારી સાથે લાવો લે

કીશોરકમળા—ભાઇ સઠદાશ હુતો તને મારો ભાઇ જાણીને ઓલખુંછું બીજુ કાઇ જાણુતી નથી માટે કાંઇ મારી સાથે વીશેષ પંચાત કરીશ નહી ને મારી ચંદનગવરી બેનને અને બીજાઓને તમે ધેનના પાશામાં નાખ્યા એ કેવું અનીતી નુ કામ કર્યું ને અનીતીના ફળ સારા નહી એમ તમારા મન માં નીશ્ચય જાણો

શઠદાસ—પ્રીતી તુ મારી કર, મારી તુ સામુ ફર
એવી ફીકર કરૂછું મારી

કીસોરકમલા—દુષ્ટ વીચારી બોલ જાણ્યો મેનારો તોલ
વધારે બોલ નહી તુ મારી

સઠદાશ—ચુમ્બન કરવા ને રે દે

કીસોરકમલા—મુર્ખ વીચારી તુ રે કે

સઠદાસ—દશા ભુંડી કરીશ હું તારી

કીસોરકમલા—કાન્તીલાલની હું નારી
કર નહી પ્યાર મે જાણ્યો તારો સાર

સઠદાસ—પ્રીતીનો કરી પ્યાર એવી અરજ મારી
તુ આપનેરે કોલ

કીસોર કમલા- વધારે નહી તુ બોલ

શઠદાસ- નહીતો દેખાડીશ યમ દ્વાર

કીસોરકમલા-પેલા બાવા જેવો કોણુ આવેછે તે તુ જો

સઠદાશ—એતો ગુરૂ મહારાજ જેવા લાગેછે ને આપ ણી પાસે આવેછે તેને જોઇ બીએછે

રામસાધુ—કેમ સઠદાશ બચ્ચા મે તને જડી આપી તેથી આ બધાની ખરાબ હાલત લાવ્યો માટે મારી જડીબુટ્ટી પાછી લાવ

સઠદાશ—એતો મહારાથી ખોવાઇ ગઇ અને મને જડતી નથી

રામસાધુ—બચ્ચા ખોવાઇ ગઇ તો પછી એમા સાર નહી કારણ કે હમેરા સાધુકા મીજાશ ઓર હે ને તુ જડીબુટ્ટી નહી આપેતો હું તને એક ઇલમ તારીપર ને એક પાણીની અંજની છાંતીશ તોતુ એકદમ બળીને ભસ્મ થઇ જઇશ માટે જે મે તને જડીબુટ્ટી આપીછે તે અમને આપ નહીતો ખ્વાર થઇ જઇશ • માટે તારે વીચારીને કહેવુ હોય તે કહે નહીતો મને પાછી આપ

સઠદાશ—સાધુ વખ્તે આપણને મારી નાંખે ને સંત સાધુનો શ્રાપ ભુંડો માટે ગુરૂમહારાજ આ તમારી જડીબુટ્ટી લો ને મારે એ કામની નથી માટે લો

રામસાધુ—હમેરી બેટા ચંદનગવરી કહાં ગઇ

સઠદાશ—એમને તો જડીબુટ્ટીના ઇલમથી ઘેનમાં બધાને નાખી દીધાછે ને હું આ કન્નીલાલની વહુ કીશોરકમળા તેની પર હું આશક થયો હતો ને મારો વીચાર એની સાથે પ્યાર જોડવાનો હતો તે આપ ગુરૂ મહારાજને વીદીત કરૂંછું

• **રામસાધુ**—તેરા જેશા આદમી વ્યભીચારી નેલંપટ મે આજ દીન સુધી ન જોયા એમ કરી કહેછે સરવે જન ઊંઘ ની નીદ્રામાંછે તે ઉઠો એમ કરી કહેછે

કીસોરકમલા—મહારાજ તમારે કોઇને તમારી પાશેથી

જડીબુટ્ટીછે તે કોઇને આપતા નહી કારણ કે એ જડીબુટ્ટીથી અમે દુખી થયાં ને સઠદાશ શેઠે મને ખુબ હેરાન કરીને મનેકહે કે મારી સાથે પ્યારજોડ એટલી વારમાં તો આપ આવ્યા એટલે અમે આવી સારી હાલતમાં આવી પડયા નહીતો અમારા બુરા હવાલ થાત માટે ગુરૂ મહારાજ એ કોઇને જડીબુટ્ટી આપતા નહી

ચંદનગવરી—કેમ સખી આવુ બોલેછે,

કીશોરકમલા—બ્હેન તને નીદ્રા અવસ્થામાં કરીને મને જાગ્ર અવસ્થામાં રાખી ને પછી મારી ઉપર શઠદાશે બહુ જુલમ ગુજારયો પણ સખી આ ગુરૂમહારાજ આવ્યા તેથી કરીને હુ જીવતી રહી નહીતો મહારા બુરા હવાલ હતા

ચંદનગવરી—કેમ પ્રાણ પતી આ મારી બેન કીશોર કમળા જે વાત કરેછે તે સાચી કે ખોટી.

સઠદાશ—તુ સાચી માનેછે હુ એને કાંઈ કહુ એતો જુઠુ બોલેછે ને હું એવો માણસછું તારાથી હું કોની સાથે પ્યાર જોડુ માટે એ વીચારીને બોલતી નથીને એમ કરીને કહેછેકે મારી સાથે પ્રીતી કરેતો સારૂ.

કાન્તીલાલ—આ તમારી સારી રીત નહી હું કેવો માણસ છું તે આપ જાણોછો પરંતુ હું તમારી સાથે આવ્યો ને આવી દાનત રાખુતો પરમેશ્વર રાજી નહી કારણ કે વીશ્વાશ ઘાત કહેવાય અને હુ મનમાં સમજો કે હું જુગારીનો સરદાર હતો અને બધી વાત મુકી ત્યારથી હું માણુસમા આવ્યો

સઠદાશ—અહો એ કેવા સુખી મનુષ્યછે કારણ કે

એમને અપના તરફથી પુરેતો ખોરાક ને પૈસા મલેછે ને બગીચામાં માણુસ કામ કરવાને રોજ રાખેછે તેમાથી તે પૈસા રાખેછે ને પૈસા ખુબ ઉડાવેછે માટે એના જેવો કોણુ નાદાન માટે હવે મારે એને બંદોબસ્ત કરવો પડશે કારણ કે એમના છોકરા તથા એના સ્ત્રી ભુમ ન લાવે ને જો બદોબસ્ત ન કરી એ તો એ લોકો મરી જાય ને મારી સ્ત્રી કેતી હતી કે મે એને એક ચંદનહાર આપેલોછે તેના પૈસા વટાવીને ખાયતો એના છોકરાના છોકરા સુધી ખાય કારણ કે એ મારી પ્રાણુ પ્રીયાનો ઘણો અમુલ્ય ચંદનહાર હતો

ચંદનગવરી—મારા પતી સાંભળો વાત હવે હું કહુછું તમને
ચંદનહાર આપ્યોતો મે એને

સહસ્રારા—પ્રીયા એમાં શું કહેછે મુજને મારા
મને ખુશી ખુશાલી તે દીની હતી
પ્રભુ એ આપી મુજને સારી મતી
કરગરવા લાગ્યો મુજને મારા
પ્રીયા તે ઉત્તમ એ કીધુ કામ
આપશે આપણુને એજ રામ
કર્યું તે પુન્ય તણુ એ ઠામ મારા

કીશોરકમલા—શાણી સખી બદોબસ્ત કરજે
બાપડાને દુખ નહી દેજે

દેવોમાલી—રૂદયની આરસીશ અમ કરજે મારા

ચંદનગવરી--જીવીમાલન તારે માટે અમે બંદોબસ્ત કરશુ માટે હવે તુ ફીકર તદન છોડી દેને પરમેશ્વર સારૂ કરશે

જીવીમાલણ--રડયો મને રોજ ઘણો ગભરાવેરે
દારૂ પીને રોજ મને રડાવેરે રડયો
મસ્તી તોફાન કરે ઘરની માંહીરે
શેઠ તમે આવોની આંહીરે રડયો
નાણાને તો ઉડાવી જેમ તેમ ખાયરે
બાળક મ્હારા ખાવાને દુખી થાયરે--રડયો
એવું સંકટ સેઠજી પડેછે અમનેરે
સરવે હકીકત કહુછું તમનેરે રડયો

છોકરાએ--બાપા મ્હારા ઘરમાં ખાવા નહી દેશેરે
ફાટલે લુગડે ફરીએ અમે આવે વેશેરે-રડયો

સઠદાશ--સર્વે સંકટ જતુ રહ્યું તમારૂરે
આટલુ વચન માની લીયો નેઅમારૂરે-રડયો

જીવી માલણુ તારે કશી વાતે ફીકર કરવી નહી ને પેલો ચંદનહાર મારી પ્રાણપ્રીયાએ તમને આપ્યોછે તેના કેટલા રૂપીઆ ઉપજ્યાછે તેતુ અમને કહે ને એ રૂપીઆ અમને આપી દે.

જીવીમાલણ--એ ચંદનહારના ૪૫૦૦ રૂપીઆ ઉપજ્યા છે તેમાંથી આઠસો રૂપીઆ ઉડાવી દીધાછે ને આજે રૂપીઆ નાણાની ઢેલી આપુ તે લઇ જાવ ને અમને જે પ્રમાણે પૈસા

જોઇશે તે પ્રમાણે અમે પૈસા લઇ જઇશુ માટે શેઠજી એવો બંદોબસ્ત થાય તો ઘણુ સારૂ નીકળ અમારા બુરા હાલ ને ઘરમાં તો પાંચ છ જણા ખાનારા એટલે અમારૂ પોષણ ન થાય કારણ કે અમારા ઘરડાંઓ કહેતા હતા કે બેઠા બેઠા જેમ તેમ ઉડાવી દઇએ તો ભંડાર ખુટી જાય માટે જેમ તેમ કરી પૈસાનો બચાવ કરી કર કસર કરવી આપણા સંસારના વ્યવાર ચલાવો તો કોઇ માણસ પણ દુખી ન થાય એમ કરવા માટે અમારો બંદોબસ્ત તમેજ કરજો નીકર અમારી તમને ફીકરછે કારણ કે અમે ભુખે મરશુ તો તમારે બારણે આવીને લાગશું. તો તમારે આપવુ પડશે

ચંદનગવરિ— દેવામાલી જે માણસ ઝાઝુ બ્યશન કરેછે તે આખરે બહુ હેરાન થાયછે કારણ કે પોતાનો પગાર ટુકો અને બાળ બચ્ચાનો પોષણ કરવું ને પૈસા આપણી પાશે ઝાઝા હોયતો આવે આડે માર્ગે વાપરી દઇએ એતો દુખી થઇએ માટે આપણે રીત સર ખર્ચ કરવો બધુ ખાવુ પીવુ ને કર કસરથી ચાલવુ એ આપણો ધર્મછે ને એ પ્રમાણે ચાલીએ તો આપણે સુખી રહીએ ને કોઇની દરકાર કરવી ન પડે માટે ભાઇ તુ સમજ ને મે તને ચંદન હાર આપ્યો હતો પણ આવી રીતે તોફાન કરવું નહી પણ સુખે દુખે કામ લાગે માટે મે આપ્યો હતો પણ તુતો એનો એકદમ ખોટો ઊપયોગ કરવા મંડી ગયો વાહ એમાં તારી શાબાશી નહી ને ઝાઝુ વ્યશન ન રાખવું હદ ઊપરાંત કરીએ તો આપણે દુખી થઇએ છીએ

જીવોમાલી—મારા અન્ન દાતાર આપ જેવો બંદોબસ્ત કરશો તે પ્રમાણે હું ચાલીશ ને આજથી હું કાઈ પણ વ્યશન નહી કરૂ કારણકે હું જે વ્યશન કરૂ તે પણ મારા દરદોસ્તદાર ને કરાવવુ પડેછે ને ખર્ચના વખતે ખાડામાં ઊતરવુ પડેછે ને જેમ તેમ બજારમાં અથડાતા કુટાતા ઘેર આવવુ પડેછે માટે આજથી મ્હારે કાંઈ પણ વધારે વ્યશન ન કરવું ને તમે કેશો તે પ્રમાણે ચાલીશ

કીશોરકમલા—ભાઈ એમા તુ સુખી થઈશ કારણ કે આપણે ગરીબ બે આના કમાઈ અને ચાર આના ખરચીએ તો ક્યાં સુધી પોચે માટે સરવે સદગૃહસ્થોને હું વીનતી કરૂછું કે કાંઈ એકદમ ઊડાવી ન દેવું ને કર કસરથી કામ ચલાવવુ ને તે પહેલા વીચાર કરવો કે આપણે આ કામ કરશું તો ખોટ છે કે નફો એકદમ ઊતાવળથી કાંઈ કામ કરવુ નહી એ મારી અરજછે

કીશોરકમલા—બેન હવે ચાલો કારણ કે દીવસ અસ્ત થવા આવ્યોછે ને પછી તમારા સાસુ સસરા વઢશે ને પછી પાછો મને પણ ઠપકો આપશે માટે બેન ચાલો

ચંદનગવરી—તમે શાંભળો મારી વાત રહોને શાંત
તમે બહુ વલોપાત
હવાં ખાવાને આવ્યા એકાંત
નથી ફીકર કરનારી માત તમે
પ્રાણનાથ આવ્યાછે સાથ

રક્ષણ કરશે એ નાથ
શુ શબુ કરવુ શંગાથ—જોડું હાથ તમે
સુખ દુખના બેલી એ
પછી શુ ચીંતા આપણને
વીધાત્તાએ લખ્યું બધુંરેએ તમે

કીશોરકમલા—સખી જેવી તારી ઇચ્છા જે આપણે આવ્યા તો માહત્માસાધુના દર્શન કર્યા ને જમડી તૃપ્ત કીધા ને વળી આ માલી માલણનુ સંકટ મટશે ને બાગમાં ને આ મહેલમાં આજ રહીશુ તો આપણુ શું જાયછે કારણ કે આ હવા સુખાકારીનાછે ને હજારો લોકો આ બગીચો જોવા આવે છે ને આપણે ઘરના માલીક થઈ ને જરાક બેશીને જઇએ તો કેવું ખેદુ કારણ કે આપણે ઘણા દીવસે આવ્યા તે ઉતાવળ કરવી એ ઠીક નહી

કાન્તીલાલ— મારી પ્રાણ પ્રીયા તારી સખી ચંદનગવરી તને શું કહે છે તે મને કેહે કારણ કે આવો ઊમંગનો દીવસ ફરી ફરીને નહી આવે જ્યારે આવ્યા ત્યારે આ ઓચીતા આવ્યાં તો ઠીક થયું નહીતો મ્હારે પરદેશ થોડા દીવસ જવું હતુ પણ મે તારો આવો વીચાર જોઇ બંધ રાખ્યો

ચંદનગવરી—કાન્તીલાલ આપણે દુખના માર્યા અહીં

ન્હવા ખાવાને આવ્યા વળી મારી બેન કીશોરકમળા ઉતાવળી થાયછે તો અમને મીજબાની હમારી કબુલ નહી કરત કારણ કે યાત્રા કરવા નીકળ્યા ને તીર્થનુ સ્નાન ન કર્યુ તોતે જગ્યાએ જવાનુ શું કારણ આપણો દેહ જરીક વારમાં જતો રહેશે ને ઘડી એક વારની માણસને ખબર રહેતી નથી માટે આપણે જઈએ છીએ

શઠદાસ—પ્રીય મીત્ર કાન્તીલાલ તારો સ્નેહભાવ જોઇ મારૂ મન બહુ ખુશ થાયછે ને હર હમેશ આવી પ્રીતી રાખ તો રહેજે ને તમારો દીલજાન દોસ્તાર માટે તારે કાંઇ જોઇ તુ કરતુ હોય તે વખ્તે મને કહેવું જેથી તારૂ દુખ મટશે ને અરસ પરસ પ્રીતી સારી રહે માટે આપણે વીઠલનાથજી ની પ્રાર્થના કરીએ કારણ કે આવો વખ્ત આવે કે ન આવે

ઇશ્વર અમપર કૃપા કરજે સંકટ હમારા તું હરજે
અખીલ વીશ્વમાં તારૂ નામ ભકતો નું કરેછે પુર્ણ કામ
ઇશ્વર—
સચરાચર વ્યાપક તુરેછે સઘળાની ફીકર તુજનેછે
જે જન ત્હારી ભકતી કરે તેના સંકટ સર્વે હરે
એવો નીયમ ત્હારો અપરંપાર અમે એવો સમજીએ
છીયે સાર
આ સ્રષ્ટીમાં ત્હારોછે આધાર એવોં વીઠલ વર તુ કરનાર
ઇશ્વર—

ચંદનગવરી—પ્રાણનાથ વીશ્વકર્તા પરમેશ્વર હરહમેશ સર્વે મનુષ્યને સાહ્ય કરેછે કારણ કે આપણે અનેક ભાવે ભજીએ તો એ માની લેછે. માટે આપણે એની શા માટે ભકતી ન કરવી એવો કૃપાળુ પરમેશ્વર આપણી ઉપર કેવી સારી નજર રાખેછે બેન કીશોરકમળા પેલા રામ સાધુ ભકત સાક્ષાત રામ જેવા હતા પણ શું કરીએ આપણે ખેલ બધો ભુલી ગયા ઘેર બેઠી ગંગા આવી હતી પણ આપણાથી કાંઇ ન થયું જો આપણે એવા મહાત્માનો ગુરૂબોધ લીધો હોત તો આપણને સારો અને સીધો રસ્તો બતાવત ને તેથી કરીને આપણું કલ્યાણ થાત ને આખરે મોક્ષ ગતી મળત એવી હું આશા ધારતી હતી.

કાન્તીલાલ—પ્રીય મીત્ર શડદાશ જુવો પેલુ લશ્કર જેવું શુ આવેછે ને આગેથી દામાજીને કેદ કર્યો હોય એવુ મુને લાગેછે. માટે ચાલો આપણે આપણા મહેલના ઝરૂખામાં બેશીએ ને બારણા બંધ કરી દઇએ કારણ કે કોણ જાણે શું હશે માટે જલ્દી ચાલો, એમ કરી સર્વે જનો મહેલમાં જઇ ઝરૂખામાં બેશેછે. ને લશ્કર આવેછે તે જુવેછે શું આ દામાજી ને કેદ કરીને લાવેછે મે શાંભળ્યુ હતુ કે એને તો બાદશાહે છોડી દીધો આ મુને અચરત જેવુ લાગેછે કેશુ અત્યારે આવુ જોઇ મ ૨ ભાન ભુલી ગયો કે શુ એતો મારા પીતાશ્રીનો પરમ સ્નેહી મીત્ર તેથી કરીને મારાથી જોઇ શકાતુ નથી એટલુ બોલી ઝરૂખામાં મુર્છા ખાયછે ને સર્વજનો મહેલમાં છે તે એની આસના વાસના કરેછે,

દામાજી—અહો ! શું આ સુંદરકૈલાશ બાગની દીનપ્રતિ દીને સોભા વધી ગઇ છે. ને કેવા સુંદર ઝાડ ને દુરથી ફુલ કેવા સુગંધી આપેછે ને મહેલનો દેખાવ જાણે ઇંદ્રનો ઇંદ્રપુર જેવો હોય એમ મુને લાગેછે ને ઝરૂખામાં કોણુ મુરછા ગત થઇ ગયોછે ને આગળ પછવાઠી માણુસ પોકાર કરી રહ્યાછે ને બધાનો જીવ ઉદાસમાં આવેથી માલમ પડેછે ને મહેલમાં તો દોડા દોડ થઇ રહીછે કોણુ જાણે શુ હશે મુને કાંઇ ખબર પડતી નથી. પણ હમણા મારાથી એ બાગમાં જવાય એમ નથી શાથી કરીને કે હુ કેદ થયોછુ તેથી નહીતો મુને જતા શુ થાયછે વળી મારૂ મન અહીથી જતા અટકાય છે કોણુ જાણે મારો મીત્ર લાલદાશ નહી હોય હવે મારાથી કાંઇ કહી શકાતુ નથી તેથી કરીને હું દીલગીરછું.

ચંદનગવરી—

પતી મારા પ્યારા શું થયુ ઓચીંતુ તમોને
મુર્છા પામ્યા ભારી નહી હવે દીઓ દુઃખ અમોને
પ્રીતી મુજપર ભારી પણ એક તમો નહી મુકતા
કેવાનુ હોય મુજને તે તમે જરીકે ન ચુકતા
વીઠુબા લજ્જા તમ ગરીબપર કરોરે તમે અહી
વીનતી છે મહારી પુરી કેમ શાણતા કરો નહી

પ્રાણપતી આવી મુરછા જોઇ મારૂ મન ખેદ બહુ થાયછે ને અહી સરવે જનો ઘણી દીલગીરીમાં બેઠાછે માટે આપને આવુ ન ઘટે કારણ કે આવી તમારા જેવી સમાધી કોઇ મહાત્મા લોકોને આપણા જેવા ગૃહસ્થાશ્રમ વાસાને આવી સમાધી લેવી ન ઘટે તમોને વારે ઘડીએ કેતા મુને ઘણી સરમ લાગેછે

દામાજી—આવો વીલાપ કોણ કરેછે માટે જે કોઇ ઝરૂખામાં હોય તે મુને કહો કારણકે આવુ ઓચીંતુ કોણ વીલાવ કરેછે તે જોઇ અગાડી ચાલવુ મારૂ મન થતુ નથી.

ચંદનગવરી— કાન્તીલાલ તમે ઉપરથી કહોકે એતો તમારો દોસ્તદાર લાલદાસ છે તેનો છોકરો સહદાસ છે તે તમો ને જોઇ મુરછા પામ્યા છે ને બેસુદ્ધ થઇ ગયા છે.

દામાજી—શું સહદાસ પુત્રની દશા આવી થઇ ગઇ તમે ફીકર છોડી દો, ને વીઠુબાનુ એના મો આગળ નામ દો, એટલે ઉઠશે.

કાન્તીલાલ—તમે હવે ખોટી ન થાવ ને જાવ, હું હમણા એની પાશે જાઉછું ને તમારા કહ્યા પ્રમાણે કરીશ.

ચંદનગવરી—કેમ, કાન્તીલાલ એમણે શુ કીધુ તેવુ મને કહે જેથી કરીને મારા મનની ધારણા શાંત થાય.

કાન્તીલાલ—એતો તમારા સંસરાનો દોસ્તદાર દામાજી એ એમ કહ્યું કે એના કાન આગળ વીઠુબાનુ નામ દીઓ કે તુરત ઉઠશે એટલે સહદાસ આગળ બેથી વીઠુબાનુ નામ એના કાનમાં દેછે કે ઝબકીને આળશ મરડે છે.

ફીરોઝકઅળા—વાહ ! વીઠુબા તારી ગહનગતિ છે, અમે નોતા જાણતા કે તુ આવી સરવે મનુષ્યની સાહ્યતા કરેછે, પણ તુને દરેક જણની ફીકર છે કેમ ભાઇ સઠદાશ હવે કેમ છે. તે કહો અમને તમારી દશા જોઇ અમને કાંઇ સુઝતુ નહી ને હમને એમ થતુ હતુ કે હવે અમારૂ ને સઠદાશનુ શુ થશે પણ દામજીએ ઉપર ગડબડાત થતો દીલગીર જેવો સાંભળ્યો ને તમારા મીત્ર કાન્તીલાલ ને બોલાવ્યો ને કહ્યુંકે હુ કહુ તે પ્રમાણે કરો તેથી કરીને એ ઉભા થશે. તે પ્રમાણે અમે કર્યું તેથી કરીને તમે આવી સ્થીતીમાં આવ્યા માટે વીઠુબાની ભક્તી એ ઉત્તમ છે ને મનુષ્ય માત્રે ગમે તે દેવની આસ્તા રાખીને ભક્તી કરવી તેની મન કામના પુર્ણ થાયછે. વીઠુબા સર્વ સ્થળે વ્યાપક છે અને બહુનામી દેવ છે એટલે ગમે તે નામ કહી ને ભજો તેથી કરીને આપણી મનની મુરાદ પાર પાડશે ને પાડેછે.

સઠદાશ—ઉભા થઇ દામાજીને નમસ્કાર કરેછે તે જોઇ દામાજી ખુશ થાયછે.

દામાજી—બચ્ચા કુચ્છ ફીકર કરતો નહી ને ખુશી આનંદમા રહો, એવો મારો આર્શીવાદ છે.

મહમદશા—હવે ચલો, કારણકે અહી બહુ વાર લાગી ને પછી તેઓ ચાલતા થાયછે ને બાદશાહના મહેલ આગળ આવેછે તે જોઇ,

બાદશાહ—કોણ, ભાઈ દામાજી તું આવી હાલતમાં ક્યાંથી પડ્યો પછી એકદમ હુકમ કરેછે ને કહેછે એના હાથ

બાંધેલા છે તે છોડી નાખો ને છુટો મેલો એ પ્રમાણે બાદશાહ એ કહ્યુ કે તરત મહમદશાએ દામાજીને છુટો મેલી દીધો ને બાદશાહ કહેછે કે ભાઇ દામાજી મારા આગળ એક મહાડ આવેલો તેને તારા પૈસા ભરી આપ્યા ને મે એક પોંચ આવી આપીછે કે દામાજીને એકદમ આ પોંચ વાંચીને છુટો મેલજો એવી રીતે લખાને મોકલ્યુ છે.

દામાજી—જે મનુંષ્ય ઉપર જે થવાનું હોયછે તે પ્રમાણે થાયછે માટે તમારો દોષ જરાકે નથી ને તમારે દીલગીર પણ જરાકે ન થવુ એવી મારી અરજ છે.

બાદશાહ—ભાઇ, દામાજી મુને મહાડને બતાવ ને તુ મહાડ નહી બતાવે ત્યાં સુધી મારો જીવ શાંત નહી થાય તેથી કરીને મહાડ બતાવ.

દામાજી—હુ કયાંથી મહાડ બતાવુ મે મહાડને પૈસા આપ્યા નથી ને હુ મહાડને ઓળખતો નથી.

મહાડ તારી છેરે અજબરે ગતી
બાદશાહની શાંને ફેરવરે મતી
શાને કાજે મુજને કરેછે હેરાન
મહાડના દરશનરે કરાવને સેતાન

મહમદશા—દેખો બાદશાહકી રીતી ઉસ્કી ઉપર કેશી હે ને પેલા કમ બખ્તે ખોટી ચીઠી લખી ને દામાજીને હેરાન કર્યો

માટે આપણે કોઇના લખવા ઉપર ભરોસો ન રાખીને એવુ અગત્યનુ હોયતો જાતે જોઈ પછી જે બાદશાહને સલાહ આપ વી હોય તે આપવી નહીતો ન આપવી ને આખુ શહેર એમ કહેછે કે બાદશાહતો મહાડ મહાડ કરી રહયો છે ને દામાજી ને કહેછે કે ગમે તેમ કરીને મહાડ બતાવ વળી કહછે કે મારે હવે રાજ પાટ હવે મહારે કરવુ નથી ને મહ રે તો હવે ફકીરી લેવીછે ને દામાજી તુ આ રાજનો માલીક થા. એવી રીતે કહેછે બાદશાહનું હવે શુ થશે તે આપણને ખબર પડતી નથી ને બાદશાએ જે છકર લીધીછે તે મુકવાનો નથી.

દામાજી - ભાઈ. મારે રાજપાટ જોઇતુ નથી ને મારે તમારી નોકરી કરવી નથી ને બાદશાહ સાહેબ તમે અખુટ રાજપાટ ભોગવો એવી મારી અર્જ છે.

ચહનગવરી—પ્રાણનાથ દામાજીને કેવો કેદ કરયોછે પણ એનુ મુખારવીંદ જરાક ઉદાસમાં લાગતું નથી નેવલી બ ધાને હીમત આપીને જાયછે વાહ વીઠુબા તારી ગહનગતી છે એની ઉપર કેવુ દુખ આવી પડયુ છે છતાં વીઠુબાનું નામ મુ કતો નથી ને એને વીઠુબા સાહ્યતા કરશે કારણકે વીઠુબાનો પુરણ ભકતછે તેથી કરીને એને સાહ્યતા કરશે એમાં કાંઈ ન વાઈ નથી માટે હવે ચાલો આપણે ઘેર જઇએ એમ કરીને પોતાને ઘર તરફ ચાલવા માંડે છે સખી આ બગીચાનો મુને એક સરખો પદ આવ્યો છે સાંભલો નેમારી સાથે ગાઓ

સુ સુંદર કૈલાસ બાગ શોભી રહ્યો. (૨)
શોભાવી રહ્યો સુ

ઝાડ તણા વૃક્ષો ઘણા નેપક્ષી કરે કલોલ;
ફુલ સુગંધી દારછે એની ન આવે તોલ સુ

એમી .પતી પ્યાર નારી સાથે બાંધે
જેથી યોવન ખેલ ખીલી રહ્યો સુ
રસમા રસદેખાય છે ને જેમ અમૃતલાગે છે
તેમ તેની શોભા ઘણી જાણે ભુખડી ભાગેછે સુ

કીશોરકમળા—આ વાત નવીન રસ ભરેલી, ગરબો સુ ગવડાવેછે ને ગાયછે માટે તારા અભ્યાસનો પારજ રહ્યો નહી ને યીદ શક્તી પણ ગણી.

ચંદ્રનગવરી- એમ શું આપણે સારા સારા ગ્રંથો વાંચવાને ઘરના ધંધામાં મચી રહેવું એ આપણો ધર્મછે,

સઠારા- પ્યારી ચાલો વખત ઘણો ગયો છે ને મારા પીતાજી તથા માતુંશ્રી ગુસ્સે થશે એની ફીકર મુને ઘણી થાયછે

કાન્તીલાલ—તમારે તમારા મા બાપ ફીકર કરે પણ અમારી કોણ કરે

શકરાસ--ભાઇ જેને કોઇ પણ બાબતની ફીકર નથી તેમાણસ ઘણા ઓછા ખાય છે કારણકે મનુષ્ય જાતે ફીકર

રાખવી અને ન ફીકર હોયતો વીઠુબાની ભકતી કરવી ને એના નામની ફીકર કરવી કે હે વીઠુબા મને દરશન આપે અને આ સંસાર સાગરમાંથી અમને તારો એવી આપના મનમાં કલ્પના કરવી.

કાન્તીલાલ--તુ કહેછે તે ખરી વાત એ અમને ફીકર ન હોય ને એમના નામનુ રટણ તો હર હમેશ યાદ કરૂ છું કે જેથી કરીને આપણો દીવશ સારો જાય ને વેપારમાં ફાયદો થાય ને આપણાં આયુસ્યમાં વધારે થાય એવી હર હમેશ પ્રાર્થનાકરૂછું અને ભાઇ તમારે જવાનો રસ્તો આવ્યો અને હુ મારા ઘર તરફના રસ્તે જાઉછું માટે હવે રજા લઉછુ ને તમે પણ જાવ.

ચંદનગવરી– બહેન કોઇ કોઇ દીવશે મળવા આવજે ને આપણી પ્રીતીમાં વધારો કરજે એમ કહી બધા પોતપોતાને રસ્તે જાયછે ને છેલા જયશ્રીકૃષ્ણ બોલેછે.

સઠદાસ– પ્યારી આપણુ ઘર આવ્યુ ને જો પીતાજી બહારથી જુવેછે.

ચંદનગવરી– હા પ્રાણનાથ તમારી ખરી વાતછે.



બાદશાહ—મનમા મ્હારા બહુ ઊમંગો થાય મહાડને
મલવાને
રાજ પાટ એ જુઠુ જાણુ નથી બીતો હું મરવાને
ભવસાગર તરવાનો રસ્તો મેતો સીધો મોટો
કાયા એતો બન્યો આપણો પાણીનો જેમ પરપોટો
મનમાં
રાજ છોડી તે હું જાવુ મહાડને જોય ખુશી થાવું
એવી મ્હારી મનની કલ્પના તને દામાજી બતાવું
મનમા

દામાજી—ચાલો જંગલની માય અન્નદાતા ચાલો
જંગલની માય
વીઠુબા દર્શન દેશે ત્યાંય વીઠુબા થશે આપણુને સાય
બાદશાહ—દુઃખ સુખનો એ ભાગ લેનારો ભાગી જશે
એ ક્યાંય
દર્શન કરશુ જોઇને ઠરશુ લાગશુ એમને પાય ચાલો

રૈયત—શાય બાદશાહને થાવો તમેરે જલદી
એની મુર્ખાઇદે વઝીરે શાય
લીધા ફકીરીના એણે ભગવા
જીવ કેમ ચાલે રાજપાટ તજવા
નીશાન ચડાવા મહાડને મલવારે શાય

સગાવહાલા ને છોડી કેમ જાયે
તમ રાજના કોણ માલીક થાયે
કેતાજી જીભ હમારી કપાયેરે શાય
કેર વર્તાવ્યો શહેરની માંહી
લાગે અંધ કાર વાદળુ આંહી
કેમ માનતા કોઇનુ નાહીરે શાય

દામાજી તમે મહાડને દેખાડો
સદ માર્ગના વાજા વગાડો
રાજપાટને સંગે લગાડોરે શાય

બા:શાહ—મમ મમ તમ આશા છોડી દો સર્વે પ્રાણી
મહાડ વીના મને લાગે છે ધુળધાણી

ધનપાળશા—બાદશાહ શાહેબ હું તમારૂ આવુ સાંભળી એકદમ આવી પોહોંચ્યોછું કારણ કે ગામમાં તો લોકો હાહા કાર કરી રહ્યાછે ને સૌનુ મન ઉદાસ થઇ રહ્યું તેથી કરીને હું હમારી રૈયતને લઇને આવ્યોછું માટે હમારૂં કહેવું માની જાવ એવી મારી સર્વે જનોની અરજછે ને દામાજી તમે પણ એને સમજાવો જેથી હમને બધાને સારૂ લાગે માટે તમે એવી રીતે કહો કે પાછા રાજં મહેલમાં આવે તો ઘણું સારૂ

દામાજી—એ આવનાર નથી મને એમ લાગેછે ને મહાડ કરીને પોકાર કરેછે માટે હવે શું ઊપાય લેવો ને મારે

જંગલમાં રખડવુંપડશે એકદમ કાંઇ મહાડ આવી દર્શન આપ વાનો નથી એતો કોણ જાણે કયારે મલશે માટે એને શું શમ જાવુ મને કાંઇ દેશ દશા સુજતી નથી ને હવે શું કરૂ ને મ્હારે હવે નોકરી પર જવુ નથી ને મારે રાજપાટ નથી કરવુ નીકલ એતો કહેછેકે રાજપાટનુ કામ ચલાવવા પણ મારૂ મન નથી એમ લાગેછે કે આ સર્વે ખોટુછે જો હવે હું ઝાઝુ શમજાવીશ તો પ્રાણ કાઢવા તતપર થશે માટે તમે બધી વાત એની છોડી દો ને મહમદશા રાજપાટનું કામ ચલાવશે ને ન્યાય પણ એ સારો આવશે એવુ મને લાગેછે ને તમને સર્વે કોઇ પણ બાબતમાં દુઃખ નહી દેય માટે સર્વે શહેરની અંદર જાવ ને હવે હમે જંગલમાં જઇશુ ને વીઠુઆ મહાડનુ નામ ભજશુ બીજી હમને કાંઇ બાબતની કલ્પના નથી રહી માટે તમે સર્વેને એવી હમારી વીનંતીછે

બાદશાહ—મહાડ વીનારે માહરૂ જીવવું છે ધીકાર
દામાજી દેખાડ ને તું લગાડ નહી વાર
જીવ મ્હારો મુંઝાયછે ને નથી સુજતુ કાંઇ
વારે ઘડીએ શું કહું લાવો તમે એને ભાઇ
વૃક્ષ વાડને પુછી કરીને બતાવો મુજને મહાડ
દામાજી દામાજી તુતો જલદી મહાડને દેખાડ

હામાજી—ઝટપટ જલદી કેમ મલેરે મહાડ મને આવાર
સર્વે વસ્તુને પુછતાં કાંઇ મળશે આપણુને સાર
લજીએ તે તજશે નહી તે સાંભળો એમ સરદાર
ઊતાવળે મલતુ નથી કાંઇ મલનારૂ મલનાર

બાદશાહ—આપણે એનો લક્ષ લીધોછે તો તે કેમ ન મળે ને મલ્યા વગર રહે નહી એ મને ખરી ખાત્રીછે કે જેને વાસ્તે આપણે રાજપાટ તજીને સગાવહાલા તજીને આપણે એની ભકતી કરવા આવ્યાછે તો શા વાસ્તે ન મળે માટે આપણે આપણી બનતી કોશીશ કરવી એ આપણો ધર્મછે ને વીઠુબા આપણુને સાહ્યતા કરશે એમ મને આશાછે ને આશા અમરછે ને તમારા મનમાં નક્કી જાણો માટે વીઠુબાનુ સ્મર્ણ કરતા કરતાં જઇએ તો એને કાંઇ ફીકર થશે ને દર્શન આપશે તને કેવી સાહ્યતા કરી તે મે નજરે નજર જોઇ તો આપણુને એ શા માટે નહી મળે.

હામાજી—ધીરજના ફળ મીઠાછે ને એ વીઠુબાને ફીકર છે ને દર્શન આપશે કારણ કે આપણા પુર્વના સંસ્કાર પ્રમાણે મલશે એકદમ ઊતાવળે નહી મળે માટે અગાડી ચાલો આપણે વૃક્ષ ઝાડને તથા પહાડને પુછીને ગમે તેમ કરીને એની ખબર કાઢશુ

બાદશાહ—ભાઇ જેવી ત્હારી મરજી મને તો હવે કાંઇ ગમ પડની નથી પગમાં કાંટા વાગેછે ને તડકે તો આપણ

શરીર કાળુ ભમર પડી ગયુ ને શરીર ઉપરતો જરી કે નુર પણ નથી હવેતો મહાડ મળે તો સારૂ કારણકે આપણે શાક્ષાત ખુદાના દર્શન કર્યા એવુ આપણને લાગશે માટે ભાઇચાલો તુ જ્યાં જશે ત્યાં હું ચાલીને મારી મનની મુરાદ પાર પાડીશ એવી મારી તારી આગળ પાર્થનાછે,.

દામાજી—હજુ સુધી આપણે બહુ રખડયા પરંતુ વીઠુ બા મહાડની ખબર પડતી નથી માટે મને કાંઇ સુજતુ નથી હે વીઠુબા દીનદયાળ શાને આટલી બધી મહેનત કરાવેછે તારો આશરો લઇ આ જગલમાં બહુ ભટકયા તથા વૃક્ષો ને ને પહાડોને પુછીપુછીને થાકી ગયા માટે હવે દર્શન દો તમા રી લીલાનો કાંઇ પાર નથી એવી રીતે હમે સમજીએ છીએ કે સેજે મળો નહી પરંતું આ શેવકની અર્જ સાંભળી દર્શન દો તો ઠીક

બાદશાહ—ભાઇ દામાજી હવે આપણે શુંકરવુ મને કાંઇ ખબર પડતી નથી ને મારૂ શરીર હવે ચાલવાને કહ્યું કરતુ નથી એમ બોલેછે કે તરત વીઠુબા મહાડનો વેશ લઇ બાદશાહને અને દામાજીને દર્શન આપેછે

સંકટ કાપી દર્શન આપી મુકત કર્યા હમને આજ
મનની આશા પુરી કરીને સુધાર્યું અમારૂ કાજ.

બાદશાહ—ભકતીનો મહીમાં,

દામાજી—અપરંમ પાર,

બાદશાહ—ખોટો જાણો મનમાં,

દામાજી—આ સંસાર.

મહાડવીઠુબા—મહા પ્રેમી ભકતો તમારો પ્રેમ જોઇ તેથી કરીને તમારે જે માગવુ હોય તે માગો

દામાજી—આપતો દીનદયાળછો ને સર્વનુ રક્ષણ કરનાર છો તેથી કરીને હમને વીઠલનું સ્વરૂપ જેવુ દર્શન આપો એવી હમારી વીનંતીછે એટલું કહેછે કે તુરત વીઠુબા વીઠલનાથજી નાજેવા ચત્રુભુજ દરશન આપેછે ને કહેછે કે તમે સદા ભક્તી મા હર હમેશ પ્રેમરાખેછો તેવો રાખજો જેથી કરીને તમારી મોક્ષગતી થશે એમ કરી અંતર ધ્યાન થયછે

બાદશાહ—આપણેતો હવે અહીંજ ભક્તી કરવી

દામાજી—ખરી વાતછે એમ કરી વીઠુબાનુ ધ્યાન ધરવા બેશી જાયછેને આખરને છેડે મોક્ષગતી પામેછે માટે ભક્તીનો મહીમા એવોછે

શાન્તિ! શાન્તિ!! શાન્તિ!!!

સમાપ્ત

ભરૂચના જાણીતા ! !

વૈદ વીઠલદાશ નાહાંનાભાઇની બનાવેલી

અકશીર દવાઓ.

બહોળો ફેલાવો પામેલી.

તાવની ચમત્કારી અકશીર ગોળીઓ.

આ ગોળીઓથી કોઇ પણ જાતનો તાવ એટલે રોજી દો એકઆંતરો, દોઢીઓ, ચોથીઓ, ટાઢીઓ, ઉનો, અને હાલના નવા જમાનાના ઉડતા ઝેરી તાવ વીગરેને જડ મુલમાંથી ઉખે ડી નાંખી શક્તિમાં ઘણોજ વધારો કરેછે.

ગોળી ૨૦ની ડબી ૧ રૂ. ૦-૯-૦

દ્રાક્ષારસ.

આ એક અતી ઉત્તમ દવા છે આ દવા સર્વ ગ્રહસ્થો ને ઘરમા રાખવા લાયક આ દવાછે જેમ જુની થાયછે તેમ વધારે ફાયદો આપેછે આ દવા પીવાથી જીર્ણ, જવર, ખાંશી, દમ, કફ, ક્ષય, શરદી, છાતીમાંથી લોહીનુ પડવુ, અરૂચી, કબ જીયત, બગડેલુ લોહી સુધારવામા, સુકાઇ હાડપીંજર જેવા થઇ ગએલા માણસને માંસ અને લોહીની વૃદ્ધિ કરી તાકાદ આપેછે તથા પોષ્ટીક છે એક વખત વાપરવાથી ખાત્રી થશે.

શીશો ૧ ના રૂા. ૧-૮-૦

શક્તિ જીવન યાને ધાતુપુષ્ટી.

આ દવા તદન વનસ્પતિમાંથી બનાવવામાં આવીછે વીર્ય (ધાતુ) જે પ્રાણી માત્રનુ આયુષ્યછે તે કોઇ પણ કારણથી

પાતળુ અથવા ક્ષીણુ થાય ત્યારે અનેક રોગો પેદા થાયછે જે વાંકે વાંસાનુ ફાટવુ, કમરનુ દુખવું, યાદ દાસ્તનુ કમી થવુ, પાચન શકિતનુ કમી થવુ, હાથ પગમાં કલતર થવી, વીગેરે અનેક રોગો ઉત્પન્ન થાયછે. માટે અમારી શક્તિ જીવનની ડબી વાપરવા અમારી ખાશ ભલામણ છે આ દવા ધાતુવિકારના તમામ રોગોને મટાડી પાચન શકિતને વધારી દસ્તને સાફ લાવવામાં મગજને તર કરી સમરણ શકિતને ખીલવવામાં શરીરની શકિત વધારવામાં વીગેરે ગમે તે કારણથી ખરાબ થઇ ગએલ ધાતુને ઘટ કરી ખરૂ પુરષાતન અક્ષે છે.

ડબી ૧ ની કીમત રૂા. ૧—૪—૦

એ શીવાય ખાંશી, ત્રીદોશ, પ્રમેહ. મરડો, જુલાપ, વીગેરે દરેક રોગની દવા મલશે.

સુચના.

૧ દરેક દવા વાપરવાની સુચના ડબી અગર બાટલી સાથે આપવામાં આવશે.

૨ નોટપેટ કાગલ લેવામાં આવશે નહી જવાબ માટે ટીકીટ બીડવી

૩ બહાર ગામ માટે કમીશન એજંન્ટો જોઇએ છીએ,

મળવાના ઠેકાંણા.

સુરત— દીવાન એન્ડ કંપની ભાગાનળાવ.

વડોદરા— ઇશ્વરભાઈ લલુભાઇ ગાંધી પાણીના દરવાજે.

અમદાવાદ— રૂસ્તમજી એન્ડ મરચંન્ટ ત્રણ દરવાજા આગળ

પોરબંદર— ગાંધી રામજી ધનજી હોરી ચકલા

વૈધ વીઠલદાશ નાહાનાભાઇ

ઔશધાલય દવ.ખાનુ વડાપાડા-ભરૂચ.

થોડી મુદતમાં છપાઇ બહાર પડનારૂ પુસ્તક

શ્રી કૃષ્ણનો પરમ ભક્ત

એકનાથ નોવેલ

આ એકનાથ પુસ્તકનુ મુલ્યે આઠ આનાનું આ નાનુ પુસ્તક વૈષ્ણવોને બોધ અને ભક્તી આપનારછે અને દરેક પુરૂષો અને બાનુઓએ વાંચવા મારી ભલામણછે અને એકનાથના કૃષ્ણ પરમાત્માએ કેવા કેવા કામ કરેલાછે તે વાંચવાથી માલમ પડશે તેથી કરીને આવા સદગ્રંથો વાંચવા લાભ ચુકવો નહીં તેથી કરીને પોતાનુ મન હરહમેશ આવા પુસ્તક વાંચવાથી પ્રભુ પર આસ્થા રહે માટે પુસ્તક ખરીદવા ચુકશો નહી

લી. સેવક.

માસ્તર પ્રભુલાલ મણીશંકર વ્યાશ

વેજલપોર.

મહાલક્ષ્મી માતા આગળ.

અમુલ્ય સોનેરી તક

વાજીંત્રોના શોખીનોને માટે

ધી. અરોડા હારમોનીયમ સોપ કંપની.

હમારે ત્યાં દરેક જાતના હારમોનીયમ ફેનશી સારા કીફાયત ભાવે મળશે.

મળવાનુ ઠેકાણુ.

કમીશન એજન્ટ પટેલ આતમારામ નાથજી.

ઠે. સ્વામીનારાયણના મંદીર પાસે

વડોદરા.